Thursday 22, October 2026
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૧૪૧ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫


## દમણમાં ઘુસણખોર બાંગ્લાદેશી મહિલાને ૧૮ માસની કેદ : દેશ નિકાલ કરાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૨૧ :** દમણ જિલ્લાની જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટે બાંગ્લાદેશી મહિલા રૂમા રશીદ ખાતુનને માન્ય પરવાનગી અને પાસપોર્ટ વિના દમણમાં રહેવા અને ડુપ્લિકેટ ભારતીય પાન અને આધાર કાર્ડ રાખવા બદલ દોષિત ઠેરવી છે અને તેણીને ૧૮ મહિનાની જેલ અને રૂા. ૫૦૦ દંડની સજા ફટકારી છે. કોર્ટે તેણીની સજા પૂર્ણ થયા પછી તેણીને બાંગ્લાદેશ દેશનિકાલ કરવાનો પણ આદેશ આપ્યો છે. -પ્રાપ્ત માહિતી અનુસાર, ૨૩ મે, ૨૦૨૫ ના રોજ, નાની દમણ પોલીસ સ્ટેશનના તત્કાલીન અધિકારી, વિશાલ પટેલે નાની દમણ પોલીસ સ્ટેશનમાં આરોપી, રુમા રાશિદ ખાતુન, જે બાંગ્લાદેશના વતની રાશિદ શેખની પત્ની છે, વિરુદ્ધ એફઆઈઆર નંબર ૩૭/૨૫ નોંધી હતી. આરોપી વિરુદ્ધ ભારતીય દંડ સંહિતા (આઈપીસી)ની કલમ ૪૨૦, ૪૬૫, ૪૬૮ અને ૪૭૧, વિદેશી અધિનિયમ, ૧૯૪૬ ની કલમ ૧૪૬અને પાસપોર્ટ અધિનિયમની કલમ ૧૨ હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન, તપાસ અધિકારી પીએસઆઈ હિરલ પટેલને જાણવા મળ્યું કે આરોપી માન્ય પરવાનગી અને પાસપોર્ટ વિના દમણમાં રહેતી હતી. તપાસ દરમિયાન, આરોપી મહિલા પાસેથી તેના ભારતીય આધાર કાર્ડ અને પાન કાર્ડ સંબંધિત ડુપ્લિકેટ દસ્તાવેજો પણ મળી આવ્યા હતા. તેના બાંગ્લાદેશી રાષ્ટ્રીય ઓળખ કાર્ડની નકલ પણ મળી આવી હતી. પીએસઆઈ હિરલ પટેલે તપાસ પૂર્ણ કરી અને ૨૪ જુલાઈ, ૨૦૨૫ ના રોજ કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરી. ટ્રાયલ દરમિયાન ફરિયાદ પક્ષ દ્વારા કુલ ૧૧ સાક્ષીઓ રજૂ કરવામાં આવ્યા હતા. કેસની સુનાવણી બાદ, જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ (JMFC) ઓમકાર કુલકર્ણીની કોર્ટે આરોપીને ભારતીય દંડ સંહિતા (IPC) ની કલમ ૪૨૦, ૪૬૫, ૪૬૮ અને ૪૭૧ અને વિદેશી અધિનિયમ, ૧૯૪૬ ની કલમ ૧૪સી હેઠળ દોષિત ઠેરવ્યો અને તેને ૧૮ મહિનાની કેદ અને રૂા. ૫૦૦ દંડની સજા ફટકારી. સજા ભોગવ્યા બાદ તેને બાંગ્લાદેશ મોકલવાનો પણ આદેશ આપવામાં આવ્યો. આ કેસમાં સરકારી વકીલ શ્રીરામ દેશપાંડેએ ફરિયાદ પક્ષનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

### નવરાત્રી પુરી થતાં જ નારી શક્તિનું ગૌરવ ભુલાયું!

## ચીખલીમાં બે સામે પોક્સો : માટલી વિસર્જન કરીને આવતી સગીરા સાથે અડપલાં

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલીતા.૨૧ :** ચીખલી નજીક આવેલ એક ગામમાં માતાજીની માટલી વિસર્જન કરીને પરત ફરી રહેલ એક સગીર વયની દીકરી સાથે બે શખ્સોએ શારીરિક અડપલા કરતા બનાવને પગલે વિફરેલા ગ્રામજનોએ બે શખ્સોને ઢીબી નાખી ચીખલી પોલીસને સુપ્રત કર્યા હતા પોલીસે બનાવની ગંભીરતાને ધ્યાનમાં લઈ બંને શખ્સોની ધરપકડ કરી પોક્સો એક્ટ મુજબ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. બનાવની પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર ચીખલી નજીક આવેલ એક ગામની કેટલીક મહિલાઓ અને યુવતીઓ માતાજીનું માટલી નું વિસર્જન કરીને રાત્રિના નવેક વાગ્યાના સુમારે પરત ઘરે ફરી રહ્યા હતા તે દરમિયાન અશોક રમેશ વર્મા અને દિનેશ ગોપાલરામ વર્મા બંને હાલ રહે. ખૂંધ પોંકડા તા. ચીખલી ના ઓએ એક સગીર વયની યુવતી સાથે શારીરિક અડપલા કરતા સગીર યુવતીએ આ સમગ્ર ઘટનાની જાણ પોતાની કાકીને કરતા અને ઘટનાની જાણ ગ્રામજનોને થતા ગ્રામજનોએ અડપલા કરનાર બંને શખ્સોને જાહેરમાં જ મેથીપાક આપ્યો હતો તેમ જ બંને આરોપીઓને લઈને વિશાળ સંખ્યામાં એક ટોળું રાત્રિના સમયે ચીખલી પોલીસ સ્ટેશન ખાતે ધસી ગયું હતું બનાવની ગંભીરતાને ધ્યાને લઈ ચીખલી પોલીસે બંને શખ્સોની ધરપકડ કરી પોક્સો એક્ટ મુજબ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## વાપીમાં સરદાર ચોકથી નેહરુ સ્ટ્રીટના રોડનું કામ શરુ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૧ :** વાપી શહેરના મુખ્ય બજાર વિસ્તારને જોડતા માર્ગોને વધુ સુવિધાજનક બનાવવા માટે વાપી મહાનગરપાલિકા દ્વારા માર્ગોના નવીનીકરણની કામગીરી હાથ ધરવામાં આવી છે. જેના ભાગરૂપે સરદાર ચોકથી નેહરુ સ્ટ્રીટ સુધીના માર્ગને ખોદીને નવો બનાવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. આ સાથે રસ્તાની બંને બાજુ વરસાદી પાણી અને ડ્રેનેજના પાણીના નિકાલ માટે આર.સી.સી. ગટર બનાવવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી રહી છે.

વાપીના મુખ્ય બજાર વિસ્તારમાં સરદાર ચોકથી ઝંડા ચોક, સરદાર ચોકથી નેહરુ સ્ટ્રીટ તેમજ બાલમંદિરથી દેસાઈવાડ હનુમાન મંદિર સુધીના માર્ગો પર દિવસ-રાત વાહનોની ભારે અવરજવર રહે છે. આ માર્ગો વેપારી પ્રવૃત્તિઓની દૃષ્ટિએ પણ મહત્ત્વપૂર્ણ હોવાથી અહીં સતત વાહનવ્યવહાર ચાલુ રહે છે. પરિણામે માર્ગની સુવિધા જાળવવી અને ટ્રાફિકની સમસ્યા હળવી કરવી જરૂરી બની છે.

આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને વાપી મહાનગરપાલિકા ના મેયર દક્ષાબેન પટેલ ડેપ્યુટી મેયર મિતેશભાઈ દેસાઈ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સતિષભાઈ પટેલ અને બાંધકામ વિભાગના ચેરમેન તથા મનપાના જવાબદાર અધિકારી દ્વારા રસ્તાનું નવીનીકરણ અને રસ્તાની વચ્ચે ડિવાઈડર તેમજ ટ્રીટ લાઈટ લગાવવાની મંજૂરી મેળવી કામગીરી શરૂ કરવામાં આવી છે જે અંતર્ગત હાલમાં નહેરુ સ્ટ્રીટ માર્ગ પહોળો કરવા, રસ્તાની બંને બાજુ આવેલા દબાણો દૂર કરવા તેમજ જૂના માર્ગને ખોદીને નવેસરથી બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. અગાઉ ચોમાસા પહેલાં સરદાર ચોકથી ઝંડા ચોક સુધીનો માર્ગ નવો બનાવવાની કામગીરી પૂર્ણ કરવામાં આવી હતી. આ માર્ગ પર ગટર લાઈનનું કામ પણ પૂર્ણ કરવામાં આવ્યું છે.

હવે સરદાર ચોકથી નેહરુ સ્ટ્રીટ સુધીના માર્ગને નવો બનાવવાની કામગીરી શરૂ થતાં સ્થાનિક વેપારીઓ અને વાહનચાલકોમાં આગામી દિવસોમાં વધુ સારી માર્ગ સુવિધા મળવાની આશા જાગી છે. માર્ગની બંને બાજુ વરસાદી પાણીના નિકાલ માટે આર.સી.સી. ગટર બનાવવામાં આવતાં ચોમાસા દરમિયાન પાણી ભરાવાની સમસ્યા પણ હળવી થવાની શક્યતા છે.

## બામટીમાં 'મિલેટ્સ ફેસ્ટિવલ' યોજાયો



(દમણગંગા ટાઈમ્સ)

**ધરમપુર, તા. ૨૧ :** ધરમપુર તાલુકાની આદર્શ નિવાસી શાળા, બામટી ખાતે ધારાસભ્ય અરવિંદભાઈ પટેલના અધ્યક્ષસ્થાને NFSM – Nutri Cereal (મિલેટ્સ ફેસ્ટિવલ) કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શ્રી અન્ન (મિલેટ્સ) ના મહત્વ અને પોષણયુક્ત આહાર અંગે જનજાગૃતિ લાવવા માટે એક વિશેષ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું, જેમાં બહોળી સંખ્યામાં લોકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય રોજિંદા જીવનમાં શ્રી અન્નના ઉપયોગને પ્રોત્સાહન આપવાનો અને તેનાથી થતા સ્વાસ્થ્યલક્ષી ફાયદાઓ વિશે લોકોને માહિતગાર કરવાનો હતો. મિલેટ્સ ફેસ્ટિવલના આ કાર્યક્રમ થકી સ્વસ્થ ભારત, સમૃદ્ધ કિસાનના સંકલ્પને વધુ બળ મળ્યું છે.
















## ડાંગના આનંદ આશ્રમમાં દશેરા પર્વે ધ્યાનોત્સવ ઉજવાયો

**દિવ્ય ધ્યાન સધાનમાં સ્વામીજીની સાથે દત્તાત્રેયજીની ટીમે ૪૦ મિનિટના ગહન ધ્યાનનો અલૌકિક અનુભવ કર્યો**





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**આહવા, તા.૨૧ :** દશેરાના પાવન પર્વ નિમિત્તે સુરતથી ડાંગના ગાઢ જંગલો વચ્ચે આવેલી સિદ્ધ ભૂમિ સમાન આનંદ આશ્રમ, ઉખાટિયા ખાતે દિવ્ય ધ્યાન સાધનાનું આયોજન કરવામાં આવ્યું હતું. બે મહિના બાદ આશ્રમની મુલાકાતે આવેલા સાધકોને પ્રકૃતિના ખોળામાં અદ્ભુત શાંતિ અને વિજયાદશમીની આધ્યાત્મિક ઉર્જાનો અનુભવ થયો.

આ પ્રસંગે પરમ પૂજ્ય સ્વામી શ્રી અરુણાનંદ મુનિજીની સાથે શ્રી દત્તાત્રેય મોરે, વિજય મોરે (આહવા), સુનીલભાઈ દેસાઈ (નવસારી), સંજયભાઈ પ્રધાન (નવસારી) અને સ્થાનિક સેવક બુધિયા ડોન (ઉખાટિયા) ઉપસ્થિત રહ્યા હતાં.

દશેરો ફક્ત બહારના રાવણ પર વિજય નથી, પણ અંદરના અહંકાર, વિક્ષેપ અને અશાંતિ પર વિજયનું પ્રતીક છે. એ જ ભાવ સાથે રાત્રે ૮:૦૦થી ૮:૪૦ દરમિયાન લાઈટ-પંખો બંધ કરીને સામૂહિક ધ્યાન કરવામાં આવ્યું.

અનુભવ વર્ણવતા શ્રી દત્તાત્રેયજીએ જણાવ્યું કે, શરીર એક જ સ્થિતિમાં મૂર્તિ સમાન સ્થિર રહ્યું, મન ભટકવાનું બંધ થયું, ખભા અને ગરદનનો દુખાવો સાક્ષીભાવથી જોતા જ ગાયબ થઈ ગયો. ધ્યાન દરમિયાન સૂક્ષ્મ જગતની ચાલવાની અને દરવાજો ખખડાવવાની અવાજો સ્પષ્ટ સંભળાઈ, જે મનની સૂક્ષ્મતાનો પુરાવો છે. જેટલો પ્રભાવ સ્વામીજીનો છે, તેનાથી અનેક ગણો પ્રભાવ આ ભૂમિનો છે. અહીં એકલા બેસવાથી પણ આપોઆપ ધ્યાન લાગી જાય છે.

સ્થાનિક આદિવાસીઓ આ જગ્યાને આજે પણ ધૂણીવાળા બાબાની જગ્યા તરીકે ઓળખે છે. માન્યતા મુજબ ૧૦૦૦ વર્ષ પૂર્વે અહીં ઋષિઓની ટોળી અખંડ તપ કરતી હતી અને તેમનો ધૂણો દિવસ-રાત પ્રજ્વલિત રહેતો. ઋષિકેશના પરમહંસ સ્વામી શ્રી શાશ્વતજીએ દિવ્ય દૃષ્ટિથી કહ્યું હતું કે, તે સમયના તપસ્વી જ આજે સ્વામી અરુણાનંદ મુનિજીના સ્વરૂપે પોતાની જ તપોભૂમિ પર પાછા ફર્યા છે.

આશ્રમના નિર્માણમાં સર્વધર્મ સમભાવનું જીવંત ઉદાહરણ જોવા મળ્યું - એક ખ્રિસ્તી આદિવાસી ભાઈએ પ્રેમથી આશ્રમ માટે જમીનનું દાન કર્યું, જ્યારે ડાંગના રોજગાર અધિકારી અને દત્તાત્રેયજીના મિત્ર એવા મુસ્લિમ સજ્જન શેખ સાહેબે અમેરિકા જતા પહેલા જમીન લેવલિંગ કરાવી આપી અને ફ્રિજનું દાન કર્યું.

આશ્રમ એક ઊંચી ટેકરી પર આવેલો છે જ્યાં ભૂગર્ભશાસ્ત્ર મુજબ પાણી મળવું અશક્ય હતું. બોરિંગ નિષ્ણાતે પડકાર ફેંક્યો હતો કે અહીં પાણી નહીં નીકળે. ૧૮૦ ફૂટ સુધી સૂકી માટી નીકળ્યા બાદ અચાનક પાણીના ફુવારા ફૂટ્યા. આજે તે એક જ બોરમાંથી બે મોટર દ્વારા ૨૪ કલાક પાણી મળે છે, જ્યારે ૩-૪ કિમીના વિસ્તારમાં કરેલા અન્ય ૫-૬ બોર ફેઈલ ગયા છે. અંતમાં સૌએ દશેરા નિમિત્તે વિશ્વમંગલ અને સર્વેના કલ્યાણ માટે પ્રાર્થના કરી હતી.

## ભીનારમાં બાળ આરોગ્ય નિદાન કેમ્પ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાંસદા, તા. ૨૧ :** વાંસદા તાલુકાના ભીનાર (થાણા ડુંગરી) ખાતે શ્રી કૃષ્ણ યુવક મંડળ દ્વારા આયોજિત નવરાત્રી મહોત્સવ દરમિયાન બાળ આરોગ્ય નિદાન કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં સરોજબા બાળકોની હોસ્પિટલ અને ફત્ત્હ વાંસદાના બાળરોગ નિષ્ણાત ડૉ. જયંત (જેકી) પટેલ તથા તેમની ટીમ દ્વારા આજુબાજુનાં ગામનાં આશરે ૧૭૦ બાળકોની આરોગ્ય તપાસ કરવામાં આવી હતી.




આ કેમ્પનો મુખ્ય હેતુ સમાજસેવા સાથે બાળકોના આરોગ્યની તપાસ કરવી અને બાળ આરોગ્ય પ્રત્યે જાગૃતિ લાવવાનો હતો. કેમ્પ દરમિયાન સરોજબા બાળકોની હોસ્પિટલ અને એનઆઈસીયુના બાળરોગ નિષ્ણાત ડૉ.જયંત (જેકી) પટેલ, ડૉ. અપૂર્વ અને ડૉ. પરિમલ અને સરોજબા હોસ્પિટલની ટીમ (સ્ટાફ)દ્વારા બાળકોની તપાસ કરી જરૂરી માર્ગદર્શન તથા દવાઓ આપવામાં આવી હતી.

આ પ્રસંગે મહોત્સવના આયોજક પ્રેમભાઈ (નિવૃત્ત પોલીસ), પ્રમોદભાઈ તથા શ્રી કૃષ્ણ યુવક મંડળ ભીનાર (થાણા ડુંગરી)ના સભ્યો, ગામના સરપંચ જિતેન્દ્રભાઈ પટેલ, વેટરનરી ડૉ. ધર્મેશ ગામીત, શિક્ષક ધર્મેશ પટેલ અને દક્ષેશ પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં. આ સમગ્ર કેમ્પનું સંચાલન જીતેન્દ્રભાઈ (જીતુભાઈ) દ્વારા કરવામાં આવ્યું હતું. આ સરોજબા બાળકોની હોસ્પિટલ અને ફત્ત્હ ની સેવાભાવી પહેલથી બાળકોના આરોગ્ય પ્રત્યે જાગૃતિ ફેલાઈ હતી અને ગ્રામજનોમાં આનંદની લાગણી જોવા મળી હતી.

## આછવણીમાં તાલુકા નિવૃત્ત સેવા કર્મચારી મંડળની સભા મળી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ખેરગામ, તા. ૨૧ :** આછવણી મંદિર ફળિયાના પ્રગટ પ્રગટેશ્વર ધામ ખાતે સૂચિત ખેરગામ નિવૃત્ત કર્મચારી મંડળની સભા પ્રગટેશ્વર ધામના સ્થાપક નિવૃત્ત શિક્ષક પૂજ્ય પરભુદાદાના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવી હતી. જેમાં નવસારીજીલ્લા તથા ચીખલી તાલુકાના મંડળ હાલ જે ચાલે છે જેના મુખ્ય હોદ્દેદારોને આમંત્રિત કરી ખેરગામ મંડળને અસ્તિત્વમા લાવવા કારોબારીની રચના કરવાનો મુખ્ય આશય હતો. જેમા નવરચિત મંડળ ચાલુ કરવા અંગે હોદેદારો પાસેથી માર્ગદર્શન મેળવી આગળની રૂપરેખા તૈયાર કરવામા આવી હતી.

પૂજ્ય પરભુ દાદાએ મંડળની રચનાને આવકાર આપી તમામ નિવૃત્તોને યતકિંચિત ફાળો આપી કર્મચારી મંડળને પગભર થવા



આહવાન કર્યું હતું. સર્વાનુમતે કારોબારી સમિતિની રચના કરવામાં આવી હતી જેમાં પૂ. પરભુ દાદા ઠાકોરભાઈ પટેલ - ઘેજ, ઠાકોરભાઈ એમ પટેલ- પ્રમુખ નવસારી, જગુભાઈ પટેલ, ભીખુભાઈ - મણીભાઈ પટેલ વિ હાજર રહ્યા હતા. સૂચિત મંડળના પ્રમુખ તરીકે અરવિંદભાઈ ગરાસીયા જામનપાડા, અરવિદ પટેલ બંધાડ ફ. ખેરગામ, - ભાણાભાઈ બી. આહીર - ઉપપ્રમુખો, અશ્વિન પટેલ મંત્રી, લક્ષ્મણભાઈ પટેલ ઓડીટર અને બાબુભાઈ બી. આહીરની ખજાનચી તરીકે નિમણૂક થઈ હતી.

આછવણી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના લેપ્રસી આસિસ્ટન્ટ તરીકે ખેરગામ તાલુકામાં સારી સેવા બજાવનારા નિવૃત્ત પંકજકુમાર એમ જાનીઆહેબ દ્વારા મંડળની રચના માટે સૌપ્રથમ રૂા.૫,૦૦૦ની દાન રાશિ તથા ઉપપ્રમુખ અરવિંદભાઈ તરફથી રૂા.૫,૦૦૦ પ્રાપ્ત થયા હતાં. જેને ઉપસ્થિત સૌએ તાળીઓના ગડગડાટથી વધાવી હતી. બીજા સભ્યોએ સ્વૈચ્છિક દાન આપતા રકમ રૂા.૧૬,૦૦૦નો આંક વટાવી ગઈ હતી. પૂજ્ય પરભુ દાદા તરફથી સૌ ઉપસ્થિતોને મહાપ્રસાદ અપાયો હતો અને પ્રમુખ અરવિંદભાઈ ગરાસીયાએ પૂજ્ય પરભુ દાદાનો હોલ આપવા તથા પ્રીતિ ભોજન કરાવવા બદલ આભાર વ્યક્ત કરી સૌને પણ ધન્યવાદ આપ્યા હતા.

## સુપ્રભાતમ્

### આજનું પંચાગ

**તા.** ૨૨-૧૦-૨૦૨૬, **વાર :** ગુરૂવાર **તિથિ :** આસો સુદ, અગિયારશ, **સૂર્યોદય :** ૦૬ : ૪૩ **સૂર્યાસ્ત** ૦૬ : ૦૪, **ચંદ્રોદય** - ૦૩:૩૬ **ચંદ્રાસ્ત** - ૦૩:૪૧ **ચંદ્ર રાશિ :** કુંભ, **નક્ષત્ર** - શત તારકા

### આજનું રાશિભવિષ્ય

**મેષ (અ, લ, ઈ) :** નાણાકીય નિર્ણયોમાં આત્મવિશ્વાસ જણાશે. સૂર્ય અને બુધ તમારી રાશિમાં હોવાથી કાર્યક્ષેત્રમાં તમારી વાણીનો પ્રભાવ વધશે અને નવી ઓળખ મળશે.

**વૃષભ (બ, વ, ઉ) :** આજના દિવસે અચાનક મોટો ખર્ચ થવાની સંભાવના છે, તેથી બજેટ પ્રત્યે સાવધ રહેવું.

**મિથુન (ક, ઘ, ચ) :** ઓફિસ કે વેપારમાં વરિષ્ઠ અધિકારીઓનો સહયોગ મળશે. તમારી રાશિમાં મંગળ હોવાથી કમાણી વધારવાના પ્રયાસો ઝડપી બનશે.

**કર્ક (ડ, હ) :** નાણાકીય બાબતો અને ભવિષ્યની યોજનાઓને ગુપ્ત રાખવી વધુ ફાયદાકારક રહેશે.

**સિંહ (મ, ટ) :** ઓફિસ અને કરિયરમાં પોતાની જવાબદારીઓ જાતે સંભાળવાની ઈચ્છા થશે.ચંદ્ર તમારી જ રાશિમાં હોવાથી આત્મવિશ્વાસ વધશે.

**કન્યા (પ, ઠ, ણ) :** આર્થિક બાબતોમાં વધારે સતર્કતા રાખવી જરૂરી છે. તમારા કામમાં ચોકસાઈ અને સફાઈ જાળવવાનો આગ્રહ રાખશો.

**તુલા (ર, ત) :** તમારી રાશિના સ્વામી શુક્ર બપોર પછી તમારી જ રાશિમાં પ્રવેશ કરી રહ્યા હોવાથી આર્થિક નિર્ણયો અને સંબંધોમાં સારો તાલમેલ જોવા મળશે.

**વૃશ્ચિક (ન, ય) :** શનિની સ્થિતિને કારણે જૂના અટકેલા કાર્યો કે દસ્તાવેજોની ફરી તપાસ કરવી જરૂરી બનશે.

**ધન (ભ, ધ, ફ, ઢ) :** સમજી-વિચારીને કરેલું રોકાણ ભવિષ્યમાં મોટો લાભ આપી શકે છે.

**મકર (ખ, જ) :** આજના દિવસે પરિવાર અને કામકાજ વચ્ચે સંતુલન જાળવવું પડશે.પ્રભાવ વધશે અને નવી ઓળખ મળશે. આર્થિક બાબતોમાં વધારે સતર્કતા.

**કુંભ (ગ, સ, શ, ષ) :** તમારી બૌદ્ધિક ક્ષમતા અને નવી વિચારસરણીને કારણે કાર્યક્ષેત્રમાં લાભ થશે.

**મીન (દ, ચ, થ, ઝ) :** કાર્યક્ષેત્રમાં ધીરજ અને સમજદારીથી કામ લેવું.ગુરુના પ્રભાવથી ભવિષ્ય પ્રત્યેનો ભરોસો અને આત્મવિશ્વાસ મજબૂત થશે.

## બહેજના સ્વયંભુ મા રૂપાભવાની મંદિરે યજ્ઞમાં મોટી સંખ્યામા ભકતો જોડાયા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ખેરગામ, તા.૨૧ :** ખેરગામ તાલુકામાં બહેજ ગામે સુંદર તળાવ કિનારે બનેલા પ્રાચીન સ્વયંભૂ મા રૂપાભવાની મંદિરના પ્રાંગણમાં નવરાત્રી દરમિયાન ક્રિષ્ના બિટ્સ ના સુર તાલમાં ૯ નવ દિવસ સુધી હજારો યુવા હૈયા ખેલૈયાઓ મોડી રાત સુધી હિલોળે ચઢી માતાજીની ભક્તિમાં ઝુમ્યા. ખેરગામ તાલુકામાં સૌથી વધુ ખેલૈયાઓ અને રમઝટ રૂપા ભવાનીના પ્રાગણમાં થતી હતી.

જય રૂપા ભવાની યુવક મંડળ બહેજ દ્વારા આયોજિત પરંપરાગત દર વર્ષની જેમ આ વર્ષે પણ ભવ્ય આયોજન થયું. માતાજીની આઠમે પારસી પરિવાર જરબાનુ અને ખુશરો દારૂવાળા તરફથી માતાજીનો ચડાવો ચડાવવામાં આવ્યો હતો. માજી જિલ્લા પંચાયત પ્રમુખ ભીખુભાઈ આહીર- રાજેશ પટેલ, શંકરભાઈ પટેલ, અશોકભાઈ, અનિલભાઈ મરચાવાળા ગણેશભાઈ, નારણભાઈ, હર્ષદભાઈ વગેરે દ્વારા ખૂબ જ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. દુર્ગાષ્ટમીના દિવસે મંદિરના પૂજારી રજનીકાંતભાઈ દ્વારા થયેલા યજ્ઞમાં સેંકડો શ્રીફળ હોમાયા અને ૧૧ વાગ્યાથી સાજના ચાર વાગ્યા સુધી ચાલેલા મહાપ્રસાદમાં ૫,૦૦૦થી વધુ માઈ ભક્તોએ પ્રસાદ લીધો હતો. દર પુનમે પણ બપોરે ૧૦૦૦ની આસપાસ ભક્તોને મહાપ્રસાદ આપવામાં આવે છે. નવે નવ દિવસ કેબિનેટ મંત્રી અને ધારાસભ્ય નરેશભાઈ પટેલ ભુરાભાઈ શાહ વિગેરે સહિત અનેક મહાનુભાવો ગરબાની રમઝટમાં ઉપસ્થિત રહી માતાજીની આરતી પણ ઉતારી હતી. યુવક મંડળ સૌ સહભાગી થનારાનો આભાર વ્યક્ત કરે છે.

## નવસારીમાં જિલ્લા કલેકટર દ્વારા વિવિધ સમિતિઓની બેઠકો યોજાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નવસારી, તા. ૨૧ :** જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાનીના અધ્યક્ષસ્થાને જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક, કાયદો અને વ્યવસ્થા, ધાર્મિક દબાણો હટાવવા તથા કોસ્ટલ સિક્યોરિટી, બાળમજૂરી નાબૂદી, ખાણ અને ખનીજ સહિતની તબક્કાવાર બેઠકો જિલ્લા કલેક્ટર કચેરી ખાતે યોજાઈ હતી. બેઠકમાં જિલ્લા કલેક્ટરએ વિવિધ પ્રશ્નો બાબતે વિસ્તૃત ચર્ચા કરીને તેના નિકાલ અંગે સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપી હતી.



બેઠકમાં કલેક્ટરએ વિતેલા મહિનાઓ દરમિયાન વિવિધ ગામોની મુલાકાત વખતે ગ્રામજનો દ્વારા શાળાના ઓરડા બનાવવા, આંગણવાડીની જગ્યા, પંચાયત ભવનો સહિતના રજૂ થયેલા પ્રશ્નો બાબતે વિસ્તૃત ચર્ચા કરી હતી. આ ઉપરાંત ટપાલ, રૂબરૂ કે ઈમેલથી આવેલ વિવિધ રજૂઆતોની વિસ્તૃત સમીક્ષા કરી જે તે અધિકારીઓને યોગ્ય કાર્યવાહી કરવાની સૂચના આપી હતી. આ ઉપરાંત ખોરાક અને ઔષધ નિયમનતંત્ર દ્વારા સપ્ટેમ્બર મહિના દરમિયાન એન્ફોર્સમેન્ટના ૧૬ સેમ્પલો તથા ૩૮ સર્વેલન્સ સેમ્પલો લેવામાં આવ્યા હોવાની વિગતો અધિકારીએ આપી હતી. જ્યારે કાનૂની માપવિજ્ઞાન અને ગ્રાહક સુરક્ષા અધિકારી દ્વારા સપ્ટેમ્બર મહિના દરમિયાન ૪૪૧ દુકાનોમાં તપાસણી કરાવવામાં આવી હતી. જેમાં વજનમાપના તથા પી.સી.આર.ના ૧૨ કેસો કરીને રૂ. ૧૫ હજારની દંડનીય કાર્યવાહી કરવામાં આવી હોવાનું ગ્રાહક સુરક્ષા અધિકારીએ જણાવ્યું હતું. શ્રમ અધિકારીએ ટાસ્ક ફોર્સની બેઠકમાં તા.૨૩મી સપ્ટેમ્બરે પાંચ સંસ્થાઓમાં રેડ કરવામાં આવી હોવાની વિગતો આપી હતી. ખાણ અને ખનીજ વિભાગ દ્વારા સપ્ટેમ્બર મહિના દરમિયાન કરવામાં આવેલી કામગીરીની વિગતો ભૂસ્તરશાસ્ત્રીએ આપી હતી.

બેઠકમાં જિલ્લા પંચાયતના પ્રમુખ નિરાલીબેન નાયક, જિલ્લા વિકાસ અધિકારી કાર્તિક જીવાણી, વાંસદા પ્રાયોજના વહીવટદાર સ્વપ્નિલ સિસેલ, જિલ્લા પોલીસ અધિક્ષક રાહુલ પટેલ, નિવાસી અધિક કલેક્ટર જે.એન. લિખિયા, પ્રાંત અધિકારીઓ, મામલતદારો, તાલુકા વિકાસ અધિકારીઓ તથા અન્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

## દમણ રેડિયો

**102.3 FM**

**ગુરૂવાર**

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન.

## આહવા સરકારી ચિલ્ડ્રન હોમમાં આપત્તિ વ્યવસ્થાપન તાલીમ કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**આહવા, તા. ૨૧ :** જિલ્લા સમાજ સુરક્ષા કચેરી અને જિલ્લા બાળ સુરક્ષા એકમ (DCPU), ડાંગ-આહવાના સંયુક્ત ઉપક્રમે સરકારી ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ, PWD કોલોની, આહવા ખાતે આપત્તિ વ્યવસ્થાપન વિષય પર વિશેષ તાલીમ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

આપત્તિ કોઈ પણ સમાજ, જાતિ, ધર્મ કે પદ જોઈને નથી આવતી તે ગમે તે સમયે અને ગમે તે સ્થળે આવી શકે છે. આવી કટોકટીભરી પરિસ્થિતિમાં વ્યક્તિ પોતાની સુબુદ્ધિ, સમયસૂચકતા અને આસપાસ ઉપલબ્ધ વસ્તુઓનો યોગ્ય ઉપયોગ કરીને પોતાનો તેમજ અન્યોનો જીવ જોખમમાંથી કેવી રીતે બચાવી શકે, તે અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવાના હેતુથી આ તાલીમ યોજવામાં આવી હતી. જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી એન. ડી. ચૌધરીના માર્ગદર્શન હેઠળ આયોજિત આ કાર્યક્રમમાં જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન એકમ, ડાંગના જિલ્લા પ્રોજેક્ટ ઓફિસર ચિંતન પટેલે ઉપસ્થિત રહી સંસ્થાના અંતેવાસી બાળકો તથા સ્ટાફને આપત્તિના પ્રકારો, આગ કે કુદરતી હોનારત સમયે રાખવાની સાવચેતી અને રાહત-બચાવ કામગીરી અંગે ઉપયોગી માહિતી આપી હતી. આ તાલીમ સત્રમાં CWC ચેરમેન તથા સભ્યઓ, JJB સભ્યઓ, SDO, DCPU તેમજ CCI સ્ટાફ, સરકારી ચિલ્ડ્રન હોમના અંતેવાસી બાળકો, અધિકારીઓ-કર્મચારીઓ તથા ચાઈલ્ડ હેલ્પલાઈન-૧૦૯૮ની ટીમે ભાગ લઈ જીવનરક્ષક માહિતી મેળવી હતી.

## ચીખલીમાં રૂા. ૩૦.૭૭ કરોડના વિકાસકાર્યોનું ખાતમુર્હત કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નવસારી, તા. ૨૧ :** રાજ્યના આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલના હસ્તે ચીખલી તાલુકાનાં વિવિધ ગામોમાં અલગ-અલગ સરકારી યોજનાઓ હેઠળ કુલ રૂા. ૩૦.૭૭ કરોડના ખર્ચે હાથ ધરાનારા ૫૭ જેટલાં વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. રસ્તા, પુલ, આંગણવાડી કેન્દ્રોના નવા મકાનો તેમજ પ્રાથમિક શાળાઓમાં નવા વર્ગખંડોના બાંધકામ સહિતના આ વિકાસકાર્યોથી આદિજાતિ વિસ્તારોમાં પાયાની સુવિધાઓ વધુ સુદૃઢ બનશે.



આ પ્રસંગે આદિજાતિ વિકાસ મંત્રીએ જણાવ્યું હતું કે, આદિજાતિ વિસ્તારોમાં પાયાની માળખાગત સુવિધાઓનો વિકાસ કરી ગ્રામ્ય નાગરિકોને વધુ સારી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવી એ સરકારની પ્રાથમિકતા છે. લોકસભાના દંડક અને સાંસદ ધવલભાઈ પટેલે જણાવ્યું હતું કે, સરકારની વિવિધ વિકાસ યોજનાઓના અસરકારક અમલીકરણથી ગ્રામ્ય વિસ્તારોમાં પાયાની સુવિધાઓનો વ્યાપ વધશે. ચીખલી તાલુકાના જોગવાડ, કાંગવઈ, રાનવેરી કલ્લા, રાનવેરી ખુર્દ, ખરોલી, કૂકેરી, દોણજા, હરણગામ, સાદડવેલ, ફડવેલ, આમધરા, કલીયારી, મોગરાવાડી, આબાપાડા, રૂમલા, પ્રધાનપાડા, ઘોલાર, અગાસી, ગોડથલ, માંડવખડક અને મીયાંઝરી સહિતનાં ગામોમાં રોડ-રસ્તા, આંગણવાડી, ભોજનાલય સહિતના વિવિધ વિકાસકાર્યોનું ભુમિપુજન સંપન્ન થયું હતું.

આ પહેલથી બાળકોના સર્વાંગી વિકાસ માટે વધુ સાનુકૂળ વાતાવરણ ઊભું થશે.

આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ નિરાલીબેન નાયક, બાંધકામ સમિતિના અધ્યક્ષ કૌશિકભાઈ પટેલ, તાલુકા પંચાયત પ્રમુખ રસ્મિકાબેન પટેલ, પંચાયત વિભાગના કાર્યપાલક ઈજનેર કે. એમ. પટેલ, નાયબ કાર્યપાલક ઈજનેર ગૌરાંગ રામાણી, મયંકભાઈ પટેલ, તાલુકા અને જિલ્લા પંચાયતના સભ્યઓ, સરપંચઓ સહિત અન્ય મહાનુભાવો, સ્થાનિક આગેવાનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતાં.

## ડાંગ જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતીની બેઠક યોજાઈ

(દમણગંગા ટાઈમ્સ)

**આહવા, તા. ૨૧ :** ડાંગ જિલ્લા કલેકટર એન.ડી. પરમારના અધ્યક્ષ સ્થાને આજરોજ નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતીની બેઠક યોજવામાં આવી હતી. જિલ્લા કલેકટર કચેરી ખાતે યોજાયેલ બેઠકમાં સરકારના વખતો વખત છરાવ/નીતી મુજબ વાજવી ભાવની દુકાન ખોલવાની સમીક્ષા અને ભલામણ અંગે ચર્ચા કરવામાં આવી હતી. જેમાં ગત બેઠકમાં લેવાયેલ નિર્ણય અંગે થયેલ કામગીરીની સમિક્ષા કરવામાં આવી હતી. સાથે કેશબંધ ગામે નવી વાજવી ભાવની દુકાન ખોલવા, પંડિત દીનદયાળ ગ્રાહક ભંડાર, કુશમાળનું સ્થળ ફેર કરવા, ખાંજુર્ણા અને ધુલદા ગામે બ્રાન્ચ એફ.પી.એસ શરૂ કરવા, તેમજ બેહડુન ગૃપ ગ્રામ પંચાયત વિસ્તારમાં વધારાનું પંડિત દીન દયાળ ગ્રાહક ભંડાર મંજુર કરવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત અન્ન સલામતિ કાયદા અન્વયે પુરવઠાની ઉપલબ્ધી અંગે સમીક્ષા કરવામાં આવી હતી. તેમજ અન્ન સલામતી કાયદો - ૨૦૧૩ હેઠળ અંત્યોદય અને અગ્રતા ધરાવતા કુટુંબોને મળવાપાત્ર જથ્થાની સમીક્ષા કરવામાં આવી હતી.

## સુડોકુ નં.૧૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 6 | 8 | | | | | |
| 9 | | | 7 | 1 | | | 3 | |
| | | | | | | 9 | 2 | 7 |
| | 8 | | | | | 1 | | |
| | 5 | 4 | 9 | | 2 | 3 | 6 | |
| | | 3 | | | | | 4 | |
| 5 | 1 | 9 | | | | | | |
| | 7 | | | 5 | 6 | | | 1 |
| | | | | | 8 | 4 | | |

અહીં એક ચોકઠું આપ્યું છે
જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૧૩નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 9 | 5 | 7 | 1 | 3 | 8 | 6 | 4 | 2 |
| 8 | 1 | 4 | 2 | 7 | 6 | 3 | 9 | 5 |
| 2 | 6 | 3 | 4 | 5 | 9 | 7 | 8 | 1 |
| 1 | 4 | 8 | 9 | 6 | 5 | 2 | 7 | 3 |
| 7 | 3 | 9 | 8 | 2 | 1 | 4 | 5 | 6 |
| 5 | 2 | 6 | 3 | 4 | 7 | 8 | 1 | 9 |
| 4 | 7 | 1 | 6 | 9 | 3 | 5 | 2 | 8 |
| 3 | 8 | 5 | 7 | 1 | 2 | 9 | 6 | 4 |
| 6 | 9 | 2 | 5 | 8 | 4 | 1 | 3 | 7 |

### વલસાડ જિલ્લા પુરવઠા સલાહકાર સમિતિની બેઠક મળી

## વલસાડ જિલ્લામાં બંધ પડેલી વાજબી ભાવની દુકાનો શરુ કરવા ચર્ચા કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૧ :** વલસાડ જિલ્લા પુરવઠા સલાહકાર સમિતિની બેઠક કલેક્ટર નિતિન સાંગવાનના અધ્યક્ષ સ્થાને કલેકટરાલયના સભાખંડમાં મળી હતી. જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન પટેલ, ધારાસભ્યો સર્વે રમણલાલ પાટકર, જીતુભાઇ ચૌધરી, ભરતભાઇ પટેલ, અરવિંદભાઇ પટેલ સહિત પદાધિકારીઓ/અધિકારીઓની ઉપસ્થિતિમાં યોજાયેલી બેઠકમાં બંધ પડેલી વાજબી ભાવની દુકાન શરૂ કરવા ચર્ચા કરવામાં આવી હતી. વાજબી ભાવની દુકાન વલસાડ તાલુકામાં ભાગડાવાડા, ગોરગામ-૨, માલવણ, ઉમરગામ તાલુકામાં ખતલવાડા-૪, પારડી તાલુકામાં સોનવાડા, ડુમલાવ માટે અરજીઓ મંગાવવામાં આવી હતી. જેમાં રાજય સરકારના નિયત ધારાધોરણ મુજબ પાત્રતા ધરાવતા ઉમેદવારોની અરજીઓ પ્રથમ, બીજો અને તૃતિય ક્રમ મુજબ મંજુર કરવામાં આવી હતી. જયારે ખતલવાડા પંડિત દિન દયાળ ગ્રાહક ભંડાર માટે ત્રીજા પ્રત્યનમાં એક જ અરજી મળી હતી. જેમાં શૈક્ષણિક લાયકાત એસ.એસ.સી. હોય, સરકારમાં દરખાસ્ત કરવા સર્વાનુંમતે નિર્ણય લેવાયો હતો. બેઠકમાં રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદા-૨૦૧૩ મુજબ અત્યોદય અને અગ્રતા ધરાવતા કુટુંબોને અનાજમાં ઘંઉ, જુવાર, ચોખા, બાજરી અને મકાઇ ફાળવણી કરવામાં આવે છે. આ વિસ્તારમાં બાજરી ખાવાનું ચલણ ન હોઇ, બાજરીના સ્થાને અન્ય અનાજ ફાળવવા બાબતે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. વાજબી ભાવની દુકાન ધારકો દ્વારા જરૂરતમંદ લોકોને કેટલું અનાજ મળે છે. તેની રસીદ આપતાં કોરા કાગળ પર અનાજની વિગતો આપવામાં આવતી હોવાની રજુઆતને ધ્યાને લઇ, કલેકટરે આવી બાબતો ધ્યાને આવશે તેવા દુકાનદાર સામે કડક પગલાંઓ લેવા પણ સુચના આપી હતી. બેઠકનું સંચાલન જિલ્લા પુરવઠા અધિકારી કૌશિક જાદવે કર્યું હતું.

## ગોઈમા ગરબા મહોત્સવમાં જિ.પં. પ્રમુખ અને વાપી મનપાના મયેરનું સ્વાગત કરાયું





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૨૧ :** ગોઈમા ખાતે યોજાયેલા સાર્વજનિક ગરબા મહોત્સવમાં વલસાડ જિલ્લા પંચાયતનાં પ્રમુખ હેતલબેન જિતેશભાઈ પટેલ અને વાપી મહાનગર પાલિકાનાં મેયર દક્ષાબેન રાજેશભાઈ પટેલનું જલારામ ભક્ત મંડળ, કોળી સમાજ તથા ગોઈમા ગામના ભક્તજનો દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન પટેલે પોતાના સંબોધનમાં ભારતીય સંસ્કૃતિ અને ગરબાના મહત્ત્વ વિશે વાત કરી હતી. ભારતીય સંસ્કૃતિના જતન અને સંવર્ધન માટે ભારત સરકાર તથા ગુજરાત સરકાર દ્વારા આપવામાં આવતા પ્રોત્સાહન બદલ તેમણે સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો. વાપી મહાનગરપાલિકાનાં મેયર દક્ષાબેન પટેલે માતાજી અંબાને પ્રાર્થના કરતાં સૌના જીવનમાં સુખ, સંપત્તિ, સમૃદ્ધિ અને ખુશીઓ આવે તેવી શુભકામનાઓ પાઠવી હતી.

આ પ્રસંગે પૂર્વ જિલ્લા પંચાયત સભ્ય અને નાનાપોઢા તાલુકા પ્રભારી શૈલેશકુમાર રઘુભાઈ પટેલે વિવિધ ક્ષેત્રના મહાનુભાવોને ગરબા મહોત્સવમાં આમંત્રિત કરીને કાર્યક્રમની શોભામાં અભિવૃદ્ધિ થાય તેવા પ્રયાસો કર્યા હતાં. આમંત્રિત મહાનુભાવોમાં ગુજરાત રાજયના નાણામંત્રી કનુભાઈ દેસાઈ, પૂર્વ મંત્રી અને ધારાસભ્ય જીતુભાઈ ચૌધરી, વાપી મહાનગરપાલિકાનાં મેયર દક્ષાબેન પટેલ, વલસાડ જિલ્લા પંચાયતનાં પ્રમુખ હેતલબેન પટેલ, નાનાપોંઢા ચિરંજીવી હોસ્પિટલના ડૉ. દિવ્યેશભાઈ ચૌધરી, તાલુકા પંચાયતનાં પ્રમુખ કિન્નરીબેન પટેલ, ઉપપ્રમુખ હિરેનકુમાર પટેલ, જિલ્લા પંચાયતનાં સભ્ય અદિતબેન પટેલ, તાલુકા પંચાયતનાં સભ્ય સેજલબેન પટેલ તથા ડેપ્યુટી સરપંચ મિતેશભાઈ પટેલ સહિતના મહાનુભાવોનો સમાવેશ થયો હતો. કાર્યક્રમને સફળ બનાવવા જલારામ ભક્ત મંડળના પ્રમુખ ભૂપેશકુમાર પટેલ તથા કૌશિકભાઈ, ભાવેશભાઈ, ધનસુખભાઈ, હરેશભાઈ અને સંજયભાઈ પટેલ સહિત મંડળના સભ્યો, કોળી સમાજના આગેવાનો, ગોઈમા ગામના ભક્તજનો તથા વિવિધ મંડળોના કાર્યકરોએ ભારે જહેમત ઉઠાવી હતી.

## બગવાડા હાઈ.માં શિક્ષક સુભાષભાઈ પટેલનો વિદાય સમારંભ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૧ :** શ્રી બગવાડા પરગણા જૈન એજ્યુકેશન સોસાયટી સંચાલિત શેઠ જી.એચ. એન્ડ ડી.જે. હાઈસ્કૂલ, બગવાડા ખાતે શિક્ષક સુભાષભાઈ પટેલની વયનિવૃત્તિ નિમિત્તે શુભેચ્છા સહ વિદાય સમારંભ યોજાયો હતો. આ પ્રસંગે શાળા સંચાલક મંડળના સભ્યો, ભૂતપૂર્વ આચાર્ય, શિક્ષકગણ અને પરિવારજનો ઉપસ્થિત રહી તેમની શૈક્ષણિક સેવાઓને બિરદાવી નિવૃત્ત જીવન માટે શુભકામનાઓ પાઠવી હતી. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી થઈ હતી. શાળાનાં આચાર્યા અલ્પાબેન નાયકે સૌનું સ્વાગત કર્યું હતું. સંચાલક મંડળના ઉપપ્રમુખ ઉજેશ ભાઈ શાહ, ટ્રસ્ટી હાર્દિક શાહ, ભૂતપૂર્વ આચાર્ય જે.એલ. શાહ અને માનદ્ મંત્રી દિનેશભાઈ શાહે સુભાષભાઈને શુભેચ્છાઓ પાઠવી હતી. શિક્ષક શૈલેષભાઈ પટેલ અને નરેન્દ્રભાઈ રોહિતે પણ પોતાના પ્રતિભાવો રજૂ કર્યા હતાં. સુભાષભાઈના મોટાભાઈ ગુલાબભાઈ પટેલ, પુત્રી સોહિનીબેન અને ભાણેજ ડૉ. પ્રજ્ઞાબેને લાગણીસભર સંસ્મરણો રજૂ કર્યા હતાં.

આ પ્રસંગે સંચાલક મંડળ દ્વારા સુભાષભાઈને શાલ અને શ્રીફળ અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. આચાર્યા અલ્પાબેન નાયકે સન્માનપત્ર અર્પણ કર્યું હતું, જ્યારે શાળા સ્ટાફ દ્વારા સ્મૃતિભેટ આપી તેમનું અભિવાદન કરવામાં આવ્યું હતું. શાળાના પ્રમુખ કેતનભાઈ શાહ સહિત અન્ય હોદ્દેદારોએ સંદેશ દ્વારા શુભેચ્છાઓ પાઠવી હતી. સુભાષભાઈ પટેલે પોતાના શૈક્ષણિક જીવનના અનુભવો અને શાળા સાથે જોડાયેલી યાદો વાગોળી હતી. અંતે શિક્ષિકા શ્રીમતી મંજુલાબેને આભારવિધિ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શિક્ષક ભાવેશ ભટ્ટે કર્યું હતું.

## દમણના નેતા વિશાલ ટંડેલે વાપી ગાયત્રી મંડળની મુલાકાત લીધી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૧ :** વાપીના સૌથી જૂના ગાયત્રી મંડળની દમણના અગ્રણી ભાજપ નેતા વિશાલ ટંડેલે રવિવારે મુલાકાત લીધી હતી.

ઉલ્લેખનીય છે કે, વાપી ગાયત્રી મંડળની શરૂઆત દમણના સ્વ. ગોપાલભાઈ એન. ટંડેલની પ્રેરણા અને આર્થિક સહયોગથી થઈ હતી. તેમના જ પૌત્ર વિશાલભાઈ ટંડેલે નવરાત્રીના અંતિમ દિવસે તેમના સાથી મિત્રો હિરેનભાઈ જોશી, જયંત મહાપાત્રા સાથે મંડળની મુલાકાત લીધી હતી.

આ પ્રસંગે મંડળના સભ્યો રાજુભાઈ રાણા સહિતના સભ્યોએ પુષ્પગુચ્છથી તેમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. મંડળના શ્રીપદભાઈ સોનીએ મંડળનો ઈતિહાસ વર્ણવ્યો હતો અને વિશાલભાઈના દાદા સ્વ. ગોપાલભાઈ સહિત દાતાઓ અને સભ્યોના યોગદાનને બિરદાવ્યું હતું. વિશાલ ટંડેલે પોતાના વક્તવ્યમાં મંડળનો આભાર વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, મારા દાદાના સંસ્કાર અને સંસ્કૃતિ થકી મારું લેણું આ મંડળ સાથે છે. છતાં અહીં આવતા મોડુ તે બદલ માફી માંગી તેઓ હંમેશા આ મંડળ અને તેના સભ્યો સાથે જોડાયેલા રહેશે અને જરૂરી તમામ મદદ કરવા તત્પર રહેશે તેવી ખાતરી આપી હતી. આ પ્રસંગે તેમણે સાથી મિત્રો સાથે માતાજીની આરતી ઉતારી, ગરબા ગાઈ ધન્યતા અનુભવી હતી.

## હાલર વશી ફળિયામાં પ્રાચીન ગરબાની પરંપરા જીવંત રહી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૧ :** વલસાડના હાલર વશી ફળિયામાં વર્ષોથી પ્રાચીન ગરબાની પરંપરા જળવાઈ રહી છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ પ્રાચીન ગરબામાં મોટી સંખ્યામાં બાળકોએ અને મહિલાઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. પરંપરા, સંસ્કૃતિ અને ધાર્મિક આસ્થાના સમન્વય સાથે યોજાયેલા આ ગરબામાં વિવિધ આકર્ષક વેશભૂષા દ્વારા ભારતીય સંસ્કૃતિની સુંદર ઝલક રજૂ કરવામાં આવી હતી. આ ગરબામાં નવરાત્રિ દરમિયાન માતાજીનાં નવ સ્વરૂપો, મહિલા ક્રિકેટરો, બંગાળી પોશાક, કાઠિયાવાડી મહિલા તેમજ જલારામ બાપા જેવા ધાર્મિક, ઐતિહાસિક અને આધુનિક પાત્રોની વેશભૂષા ધારણ કરીને બાળકોએ અને મહિલાઓએ પોતાની કળા અને ઉત્સાહનું સુંદર પ્રદર્શન કર્યું હતું.પરંપરાગત વેશભૂષા સાથે પ્રાચીન ગરબાની રમઝટે સમગ્ર વાતાવરણને ભક્તિમય અને ઉત્સવમય બનાવ્યું હતું. આ આયોજન માત્ર ધાર્મિક ઉત્સવ પૂરતું સીમિત ન રહેતાં નવી પેઢીને ભારતીય સંસ્કૃતિ, પરંપરા અને મહાન વ્યક્તિત્વોનો પરિચય કરાવવાનું માધ્યમ પણ બન્યું હતું.હાલર વશી ફળિયાના પ્રાચીન ગરબા આજે પણ સામાજિક એકતા, સાંસ્કૃતિક વારસો અને પરંપરાગત ઉત્સવો પ્રત્યેની લોકોની અતૂટ શ્રદ્ધાનું પ્રતીક બની રહ્યા છે. બાળકો અને મહિલાઓની ઉત્સાહભરી ભાગીદારીએ આ પરંપરાને વધુ જીવંત બનાવી છે.

## વલસાડમાં દિકરી પૂજન મહોત્સવ ઉજવાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૧ :** જગજનની માં અંબાની આરાધનાના પર્વ નવરાત્રીના નવમા નોરતે વલસાડ સ્થિત પ્રસિદ્ધ સિદ્ધનાથ ભીડભંજન મહાદેવ મંદિર ખાતે એક અનોખો અને ભાવસભર દીકરી પૂજન કાર્યક્રમ યોજાયો હતો. હિન્દુ સંસ્કૃતિમાં કન્યાઓને સાક્ષાત દેવીસ્વરૂપ માનવામાં આવે છે, ત્યારે નવરાત્રીના પાવન અવસરે દીકરીઓનું શાસ્ત્રોક્ત વિધિથી પૂજન-અર્ચન કરી સમાજમાં નારી ગૌરવનો દિવ્ય સંદેશ આપવામાં આવ્યો હતો.



આ ધાર્મિક મહોત્સવમાં ગુજરાત પ્રદેશ ભાજપ મંત્રી સોનલબેન સોલંકી (જૈન)એ ખાસ ઉપસ્થિત રહી બાળાઓનું પૂજન કર્યું હતું.

કાર્યક્રમ દરમિયાન શિવજી મહારાજના સાનિધ્યમાં દીકરીઓને કુમકુમ તિલક કરી, ચુંદડી અર્પણ કરી આરતી ઉતારવામાં આવી હતી તેમજ ભેટ-સોગાદો આપી તેમના આશીર્વાદ લેવાયા હતા. આ પાવન પ્રસંગે મંદિર પરિસરમાં ભક્તિમય વાતાવરણ સર્જાયું હતું અને ઉપસ્થિત ભાવિક ભક્તોએ દીકરી પૂજાના આ પ્રેરક કાર્યક્રમની સરાહના કરી હતી.

## વાપી ગાયત્રી મંદિરે નવરાત્રિમાં રોજ સવારે હવન કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૧ :** વાપીમાં પેપિલોન હોટલ પાછળ આવેલા ગાયત્રી મંદિર ખાતે નવરાત્રિના પ્રથમ દિવસથી નોમ સુધી રોજ સવારે હવનનું આયોજન કરવામાં આવ્યું હતું. વાપીમાં એક માત્ર ગાયત્રી મંદિરમાં વર્ષોની પરંપરા મુજબ આ આયોજન થયું હતું. હવનમાં મોટી સંખ્યામાં મહિલાઓએ ભાગ લીધો હતો.

ગાયત્રી મંત્રના જાપ સાથે ભક્તોએ આહુતિ આપી હતી. નવ દિવસ સુધી ચાલેલા આ ધાર્મિક કાર્યક્રમમાં શાંતિ અને ભક્તિમય વાતાવરણ સર્જાયું હતું.

## સલવાવ ગુરુકુલની ખેલ મહાકુંભની હૉકી સ્પર્ધામાં સિદ્ધિ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૧ :** ખેલ મહાકુંભ અંતર્ગત વાપી મહાનગરપાલિકા દ્વારા આયોજિત જિલ્લા કક્ષાની હોકી સ્પર્ધામાં શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ સલવાવની ગુજરાત બોર્ડની અંગ્રેજી અને ગુજરાતી માધ્યમની ટીમોએ શાનદાર પ્રદર્શન કરી શાળા અને વિસ્તારનું ગૌરવ વધાર્યું છે.

સ્પર્ધામાં અંડર-૧૪ બોયઝ ટીમે જિલ્લા ચેમ્પિયન બનવાનું ગૌરવ મેળવ્યું હતું, જ્યારે અંડર-૧૭ બોયઝ ટીમે ત્રીજું સ્થાન હાંસલ કર્યું હતું. બંને ટીમના કુલ ૧૬ ખેલાડીઓની સ્ટેટ-ઝોન કક્ષાની સ્પર્ધા માટે પસંદગી થતાં ગુરુકુળ પરિવારમાં આનંદની લાગણી છવાઈ છે.

સ્પર્ધામાં અંડર-૧૪ બોયઝ હોકી ટીમે શાનદાર રમત, કુશળતા અને ટીમવર્કના બળે પ્રતિસ્પર્ધી ટીમોને ટક્કર આપી જિલ્લા કક્ષાએ -થમ સ્થાન મેળવ્યું હતું. આ ટીમમાં હર્ષ પટેલ, વેદ પટેલ, આયુષ જયસ્વાલ, અંશ નંદોલા, વૈદિક જોશી, કૃપાલ પિઠીયા અને ધ્રુવલ ભાઠીવાલા સહિતના ખેલાડીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. આ ટીમના આઠ ખેલાડીઓની સ્ટેટ-ઝોન કક્ષાએ પસંદગી કરવામાં આવી છે.

બીજી તરફ, અંડર-૧૭ બોયઝ હોકી ટીમે પણ ઉત્કૃષ્ટ રમતનું પ્રદર્શન કરી ત્રીજું સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

આ ટીમના દક્ષ ઠાકોર, ક્રિષ્ના પટેલ, જૈનીલ રોહિત, વિનય સ્વામી, અંશ પટેલ, પ્રિયાંશ ભાટીવાલા, રાજ પ્રજાપતિ અને કેવલ્ય પટેલની સ્ટેટ-ઝોન કક્ષાની સ્પર્ધા માટે પસંદગી થઈ છે.

આ સિદ્ધિ બદલ શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ સલવાવના મેનેજિંગ ટ્રસ્ટી પૂજ્ય કપિલ સ્વામીજી, સંચાલકમંડળના સભ્યો, ડાયરેક્ટર ડૉ. શૈલેષ લુહાર, આચાર્યગણ, શિક્ષકો તથા શાળા પરિવારે તમામ ખેલાડીઓ અને કોચિંગ સ્ટાફને અભિનંદન પાઠવ્યાં હતાં.

સાથે જ આગામી સ્ટેટ-ઝોન કક્ષાની સ્પર્ધામાં પણ શ્રેષ્ઠ પ્રદર્શન કરી ગુરુકુળનું નામ રોશન કરે તેવી શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી.

## વલસાડમાં આરએસએસ દ્વારા વિજયાદશમીએ પથસંચલન યોજાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૧ :** રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના શતાબ્દી વર્ષ નિમિત્તે રાષ્ટ્રભક્તિ, શિસ્ત, સામાજિક સમરસતા અને સંગઠનશક્તિનો સંદેશ જનમાનસ સુધી પહોંચાડવાના ઉદ્દેશ્યથી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ, વલસાડ નગર દ્વારા વિજયાદશમીના પાવન પર્વ નિમિત્તે તા.૨૦ ઓક્ટોબરના રોજ ભવ્ય વિજયાદશમી પથસંચલનનું આયોજન કરવામાં આવ્યું હતું. પથસંચલન સાંજે ૫:૦૦ કલાકે વલસાડના તરિયાવાડ સ્થિત સતીમાતા મંદિર ખાતેથી પ્રસ્થાન થયું હતું. સંઘના ગણવેશમાં સજ્જ સ્વયંસેવકોએ શિસ્તબદ્ધ પગલાં સાથે નગરના વિવિધ માર્ગો પર પથસંચલન કર્યું હતું.

પથસંચલનનો માર્ગ સતીમાતા મંદિર, તરિયાવાડથી શરૂ થઈ મોટા પારસીવાડ, મોટા બજાર, ગણેશ મંદિર, અંબામાતા મંદિર, નવયુગ, આઝાદ ચોક, લાલ સ્કૂલ, આવાબાઈ સ્કૂલ, પોસ્ટ ઓફિસ ચાર રસ્તા અને હલર તળાવ થઈ હાલર ટાંકી સ્થિત પાદરદેવી માતા મંદિરે પૂર્ણ થઈ હતી . ગૌરવપૂર્ણ વાતાવરણમાં યોજાયેલા આ પથસંચલનના સમાપન પ્રસંગે સ્વયંસેવકોએ સંઘની પ્રાર્થના કરી હતી અને ત્યારબાદ કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું.

પથસંચલન દરમિયાન વલસાડ નગરના નાગરિકો, દુકાનદારો, વેપારી ભાઈઓ-બહેનો તથા વિવિધ ક્ષેત્રના આગેવાનોએ ઉત્સાહભેર સ્વાગત કર્યું હતું.

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની સ્થાપનાનાં ૧૦૦ વર્ષ પૂર્ણ થવાના ઐતિહાસિક અવસર સાથે જોડાયેલું આ શતાબ્દી વર્ષ માત્ર ઉજવણીનો પ્રસંગ નહીં, પરંતુ રાષ્ટ્રનિર્માણ, વ્યક્તિઘડતર, ચારિત્ર્યનિર્માણ અને સમાજજીવનમાં શિસ્ત તથા સેવાભાવના સંસ્કારોને વધુ મજબૂત કરવાનો સંકલ્પ પણ છે.

આ પ્રસંગે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના નવસારી વિભાગના સંઘચાલક પ્રકાશભાઈ ગાલા ઉપસ્થિત રહ્યા હતા. તેમની ઉપસ્થિતિએ કાર્યક્રમને વિશેષ મહત્ત્વ પ્રદાન કર્યું હતું.

## વલસાડ જિલ્લા રાજપૂત સમાજ સેવા સંઘ દ્વારા શસ્ત્રપૂજન - તેજવી તારકોનું સન્માન કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૧ :** વલસાડ જિલ્લા રાજપૂત સમાજ સેવા સંઘ, વલસાડ આયોજિત દશેરા પર્વ અને રાજપૂતી અસ્મિતાના પ્રતીક શસ્ત્ર પૂજન, તેજસ્વી તારકો અને સિદ્ધિ પ્રાપ્ત કરનાર મહાનુભાવોનું સન્માન તથા શૈક્ષણિક સહાય વિતરણ કાર્યક્રમનુ રાજપૂત સમાજ ભવન આયોજન કારોબારી પ્રમુખ બળવંતસિંહ ઝેડ સોલંકીની અધ્યક્ષતામાં ટ્રસ્ટી પ્રમુખ ઠાકોરસિંહ ઝેડ સોલંકીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું. જેમાં મુખ્ય મહેમાન તરીકે રણજિતસિંહ ઝેડ. સોલંકી અને અતિથિ વિશેષ તરીકે વાંકલ ના યુવા સાહસિક ઉદ્યોગપતિ ધવલસિંહજી માધવસિંહ પરમાર કૌટુંબિક કારણો સર ઉપસ્થિત નરહ્યા હતા. વલસાડ જિલ્લા વડા યુવરાજસિંહજી



જાડેજાની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. તેજસ્વી તારલાઓ યાદી તૈયાર કરવામાં આવી જેમાં ધો.૧૦, ધો. ૧૨ સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહ, સ્નાતક, અનુસ્નાતક, એમ.ફિલ, પીએચ.ડી. મેળવનાર અન્યોમા ઉત્તીર્ણ થનારના તેજસ્વી તારલાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. ૩૯મી વાર્ષિક સાધારણ સભા શાંતિપૂર્ણ સંપન્ન થઈ હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન કારોબારી પ્રમુખ, ટ્રસ્ટી પ્રમુખ, પ્રવક્તા સમિતિ અધ્યક્ષ અને ટ્રસ્ટી, ટ્રસ્ટી મંડળ, કારોબારી તથા શૈક્ષણિક સમિતિએ ભારે જેહમત ઉઠાવી હતી. ટ્રસ્ટીમંડળ અને કારોબારી મંડળે દશેરા પર્વની શુભેચ્છા પાઠવી હતી. આગામી

તારીખ ૨૫-૧૦-૨૬ના રોજ આયોજિત શરદ પૂનમના ગરબા મહોત્સવ ઉજવવા માં આવશે.

## દિલીપનગરમાં દુર્ગાપૂજામાં શ્રદ્ધાળુઓ ઉમટયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૨૧ :** દમણના દિલીપનગર સ્થિત નારાયણ પાર્કમાં બંગાળી સમાજ દમણ દ્વારા ભક્તિભાવ અને ઉત્સાહપૂર્વક દુર્ગાપૂજાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ મા દુર્ગાનાં દર્શન કરી આશીર્વાદ મેળવ્યા હતાં. દુર્ગાપૂજા પંડાલમાં અનેક મહાનુભાવોએ પણ ઉપસ્થિત રહી મા દુર્ગાનાં દર્શન કર્યા હતાં. દુર્ગાપૂજા બંગાળનો સૌથી મોટો અને લોકપ્રિય તહેવાર છે. આ પર્વ પ્રેમ, આનંદ, એકતા અને ભારતીય સંસ્કૃતિની પરંપરાનું પ્રતીક છે. મા દુર્ગાની આરાધના અનિષ્ટ પર ઈષ્ટની જીતનો સંદેશ આપે છે અને



લોકોને સત્યના માર્ગે ચાલવાની પ્રેરણા આપે છે. આ પરંપરાને જાળવી રાખવાના ઉદ્દેશ્ય સાથે દમણમાં વસતા બંગાળી સમાજ દ્વારા પ્રબીર ચંદા અને અરિજિત પતિના નેતૃત્વમાં દુર્ગાપૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર આયોજન દરમિયાન ભક્તિમય માહોલ જોવા મળ્યો હતો. શ્રદ્ધાળુઓએ મા દુર્ગાની પૂજા-અર્ચના કરી સુખ, શાંતિ અને સમૃદ્ધિની પ્રાર્થના કરી હતી. આ પ્રસંગે દમણ-દીવના પૂર્વ સાંસદ લાલુ પટેલ, ભાજપના નેતા વિશાલ ટંડેલ સહિત અનેક અગ્રણીઓએ દુર્ગાપૂજા પંડાલની મુલાકાત લીધી હતી અને મા દુર્ગાનાં દર્શન કરી આશીર્વાદ મેળવ્યા હતાં.

આ આયોજન દ્વારા ધાર્મિક આસ્થા સાથે સામાજિક એકતા અને સાંસ્કૃતિક પરંપરાની ઝલક જોવા મળી હતી.

## વલસાડ પોલીસ હેડક્વાર્ટરમાં શસ્ત્રપૂજન સંપન્ન

**વલસાડ, તા. ૨૧ :** વલસાડ સ્થિત પોલીસ હેડક્વાર્ટર્સ માં વિજયાદશમી નિમિત્તે વિશેષ શસ્ત્ર પૂજન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા પોલીસ વડા યુવરાજસિંહ જાડેજા દ્વારા શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર સાથે પોલીસ વિભાગના આધુનિક હથિયારો તેમજ શસ્ત્રોનું પૂજન-અર્ચન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે DySP, PI, PSI સહિત ઉચ્ચ પોલીસ અધિકારીઓ અને મોટી સંખ્યામાં પોલીસ જવાનો ઉપસ્થિત રહ્યા હતાં. પોલીસ વિભાગ દ્વારા પ્રજાની સુરક્ષા અને શાંતિ-વ્યવસ્થા જળવાઈ રહે તેવા સંકલ્પ સાથે શસ્ત્રોને તિલક લગાવી પુષ્પ અર્પણ કરાયા હતા.બીજી તરફ, વલસાડ રાજપૂત સમાજ દ્વારા પોતાની પરંપરા અનુસાર ક્ષાત્ર ધર્મના પ્રતીક સમા તલવાર અને પરંપરાગત શસ્ત્રોનું વિધિવત્ પૂજન કરવામાં આવ્યું હતું. આ સાથે સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓ માટે સન્માન સમારોહ પણ યોજાયો હતો,

જેમાં શિક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ દેખાવ કરનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં સમાજના આગેવાનો, વડીલો અને યુવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા. દશેરાના વણજોયા મુહૂર્તનો લાભ લઈ શહેરીજનોએ સાયકલ, બાઇક, કાર, રીક્ષા અને ટેમ્પો જેવા નાના-મોટા વાહનો તેમજ ફેક્ટરી-દુકાનોના ઓજારોની પૂજા-અર્ચના કરી હતી. વાહનોને હાર પહેરાવી કંકુ-ચોખાથી પૂજન કરી લોકોએ સલામત મુસાફરીની કામના કરી હતી.

આ શુભ દિવસે અનેક લોકોએ નવા મકાનો, બિલ્ડિંગોનું ખાતમુહૂર્ત તેમજ નવી દુકાનો અને ઓફિસોનું ઉદ્ઘાટન કરી શુભારંભ કર્યો હતો. સમગ્ર દિવસ દરમિયાન શહેરમાં વાહન શોરૂમ્સ, ફૂલબજાર અને ફરસાણ-જલેબીની દુકાનો પર લોકોની ભારે ભીડ જોવા મળી હતી, જેના કારણે સમગ્ર વલસાડ પંથકમાં ઉત્સવનો માહોલ છવાઈ ગયો હતો.

# વિશેષ વાંચન

# ચર્ચાનો ચોતરો

**નોંધ:** દમણગંગા ટાઈમ્સમાં દર ગુરૂવારે ચર્ચાનો ચોતરો વિભાગમાં વાચકો પોતાનો અભિપ્રાય વ્યક્ત કરે છે. લખાણની સંપૂર્ણ જવાબદારી ચર્ચાપત્રીની છે, તંત્રી કે સંપાદક વાચકોના અભિપ્રાય કે મંતવ્યો સાથે સંમત છે તેમ માની લેવું નહિ. **-સંપાદક**

## માનવ જીવનની દિવ્ય ગરિમાનો ઉત્સવ

**રાયસીંગ ડી. વળવી**
**ધરમપુર**



માનવ જીવન અવનવા રંગોથી ભરેલું છે. તેમાં એકધારી સ્થિતિ રહેતી નથી સમય એનુ સાતત્ય જાળવીને આગેકૂચ કરતું રહે છે. જીવન જીવાતી ઘટવાળનું ચક્ર સતત ફરતુ રહે છે. એ કયારેય થંભતુ નથી. જેમ મનુષ્ય જીવતરની આસપાસ દુ:ખ અને સુખના તાણાવાણા જોડાયેલા છે. એવું જ માનવ જિંદગીનું માનવું રહ્યું. તહેવારોની પરંપરા અને પ્રણાલિકા અસલથી ચાલતી આવી છે. કાર્યરત પરિશ્રમમાં વ્યકિત વરસભર ગુંથાયેલો રહે છે. સખત મહેતન કશ માણસ માટે થોડી ફુરસદ આરામની ક્ષણો જરુર પડતી જ હોય છે. ફેરફારનો અવકાશ ન હોય છતાં શોધી જ કાઢવો પડે છે. નહિતરકામને કામ ઘડીની નવરાશ કે ફુરસદ નહી હોય તો માણસનું જીવન જીવવાનું શુષ્ઠ થઈ જાય. ન હોંસ હવાસ બકે કંઈ નવુ કરવાનું ગમતું નથી. મનુષ્ય જીવન વહેતી સરિતાના જળ જેવી પ્રવાહી છે. તેમાયે ચઢાવ અને ઉતરાવ ચઢતી પડતી અને સુખદુખના કડવા મીઠા છાપડાના ઓછા આવતા આવતા રહે છે. દિસાનો તહેવારથી હિન્દુ ભાઈ રહેનોના ઉત્સવોની પરંપરા પુરી થઈ જાય છ. અને હોળી અને પાંચમના રંગબેરગી ગુલાલઉડી પુરી થઈ જાય છે. ખુશી આનંદનો તો વળી ગમનો માહોલ સર્જાય જતો હોય છે. તો ઉત્સવોથી માણસના જીવનમાં એક જાતની ખુશાલી આનંદ ઉત્સાહ ગરિમા જળવાય રહેતી હોય છે. રંગબેરંગી તહેવારો તાજેતરમાં જ ગરબાની સમાપ્તિ થઈ. પરુતે હવે પછી દિવાળી, દેવ દિવાળી સુધી એનુ સાતત્ય જળવાયેલું જ રહેશ. તહેવારોની માનવ માટે જરુરી અને મહત્વની બની રહે છે.

આનંદ શોધવા જવા પડતુ હોય છે. અથવા ઉભા કરવા પડે છે. અસલમાં સ્વંભુ આનંદની અનુભુતિ કરી શકી નથી. આજે નવા સંશોધન યુગની અસરની માનવ જીવન ઉપર ઉલ્ટી અસર થઈ રહેલી જોવા મળેતી હોય છે. સંગીતને સૂર સાધનો બેસુરા થઈ ગય. કર્ણપ્રિય નથી રહ્યા જેમાં ડીજે તો અબજ આરોગ્ય શરીર પર વિપરિત અસર કરે છે. છતાં આપણે સહુ દિવ્ય ગરીમા ગુમાવતા જઈએ છીએ અને હૃદય મન તન ને વિપરિત અસરકરે એવા સાધનની શોધમાં છીએ.

## તારાથી કાંઈ ન થાય ... તું કાંઈ ના કરી શકે ...!!

**ચંદ્રકાંત પ્રભાકર**
**મગોદ ડુંગરી**



જયારે આખી દુનિયા તમને એમ કહેશે કે તારાથી કાંઈ ન થાય ... તું કાંઈ ના કરી શકે ત્યારે એક વાત યાદ રાખજો કે તમે દુનિયાને નહી પોતાને સાબિત કરવાનું છે અને સાથે એ વાત પણ યાદ રાખજો આપણે કોઈની વાતમાં ન આવી જવુ અહીં વખાણ પણ લોકો મતલબથી કરે છે. લોકોએ તમને છોડ્યા હશે, કોઈકે દગો પણ આપ્યો હશે અને કોઈકે તમારી મજાક પણ ઉડાવી હશે પણ યાદ રાખજો લોકોનું જવાનું તમારી જીંદગીનો અંત નથી જે લોકો તમને આજે નબળા સમજશે એમને જવાબ આપવાનો સૌથી સારો રસ્તો છે ચૂપ રહો, મહેનત કરો અને સફળ થઈને પાછા આવો ત્યારે તમારે કોઈની મંજૂરી પરવાનગીની જરૂર નથી, કોઈની તાળીઓનો જરૂર નથી ફક્ત એક વસ્તુની જરૂર છે પોતાના સપનામાં અડગ રહો, વિશ્વાસ રાખો ક્યારેક રડવું આવે તો રડી લેજો ક્યારેક થાકી જાવ તો થોડું રોકાઈ જાઓ પણ ક્યારે પાછા ફરીને હાર સ્વીકારવી નહી કારણ કે તમે તમારા મંઝિલથી ફક્ત એક ડગલું દૂર છે. કદાચ તમારી જીંદગી બદલાવવાની છે પણ તમે હમણાં જ હાર માની લો છો, તમારો સમય આવશે... હા...જરૂર આવશે પણ એ સમયની રાહ જોવાની નહી પણ સમય બનાવવા તો દરરોજ આગળ વધવાનું છે. પડશે તો ફરી ઉભા થાઓ હારશો તો ફરી રમશો, દુનિયા હસે તો હસવા દો કારણ કે તમારી કહાણી લખનાર તમે છો દુનિયા નહી, એક દિવસ એવો આવશે જયારે તમે પાછળ ફરીને જોશો તો કહેશો કે સારુ થયું જો તે દિવસે હાર ન માની નહી તો આજ હું અહીં ન હોત અને આજે બધુ ભૂલી જાવ લોકો શું કહે એ ભૂલી જાવ, તમારી નિષ્ફળતાને ભૂલી જાવ પોતાની જાતને એક જ વાત કરો કે હું કરી શકુ છું અને જો કોઈ પૂછે ને તારાથી કાંઈ થશે ખરું...? તો હસીને કહેશો કે થશે નહી હું કરીશ જ કારણ કે આ મારી જીંદગી છે આ કહાણીનો હીરો પણ હું છું. એક માનવીનું જીવન ક્યારેય સરળ નથી હોતું. તમારા પર પરિવારની આશાઓ ભવિષ્યની ચિંતાઓ અને સમાજની અપેક્ષાઓનો ભાર હોય છે પણ યાદ રાખો, કુદરત પણ એ જ ખભા ઉપર મોટો ભાર મૂકે છે એ ખભા ભાર ઉંચકવા સક્ષમ હોય, જવાબદારીઓથી ડરશો નહી જયારે કોઈ તમારા પર ભરોસો કરે છે ત્યારે એ તમારી નબળાઈ નહી પણ સૌથી મોટી શક્તિ બને છે તમારામાં એ શક્તિ છે એ પહાડોને પણ ખસેડી શકે છે. અરીસામાં જુઓ ને આજે જ તમારી જાતને વચન આપો કે હું હાર ન માનીશ. હું લડીશ ને ભવિષ્યને જાતે લખીશ.

## રાવણદહન કેટલું સાર્થક નીવડે છે?

**નીતા પી.જાદવ**
**રાજકોટ**



પૂતળું તો દર વર્ષે બળે છે, પણ મનનો રાવણ ક્યારે બળશે?

સાંજ ઢળે છે... આકાશના આછા વાદળી રંગ પર સંધ્યાની લાલિમા પથરાય છે. મેદાનમાં રાવણનું વિરાટ પૂતળું ઊભું છે—દસ માથાં, વીસ આંખો અને હાથમાં અહંકારની અદૃશ્ય તલવાર! આજુબાજુ જનમેદની છે. બાળકોની આંખોમાં કૌતુક છે, વૃદ્ધોની આંખોમાં સ્મૃતિ છે અને યુવાનોના હૃદયમાં ઉત્સવનો ઉમંગ છે. ક્ષણવારમાં અગ્નિનો એક તણખો રાવણને સ્પર્શે છે અને ધડાકાભેર દસ માથાં ભડભડ સળગી ઊઠે છે. તાળીઓ પડે છે... આકાશ આતશબાજીના રંગોથી ઝળહળી ઊઠે છે... અને આપણે કહીએ છીએ—સત્યનો વિજય થયો, અસત્યનો પરાજય થયો. પણ... ખરેખર? રાવણ બળ્યો ચોરાહે, મનમાં રહ્યો અહંકાર;

બહાર જીત્યો રામ જો, અંદર હાર્યો સંસાર.

આ સવાલ જ રાવણદહનની સાચી કસોટી છે.

રાવણ માત્ર લંકાનો રાજા નહોતો. રાવણ એક વૃત્તિ હતી—અહંકારની, આસક્તિની, લોભની, ક્રોધની અને સ્વાર્થની. તેથી રાવણ કોઈ એક યુગમાં જન્મતો નથી. યુગ બદલાય છે, વેશ બદલાય છે, પરંતુ રાવણના ચહેરા બદલાતા નથી.

આજનો રાવણ કદાચ સોનાની લંકામાં નહીં, પરંતુ મહેલ જેવા મકાનમાં રહે છે. ક્યારેક તે સત્તાના સિંહાસન પર બેઠેલો દેખાય છે, તો ક્યારેક પૈસાના ઢગલા પાછળ છુપાયેલો. ક્યારેક તે સોશિયલ મીડિયાની એક ખોટી પોસ્ટ બનીને સમાજમાં ઝેર ફેલાવે છે, તો ક્યારેક કોઈ નિર્દોષના હક્કને છીનવી લેતા સ્વાર્થમાં દેખાય છે. ક્ષલોભ, ક્રોધ ને મોહમાં, રાવણ રોજ ઉગે;

મન મંદિરના દ્વાર પર, સત્યના દીવા બુઝે.ક્ષ

આપણે દર વર્ષે રાવણ બાળીએ છીએ, પરંતુ શું ક્યારેય પોતાના અહંકારને અગ્નિ આપી છે? શું ઈર્ષ્યાને વિદાય આપી છે? શું કોઈને આપેલા દુ:ખ માટે હૃદયથી ક્ષમા માંગી છે? શું ખોટું બોલવાની સહેલી રાહ છોડીને સત્યનો કઠિન માર્ગ પસંદ કર્યો છે?

જો નથી કર્યું, તો પછી રાવણદહન માત્ર એક સુંદર દૃશ્ય છે—આત્મશુદ્ધિનો ઉત્સવ નથી. રાવણના દસ માથાં કદાચ આપણને આપણા દસ દોષો તરફ ઈશારો કરે છે. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, દ્વેષ, અહંકાર, અસત્ય અને સ્વાર્થ—આ દશાનન આજે પણ આપણી અંદર ક્યાંક ને ક્યાંક જીવંત છે.

દશ માથાંનું દહન કર્યું, દોષ રહ્યા દશ દશ;
મન ન બળ્યું જો આગમાં, દશેરો થયો નિષ્ફળ.

આજના સમયમાં રાવણદહનની સૌથી મોટી જરૂરિયાત કદાચ મેદાનમાં નહીં, મનના મેદાનમાં છે. બહારના રાવણને બાળવા માટે એક તીર પૂરતો છે; અંદરના રાવણને બાળવા માટે આખું જીવન સાધના કરવી પડે છે.

રામનો અર્થ માત્ર ધનુષ્ય-બાણ નથી. રામ એટલે મર્યાદા, સત્ય, કરુણા, સંયમ અને કર્તવ્ય. જો દશેરાના દિવસે આપણે આમાંથી એક ગુણ પણ જીવનમાં ઉતારી શકીએ, તો જ રાવણદહનની જ્યોત આપણા અંતર સુધી પહોંચી કહેવાય.

ક્ષપૂતળું બળે એક ક્ષણે, મન બળે સંસ્કાર;
રામ વસે જે હૃદયમાં, એ જ વિજય તહેવાર.

આથી આવો, આ દશેરાએ રાવણના પૂતળા સાથે આપણા મનમાં છુપાયેલા કોઈ એક રાવણને પણ અગ્નિ આપીએ.

કોઈ એક અહંકાર છોડીએ, કોઈ એક સંબંધ સુધારીએ, કોઈ એક ખોટી આદત ત્યજીએ, કોઈ એક હૃદયને માફ કરીએ.

કારણ કે રાવણનું સાચું દહન ત્યારે જ થશે, જ્યારે અગ્નિ પૂતળામાં નહીં, આપણા દોષોમાં પ્રગટશે. અને કદાચ ત્યારે જ આકાશમાં ફૂટતી આતશબાજી કરતાં પણ સુંદર પ્રકાશ આપણા અંતરમાં ઝળહળશે. બહાર રાવણ ભસ્મ થાય, અંદર જાગે રામ; એ દશેરો સાર્થક બને, એ જ જીવનધામ.

આખરે પ્રશ્ન રાવણ કેટલા ઊંચા પૂતળાનો છે એ નથી; પ્રશ્ન એ છે કે આપણા અંતરમાં ઊભેલો રાવણ કેટલો ઊંચો છે—અને તેને બાળવાની આપણી તૈયારી કેટલી છે?

## નશા નાબૂદી અભિયાન

**હર્ષદ દેસાઈ**
**વટાર**



આંધ્રપ્રદેશના નેલ્લોર જિલ્લામાં દારૂના વિરોધમાં ચાલેલું એન્ટી એટેક આંદોલન કદાચ કેટલાક લોકોને યાદ હશે. એ આંદોલને તે રાજયની એકસ રકારને જડમૂળમાંથી ઉખાડી નાખી હતી. એ આંદોલનની પ્રણેતા રોસમ્મા હતી. તેને ગુજરી ગયે થોડાક જ મહિના થયા છે. એક ખેત મુજર એવી રોસમ્મન દૂબેગુંટાએ શરાબના કારણે પોતાનો પતિ ગુમાવ્યો હતો. આથી બે બાળકોને ઉછેરવાની જવાબદારી તેના માથે આવી ગઈ હતી.

ગામના દારૂડિયા મહિલાઓ સાથે દુવ્યવહાર કરતાં હતાં. તે રોસમ્માને જાણકારી મેળવી હતી. ગામમાં ચાલતા સાક્ષરતા અભિયાન અંચર્ગત દારૂ પીવાથી થોતા નુકશાન અંગે રોસમ્માએ જાણકારી મેળવી હતી. એમાંથી તેને દારૂની વિરુધ આંદોલન પ્રેરણા અને હિમંત મળી. તેણે પોતાના જેવી પીડિત અને દુખી મહિલાઓને એકઠી કરી. અને દુબેગુંટા જેવા નાનકડા ગામમાંથી દારૂની વિરુદ્ધમાં આંદોલન શરુ કર્યુ એ આંદોલન એટલું વિશાળ બન્યુ કે તેણે તે વખતની સરકારને સત્તા પરથી ઉખાડી નાંખી.

હિમાચલ પ્રદેશ અને બીજા રાજયોમાં દારૂની વિરુદ્ધ થઈ રહેલા આંદોલનો આપણને એવી યાદ અપાવે છે કે રોસમ્મા મરી ગઈ નથી. તેનો આત્મા દેશના દારૂના કારણે દુ:ખના દરિયામાં ડૂબી ગયેલી છે. દરેક સ્ત્રીમાં પ્રવેશી ગયો. છે. દારૂના કારણ નારીઓ સાથે હિંસા, બળાત્કાર અને છેડતીની ઘટનાઓ થઈ રહી છે. જે સ્ત્રીનું કુટુંબ દારૂના કારણે બરબાદ થઈ ગયુ છે. જેના માથે પોતાના બાળકોના પાલનપોષણની જવાબદારી આવી ગઇ છે. એને જે સ્ત્રીઓ પોતાના બાળકોને પણ એ નર્કમાં જતા કેવી રીતે બચાવવા એવી ચિંતા કરી રહી છે. તેઓ દારૂની દુકાનો અથવા દારૂના અડ્ડાઓ સામે અવાજ ઉઠાવે એ યોગ્ય જ છે.

તેઓ વિરોધ પ્રદર્શન ઉપવાસ તથા આંદોલન કરે છે. તે તેમના ગુસ્સા દુઉખ અને ચિંતાની પ્રતિક્રિયા જ છે. પરંતુ હજુ એ પ્રદર્શનો જોઈએ તેટલો સફળ થઈ શકયાં નથી. કારણ કે દારૂ બનાવવાનું વેચવાનું અને પીવાનું તો ચાલુ જ છે. જે રાજયોમાં દારૂબંધી છે ત્યા પણ અસંખ્ય લોકો શરાબનું સેવન કરે છે.દારૂના માફિયાઓ રાજકીય આશ્રય અને આશીર્વાદ અને શાસનમાં કાયદો વ્યવસ્થા જાળવનાર કેટલાક ભ્રષ્ટ અધિકારીઓની રહેમ નજર હેઠળ દારૂનો દારૂનો ધંધો ધમધોકાર ચલાવે છે. એના પરિણામે નવયુવાનોને દારૂ તથા બીજા નશાકારક પદાર્થોમાં ફસાવીને તેમના ગુલાબ બનાવી રહ્યા છે. જેથી તેમનો કાળો ધંધો બરાબર ચાલકો રહે. તેમની જાળ એટલી બધી ફેલાયેલી છે. કે સામાન્ય લોકોને તો તેનો અંદાજ પણ હોતો નથી.

દારૂનો બાર તો જોઈ શકાય છે. તેથી તેનો વિરોધ કરવો સરળ છે. પરંતુ ચોરી ચુપ્પીથી ગેકાયદે થતો દારૂનો વેપાર તો એના કરતાં અનેકગણો વધારે છે. આ જાળ સાવ મામુલી દેખાતી દુબકાનોથી લઈને સ્કુલો તથા કોલેજોની આસપાસ, રમતના મેદાનોની આસપાસ અને મહોલ્લામાં પણ ફેલાયેલી છે.

નવયુવકો બે રીતે તેનો શિકાર બની રહ્યાં છે. કેટલાક આ ધંધામાં સંડોવાયેલા છે. અને ઘણા યુવાનો નશાના રવાડે ચઢી ગયા છે. નશામાફિયાઓ દ્વારા આપવામાં આવતી લાલચની ચુગાલમાં યુવાનો ફસાઈ જાય છે. પછી તેમાંથી છુટવું મુશ્કેલ બની જાય છે.

ચુટણીના દિવસોમાં તો બુટલેગરો અને રાજનેતાઓની સાઠગાઠ ઉઘાડી પડી જાય છલે. વોટ મેળવવા માટે જે રીતે છુટથી દારુનો ઉપયોગ થાય છે. એ કોઈનાથી છુપી નથી. આ કામ જે લોકો કરે છે તેઓ આગળ વજતાં જનતાના પ્રતિનિધિ બનીને ખુરશી પર બેસે છે. આપણે જો તેમની પાસે આશા રાખીએ કે તેઓ દારૂ અને બીજા નશાઓને નાબૂદ કરવામાં આપણને મદદ કરશે તો તે શેખચલ્લીના સપના જેવી બાબત ગણાશે.

તેમને તો બીજી ચુટણીમાં પણ માફિયાઓની મદદ લેવાની છે. અને માફિયાઓએ રાજકારણીઓને જે ફાળો આપ્યો હોય તે પૈસા વસુલવવાની સાથે સાથે વધારાની કમાણી પણ કરવાની હોય છે. આના કારણે બેવડી નીતી ચાલે છે. એક બાજુ નશા વિભાગ, સ્વાસ્થ્ય વિભાગ તથા જનસંપર્ક વિભાગ નશામુકિત અભિયાન ચલાવે છે. તો બીજી બાજુ દરેક બોટલના વેચાણ પર તંત્રને પોતાનો ભાગ પણ મળે છે. જો કે મહિલાઓનો પ્રયાસ પ્રસંસનીય છે. પરંતુ ખાસ કરીને ચુટણીના દિવસો દરમ્યાન આ નશાબંધી અભિયાનને વધારે સક્રય કરવું જોઈખે. અને પ્રશાસનન સામે પણ પ્ર્રદર્શનો કરવા જોઈએ. જે ઉમેદાર દારૂ વહેચીને વોટ મેળવવા પ્રયાસ કરે તેને લોકો કદાપિ વોટ ન આપે તે માટે લોકોમાં જાગૃતિ લાવવી જોઈએ.

વ્યસનો જીવનને કમજોર કરી દે છે આથી જનસ્વાસ્થ્ય સુધારવા માટે નશાનાબુદી અભિયાન કરવી જ પડશે.

## આવતી કાલ અને આત્મનિર્ભરતા !

**લાયન કિરીટ શાહ**
**વાપી**



વાત જ્યારે સમગ્ર સમાજ અને રાષ્ટ્રને આત્મનિર્ભર બનાવવાની હોય, વાત જ્યારે મેઈક ઈન ઈન્ડિયા એટલે કે સ્વદેશીની હોય ત્યારે સૌ પ્રથમ એ બાબત આપણે સમાજનો અભિગમ બદલવો રહ્યો. સ્વદેશી પ્રત્યેનો આપણો લગાવ વધારવો રહ્યો. ગુણવતા બાબત જાગૃતિ કેળવવી રહી, અને ઝડપભેર બદલાતા સમય, બદલાતી માંગ અને બદલાતા માહોલ સાથે તાલમેલ મેળવવા પ્રયત્નશીલ થવું પડે. પણ આવતીકાલના આત્મનિર્ભર ભારતની અપેક્ષા જેના પર અવલંબિત છે, જેના પર નિર્ભર છે તે યુવા પેઢી પરત્વે ધ્યાન સૌથી વધું આપવું રહ્યું, એમને એ બાબત માર્ગદર્શન, પ્રોત્સાહન અને માહોલ પુરા પાડવા પડશે. એમનામાં વિશ્વાસ પેદા કરવો પડશે અને એ યુવા પેઢીને પણ એ વાત પર વિશ્વાસ પેદા થાય, ભરોસો થાય એવો વ્યવહાર અને એવી પરિસ્થિતિ સરકારે તથા સમાજે નિર્માણ કરવી રહી. અન્યથા આ શક્ય નથી. આજે નોકરી બેરોજગારીનો જે પ્રશ્ન વિકરાળ મોં ફાડી ઉભેલો દેખાય છે એનું કારણ કદાચ ચીલાચાલુ રીતે અજમાયેલ શિક્ષણ વ્યવસ્થા અને રોજગારી પુરી પાડવાની સરકારની નિષ્ફળતા કદાચ ગણી શકાય. કારણ આજે પણ સરકારી વિભાગોમાં હજારો જગ્યા ખાલી હોય, શાળાઓ હોય પરંતું પુરતા શિક્ષકો ન હોય તેવી હજારો શાળાઓ હોય, અન્ય તમામ સ્તરે જ્યાં યુવાઓને કામ આપી જોતરી શકાય છતાં એક અથવા બીજા કારણોસર થતો નિમણૂંકનો વિલંબ બેરોજગારી વધારે એ સીધી વાત છે. અને જ્યારે એક શિક્ષિત યુવાન રોજગારી પ્રાપ્ત નથી કરી શકતો ત્યારે એ હતાશ નિરાશ થઈ અવળા માર્ગે જઈ શકે. કાં હતાશ થઈ ઘાતક પગલું ભરે અથવા આક્રમક થઈ બીજા માટે ઘાતક પણ બની શકે. વ્યસનોનો શિકાર પણ થઈ શકે. સમાજના સહાયકને બદલે સમાજની જવાબદારી કે બોજ બની શકે. આજે એક બે દાખલા નજર સમક્ષ છે. શિક્ષકો પર લાદવામાં આવતો સરકારી કામોનો બોજ. જેના કારણે શિક્ષણ ખોરવાય છે. તો આવા કામ માટે શા માટે પેલા બેરોજગાર યુવાનોને જોતરી ન શકાય.. બીજી તરફ બેન્ક અને સરકારી કર્મચારીઓ જ્યારે પોતાની માંગ પુરી કરવા હડતાલ પર જવા સુધીની કાર્યવાહી કરી કામનો બહિષ્કાર કરી ધાર્યું કરાવવા સરકાર અને સમાજને બાનમાં લે છે ત્યારે પાંચ દિવસના કામને બદલે શા માટે સ્નાતક થયેલા નવા યુવાનોને આ સેવા માટે તાલિમ આપી સ્ટાઈફંડ આપી સરકારી તથા બેંક જેવી સેવા માટે સહાયક તરીકે તક ન આપી શકાય..

યુવા પેઢીને સ્કીલ આધારિત વ્યવસાય શરુ કરવા સરકાર હાલ વિચારતી જણાય છે ત્યારે એ બાબત વધુ માહિતી, વધુ તાલિમ અને વધુ પ્રોત્સાહન આપી જો નક્કર પ્રયાસો કરાયા તો કદાચ આત્મનિર્ભરતાનું સ્વપ્ન સાકારિત ઝડપભેર થઈ શકે. યુવા પેઢી પોતાના નવા વિચારો થકી રાષ્ટ્ર વિકાસમાં યોગદાન આપી શકે. અન્યથા હાલ કેટલાક દેશોમાં ચાલી રહેલ ઉગ્ર ઘાતક આંદોલનો દ્વારા રાષ્ટ્રના અંદરના અને બહારના દુશ્મનો આપણા દેશમાં પણ આવું કરવાના પેંતરા શોધી શકે. અલબત્ત આપણા દેશ પાસે વિકાસ માટે અમાપ સંભાવના, શક્યતા અને ક્ષમતાઓ છે ત્યારે આપણી જ જે યુવા પેઢી અન્ય મહાસત્તાઓના અન્ય રાષ્ટ્રમાં જઈ એમના વિકાસમાં યોગદાન આપે છે એ જ યુવાપેઢી આપણા પોતિકા રાષ્ટ્ર માટે પણ પ્રેરિત થઈને યોગદાન આપી શકે. એમને તક આપવી પડે, પ્રોત્સાહન અને વળતર આપવું પડે, એમનામાં વિશ્વાસ મૂકી એમને આગળ લાવવા ઝડપભેર નક્કર પગલાં લેવા જોઈએ. આપણી પાસે શ્રેષ્ઠ, સક્ષમ અને સજ્જ યુવાધન તકની રાહ જુએ છે. એને તક આપીએ. સન્માન આપીએ. તો જ આવતી કાલ આત્મનિર્ભર ભારતના નિર્માણના સ્વપ્નને સાકારિત કરી મેક ઈન ઈન્ડિયાની છાપને વિશ્વ સ્તરે પહોંચાડી સફળ થશે. યુવા પેઢીના સામર્થ્યને યોગ્ય સમયે યોગ્ય તક અને સન્માન આપીએ, પ્રોત્સાહન પુરું પાડીએ, એ આજના સમયની માંગ છે.

ઈશ્વર અલ્લાહ તેરો નામ, સબકો સદમતિ દે ભગવાન..!

## ભીતરના રાવણને બાળીએ

**ડો. જે. એમ. નાયક**
**નવસારી**



હિન્દુઓના પવિત્ર તહેવાર દશેરાના દિવસે રાવણના પૂતળાને બાળવામાં આવે છે. રાવણ માટે એમ કહેવાય છે કે તેઓ અતિ બુદ્ધિમાન બ્રાહ્મણ અને ઉચ્ચ કોટિના શિવભક્ત હતા. રાવણના દશ માથા એ દશ દુર્ગુણોના પ્રતીક ગણાય છે. રાવણને બુરાઈનું પ્રતીક માનવામાં આવે છે. આપણામાં પણ અનેક દુર્ગુણો રહેલા છે કે જેને આપણે ભીતરના રાવણ તરીકે ઓળખી શકીએ. કોઈ પણ વ્યક્તિમાં અહંકાર કે અભિમાન, ક્રોધ, લોભ, મોહ, લાલચ, કામવાસના, ઈર્ષા, ભ્રષ્ટાચાર અને અનૈતિકતાના અવગુણ વધતે ઓછે અંશે જોવા મળે છે. દશેરાના પવિત્ર દિવસે આપણે રાવણના પૂતળા સાથે આપણી ભીતર રહેલા દુર્ગુણોને પણ બાળવા જોઈએ. આપણી અંદર જે વિકારો રહેલા છે તેનો પણ નાશ કરવો ખૂબ જ આવશ્યક છે. સાચી વાત તો એ છે કે રામ અને રાવણ બંને આપણી ભીતર વસે છે. કોઈક વખત આપણા મનમાં રહેલ નેગેટિવિટી બહાર આવે છે કે જે આપણા ભીતરમાં રહેલો રાવણ છે. એ જ રીતે આપણામાં રહેલા સદગુણો થકી આપણામાંથી રામ પણ પ્રગટ થાય છે. આપણી ભીતર રહેલા દેવ અને દાનવ પૈકી કોને સજીવન કરવા એ આપણે નક્કી કરવાનું છે. રાવણનું દહન જરૂરી છે ભલે એ રાવણ ભીતર હોય કે બહાર ! અસલી રાવણ બહાર છે કે અંદર એ માટે દરેક વ્યકિતએ આત્મમંથન કરવાની જરૂર છે. વર્ષોથી આપણે રાવણના પૂતળાને બાળતા આવ્યા છે

પરંતુ એનાથી કોઈ ફરક પડતો હોય એવું દેખાતું નથી. જો મનમાં રહેલી દુષ્ટતાને બાળવાને બદલે દુષ્ટતાને પોષતા રહીએ તો ગમે એટલા રાવણના પૂતળા બાળીએ તો પણ કોઈ ફરક પડવાનો નથી. રાવણનું પૂતળું બાળીને તેના પ્રત્યે નફરત વ્યક્ત કરીએ ત્યારે આપણને આપણી ભીતર રહેલા દુર્ગુણો પ્રત્યે પણ નફરત થવી જોઈએ. એકવીસમી સદીમાં માનવજાત માટે જો કોઈ અસલી પડકાર હોય તો તે ભીતરના રાવણને બાળવાનો છે. દશેરાનો તહેવાર ફક્ત રાવણને બાળવાની વાર્તા નથી પરંતુ આપણી અંદર રહેલા કામ, ક્રોધ, લોભ, અહંકાર જેવા રહેલા દુર્ગુણો પર વિજય મેળવવા માટેનો આ તહેવાર છે. આજે દશેરાના દિવસે આપણે સૌ સંકલ્પ કરીએ કે આપણી ભીતર જે બદીઓ કે દુર્ગુણો છે તેને છોડવાના નમ્ર પ્રયત્ન કરતા રહીશું

## પંખી ઊંચે ઉડે છે તે કેવળ પોતાની પાંખને જોરે નહીં

**અશરફ ચુડાસમા**
**ભીલાડ**



મોટા ગજાના અંગ્રેજી કવિની આ પંક્તિ છે. પંખીની પાંખનો એને પૂરો અંદાજ છે. પાંખની હાંસી ઉડાડવાનો અહીં વિચાર નથી. વાસ્તવિકતાનું નિરૂપણ છે અહીં. કોઈપણ માણસ ઊંચા સ્થાને એમને એમ નથી પહોંચતો. પહોંચ્યા પછી એ ડંફાસ મારે એ અલગ વાત છે, પણ એણે ક્યાંક ને ક્યાંક કોઈકનો ટેકો, કોઈકની મદદ, કોઈકનું ઋણ લીધું જ હોય છે.

પોતાનામાં ગમે એટલી શક્તિ હોય પણ એમાં ઈશ્વરની કૃપા કે નસીબ, જે કહો તે- તેની યારી ન મળે તો કદાચ એ સ્થાને ન પહોંચી શકે. સીડીની ટોચ પર પહોંચેલો માણસ સીડીનાં પહેલાં પગથિયાનો હંમેશા ઋણી રહેવો જ જોઈએ. પુરાણપ્રસિદ્ધ ઉદાહરણ છે કે, કૃષ્ણે ગોવર્ધન તોડ્યો, પણ ગોવાળિયાઓની લાકડીઓનો પણ આધાર તો હતો જ.

માણસ જે કંઈ પામે છે એ માટે અન્ય માણસનો, પરિસ્થિતિનો, સાનુકૂળ સંજોગોનો ઋણી છે. ક્યારેક પ્રતિકૂળ સંજોગો પણ એના પુરુષાર્થને પ્રેરે તો પ્રતિકૂળ સંજોગોય ઋણી છે. અંગ્રેજો ન હોત તો મોહનદાસ કરમચંદ ગાંધી કદાચ મહાત્મા ગાંધી ન પણ થયા હોત. એવું એક ક્ષણ માનવાનું મન થાય છે.

કોઈક આપનો હાથ ઝાલે, કોઈક આપણને સાચી દિશા તરફ આંગળી ચીંધે અને એને કારણે આપણે ક્યાંક પહોંચીએ, પછી આ હકીકતને સાપ જેમ કાંચળી ઉતારે છે એ રીતે ઉતારી ન શકીએ.

સામાન્ય રીતે માણસજાતનો અનુભવ એ છે કે માણસ સિદ્ધિ અને પ્રસિદ્ધિએ પહોંચ્યા પછી નગુણા થાય છે અને પોતે જે કંઈ થયા છે એનો યશ પોતાનાં સિવાય કોઈ કહેતાં કોઈનેય આપતાં નથી.

હૃદયપૂર્વક ઋણસ્વીકાર કરવો એ નમ્રતા ભરી માણસાઈ છે. શિખર પર પહોંચ્યા પછી તળેટી તરફ અણગમા ધિક્કારથી જોવું એમાં અમાનુષિતા છે.

ઋણસ્વીકાર વિનાનાં માણસો પાત્રતા વિનાનાં કરુણ પાત્રો છે.

## સમયની નદી અને જીવનની અધૂરી જવાબદારીઓ

**જયોતિ ઉત્પલ પંડયા**
**અતુલ**



શ્રીકૃષ્ણનો એક એવો સંદેશ, જે સમજવા કરતાં જીવનમાં ઉતારવો વધુ જરૂરી છે!

ક્યારેક એક નાનકડો વિચાર પણ જીવનના અનેક બંધ દરવાજા ખોલી નાખે છે. તાજેતરમાં વાંચેલા એક સુંદર વિચારમાં ભગવાન શ્રીકૃષ્ણ અને અર્જુન વચ્ચેનો સંવાદ દર્શાવવામાં આવ્યો હતો. આ સંવાદ માત્ર વાંચવા માટે નથી, પરંતુ જીવનના દરેક તબક્કે થોભીને પોતાની જાતને પૂછવા માટે છે કે આપણે ખરેખર જીવન જીવી રહ્યા છીએ કે માત્ર જવાબદારીઓથી ભાગવાનો માર્ગ શોધી રહ્યા છીએ?

વિચારમાં શ્રીકૃષ્ણ નદીકિનારે બેઠા છે. અર્જુન તેમને પૂછે છે, માધવ, તમે શું કરો છો? શ્રીકૃષ્ણ કહે છે, રાહ જોઉં છું કે નદીનું પાણી વહી જાય, પછી સામે પાર જાઉં.

અર્જુન આ?ર્યથી કહે છે, માધવ, નદીનું પાણી વહી જાય તો પણ નદી તો રહેશે જ! તમે આ રીતે ક્યારેય સામે પાર નહીં પહોંચી શકો.

અહીંથી જીવનનો એક અત્યંત મહત્ત્વનો બોધ મળે છે. જે નદી ક્યારેય સંપૂર્ણ ખાલી થવાની નથી, તેના પાણી ખાલી થવાની રાહ જોવી એ સમયનો વ્યર્થ બગાડ છે. જીવનમાં પણ આપણે ઘણીવાર આવી જ ભૂલ કરીએ છીએ. વિચારીએ છીએ કે બાળકો મોટાં થઈ જાય પછી પોતાની ઈચ્છાઓ પૂરી કરીશું, ઘરની

જવાબદારીઓ ઓછી થાય પછી મનગમતું કામ કરીશું, આર્થિક સ્થિતિ સુધરે પછી સમાજ માટે કંઈક કરીશું, અને જીવનમાં મુશ્કેલીઓ દૂર થાય પછી શાંતિથી જીવીશું પરંતુ સવાલ એ છે કે શું જીવનમાં જવાબદારીઓ ક્યારેય પૂરી થાય છે? એક જવાબદારી પૂરી થાય ત્યાં બીજી ઊભી હોય છે. એક સમસ્યાનો ઉકેલ આવે ત્યાં બીજી સમસ્યા સામે આવીને ઊભી રહે છે. જીવનની નદી સતત વહેતી રહે છે. તેથી જીવનમાં આગળ વધવા માટે નદીનું પાણી અટકવાની રાહ જોવાને બદલે એ પ્રવાહમાંથી રસ્તો શોધતાં શીખવું પડે છે. ભગવાન શ્રીકૃષ્ણનો આ વિચાર આપણને કર્તવ્યથી ભાગવાને બદલે કર્તવ્યની વચ્ચે રહીને જીવન જીવતાં શીખવે છે. ભગવદ્ ગીતામાં પણ શ્રીકૃષ્ણ અર્જુનને કર્મનું મહત્ત્વ સમજાવે છે. તેઓ અર્જુનને મુશ્કેલીઓથી દૂર જવાનું નથી કહેતા, પરંતુ પરિસ્થિતિનો સામનો કરીને પોતાનું કર્તવ્ય નિભાવવાનો માર્ગ બતાવે છે.

આ સંદેશ આજના જીવનમાં પણ એટલો જ પ્રસ્તુત છે. માતા-પિતા બાળકોની જવાબદારીઓ નિભાવતાં નિભાવતાં પોતાનું સ્વાસ્થ્ય ભૂલી જાય છે. સ્ત્રીઓ પરિવાર માટે બધું જ કરતાં પોતાની ઈચ્છાઓને પાછળ ધકેલી દે છે. યુવાનો યોગ્ય સમય, યોગ્ય તક અને સંપૂર્ણ અનુકૂળ પરિસ્થિતિની રાહ જોતા પોતાના સપનાંઓને મુલતવી રાખે છે. ક્યારેક તો કોઈની માફી માગવા, સંબંધ સુધારવા કે કોઈને પ્રેમ વ્યક્ત કરવા માટે પણ આપણે આવતીકાલની રાહ જોઈએ છીએ.

પરંતુ સમયની નદીમાં વહી ગયેલી ક્ષણ ફરી પાછી આવતી નથી.

આનો અર્થ એવો નથી કે જવાબદારીઓ છોડી દઈએ અથવા વિચાર્યા વગર નિર્ણયો લઈએ. સાચો અર્થ એ છે કે જવાબદારી અને જીવન વચ્ચે સંતુલન જાળવીએ. પરિવારની સંભાળ રાખીએ, પરંતુ પોતાની જાતને પણ સમય આપીએ. કર્તવ્ય નિભાવીએ, પરંતુ આનંદ માણવાનું ન ભૂલીએ. મુશ્કેલીઓનો સ્વીકાર કરીએ, પરંતુ મુશ્કેલીઓને જીવન જીવવાની શરત ન બનવા દઈએ. શ્રીકૃષ્ણનો સંદેશ જાણવો સહેલો છે, પરંતુ તેને જીવનમાં ઉતારવા માટે સમજ, હિંમત અને કર્મશીલતા જોઈએ. માત્ર ઉપદેશ સાંભળવાથી પરિવર્તન આવતું નથી; પરિવર્તન ત્યારે આવે છે, જ્યારે આપણે આપણા રોજિંદા જીવનમાં તેનો અમલ કરીએ છીએ. ચાલો, આજે પોતાની જાતને એક પ્રશ્ન પૂછીએ શું આપણે પણ જીવનની નદીનું પાણી વહી જવાની રાહ જોઈ રહ્યા છીએ? જો હા, તો હવે સમય છે પોતાની વિચારધારા બદલવાનો. કારણ કે જીવનની દરેક જવાબદારી પૂરી થયા પછી જ સુખી થવાનું નક્કી કરીશું, તો કદાચ સુખ માણવાનો સમય જ ઓછો રહી જશે. જીવનની નદી ક્યારેય અટકવાની નથી; તેથી નદી અટકે તેની રાહ ન જુઓ, તરતાં શીખો, રસ્તો બનાવો અને કર્તવ્ય નિભાવતાં નિભાવતાં જીવનને પણ પ્રેમથી જીવો.

## દાનહમાં પોલીસ સ્મૃતિ દિને શહીદ પોલીસ જવાનોને પુષ્પાંજલિ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા.૨૧ :** દાદરા નગર હવેલી અને દમણ-દીવ પોલીસ દ્વારા મંગળવારે ૬૭મા પોલીસ સ્મૃતિ દિવસ નિમિત્તે સેલવાસ સ્થિત પોલીસ હેડક્વાર્ટર સામેના શહીદ સ્મારક ખાતે શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજાયો હતો. દેશની સુરક્ષા અને ફરજ બજાવતી વખતે પોતાના પ્રાણોની આહુતિ આપનાર શહીદ પોલીસ જવાનોને આ પ્રસંગે ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

કાર્યક્રમની શરૂઆત પોલીસ ટુકડી દ્વારા ગાર્ડ ઓફ ઓનરની સલામી સાથે કરવામાં આવી હતી. ત્યારબાદ ઉપસ્થિત પોલીસ અધિકારીઓએ શહીદ સ્મારક પર પુષ્પચક્ર અર્પણ કર્યા હતાં. પોલીસ બેન્ડ દ્વારા શહીદોના સન્માનમાં 'લાસ્ટ પોસ્ટ'ની ધૂન વગાડવામાં આવી હતી. આ પ્રસંગે તમામ અધિકારીઓ અને કર્મચારીઓએ બે મિનિટનું મૌન પાળી શહીદોને યાદ કર્યા હતાં.

૧૯૫૯માં લદાખમાં ૧૦ પોલીસ જવાનો શહીદ થયા હતાં પોલીસ સ્મૃતિ દિવસનો ઈતિહાસ ૨૧ ઓક્ટોબર, ૧૯૫૯ સાથે જોડાયેલો છે. તે સમયે લદાખ વિસ્તારમાં માતૃભૂમિની રક્ષા માટે તૈનાત ભારતીય પોલીસ દળની ટુકડી પર ચીની સૈનિકોએ અચાનક હુમલો કર્યો હતો. આ અથડામણમાં ૧૦ પોલીસ જવાનો વીરગતિ પામ્યા હતાં. ત્યારથી દર વર્ષે ૨૧ ઓક્ટોબરે દેશની સેવા અને ફરજ દરમિયાન શહીદ થયેલા પોલીસ કર્મચારીઓની સ્મૃતિમાં પોલીસ સ્મૃતિ દિવસ મનાવવામાં આવે છે. આ કાર્યક્રમમાં દાદરા નગર હવેલી અને દમણ-દીવના ડીઆઈજી સંતોષકુમાર મીના, દાદરા નગર હવેલીના એસપી સચિન યાદવ, દમણના એસપી કેતન બંસલ સહિત એસડીપીઓ, આઈપીએસ અધિકારીઓ, પોલીસ નિરીક્ષકો તથા અન્ય પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. સેલવાસ ફાયર વિભાગના અધિકારીઓએ પણ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

## ચીખલીના બારોલીયાથી દીપડી પાંજરે પુરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા.૨૧ :** ચીખલી તાલુકાના મીણકચ્છ ગામે છેલ્લા કેટલાક દિવસો થી દીપડા દીપડી ઓનો આંતક વધી જતાં ચીખલી વન વિભાગ દ્વારા પાંજરું ગોઠવવામાં આવતાં બારોલીયા માકડીયા ફળિયા ખાતે યાતીન સલીમ સિદાતના વાડામાં મુકેલ પિંજરામાં આજરોજ મળસ્કે એક દીપડી આશરે ત્રણ વર્ષની પાંજરે પુરાવા પામી છે.

## ધમડાચી હાઈવેથી દારૂ સાથે સુરતનો ઈસમ ઝડપાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૧ :** વલસાડ લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમ વલસાડ વિસ્તારમાં પેટ્રોલિંગમાં ફરતી હતી તે દરમિયાન બાતમી મળી કે દમણથી સુરત તરફ જતી એ કારમાં દારૂ ભરી લઈ જવાતો હોવાનું જાણતા વલસાડ એલસીબીની ટીમ વલસાડ નજીકના ધમડાચી હાઈવે પર વોચ ગોઠવી ઊભા રહેતા બાતમી વાળી ઈનોવા કાર નં. જીજે ૧૫ સીડી ૬૧૮૩ને અટકાવી તેની અંદર તપાસ કરતા દારૂની બાટલી નંગ ૫૭૬ કિંમત રૂપિયા ૧,૮૧,૮૨૪ તેમજ કારની કિંમત ૭ લાખ મળી કુલ ૮,૮૧,૮૨૪ રૂપિયાના મુદ્દા માલ સાથે આરોપી રોનીક વિજયભાઈ કહાર (ઉં.વ. ૨૮, રહે.એ-૧૦૫, યશ એપાર્ટમેન્ટ, મકાઈ પુલ, નાનપુરા, સુરત શહેરની ધરપકડ કરી છે. જ્યારે દારૂનો જથ્થો તેમજ કાર આપનાર નરેન્દ્રભાઈ ઉર્ફે અપ્પુ માછી જયંતિલાલ કહાર (રહે. રૂદ્રપુરા, સુરત શહેરને પોલીસે વોન્ટેડ જાહેર કર્યો છે.

આરોપીઓ ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે પકડાયેલા આરોપી રોનીક કહાર સામે અગાઉ ઉમરા, પાલ અને અઠવાલાઈન્સ પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન અને પાસા સહિતના ૪ જેટલા ગુનાઓ નોંધાયેલા છે. જ્યારે વોન્ટેડ આરોપી નરેન્દ્ર ઉર્ફે અપ્પુ કહાર સામે અઠવાલાઈન્સ, ડુમસ, સચિન જીઆઈડીસી અને ઉધના પોલીસ મથકે દારૂ ના કુલ ૧૨ જેટલા ગુના નોંધાઈ ચૂક્યા છે. આગળની કાયદેસરની તપાસ વલસાડ રૂરલ પોલીસને સોંપવામાં આવી છે.

## મોરાઈ-વટાર બ્રિજનું લોકાર્પણ થતાં મોરાઈ ઇન્ડ. એસો. દ્વારા મંત્રીઓનું સ્વાગત કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૧ :** વાપીના મોરાઈ ખાતે આવેલી ઈન્ડસ્ટ્રીઝ તેમજ સંઘપ્રદેશ દમણ તરફ જતાં વાહનો માટે મહત્વના એવા મોરાય રેલવે ઓવરબ્રિજનું લોકાર્પણ થતાં મોરાઈમાં આવેલા ઉદ્યોગોને તેમજ તેમાં કામ કરતાં કામદારો માટે આ બ્રિજ જીવાદોરી સમાન બન્યો છે. જેને ધ્યાને લઈ એસોસિએશનના અગ્રણી મુકેશસિંહ ઠાકુરની આગેવાનીમાં મંત્રી અને સાંસદ તેમજ મહેમાનોને ફૂલહાર પહેરાવી સ્વાગત કરાયું હતું. રાજ્યના નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના મંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે વાપીના મોરાઈ વટાર મુખ્ય રસ્તાથી બગવાડાને જોડતા રોડ પર કોલક નદી ઉપર રૂા. ૧૫૧૫.૫૯ લાખના ખર્ચે તૈયાર થયેલા મેજર બ્રિજનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિ.પં. પ્રમુખ હેતલબેન પટેલ અને સાંસદ ધવલભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતાં. આ પ્રસંગે નાણાં મંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું કે, સમગ્ર દુનિયામાં અનેક દેશોનો અર્થતંત્ર નબળા પડ્યા હતાં, રશિયા, ઈઝરાયેલ અને યુક્રેન સહિતના દેશોમાં યુધ્ધ ફાટી નીકળ્યા તેવી સ્થિતિમાં પણ આપણા દેશનું સુકાન અને કુશળ



નેતૃત્વ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હાથમાં હોવાથી દેશનો જીડીપી દર વધતો ગયો અને આપણને કોઈ ફરક ન પડ્યો.

લોકસભાના દંડક અને સાંસદ ધવલભાઈ પટેલે જણાવ્યું કે, આજે ભારત વિશ્વનું સૌથી મોટુ અર્થતંત્ર બનવા જઈ રહ્યું છે. માર્ગ અને મકાન (સ્ટેટ)ના વલસાડ જિલ્લાના કાર્યપાલક ઈજનેર જતીન પટેલે જણાવ્યું કે, આ ફલાયઓવરબ્રિજ બનવાથી વાપી, સલવાવ, ટુકવાડા, મોરાઈ, વટાર, દમણ જીઆઈડીસી તરફથી આવતા અને ને.હા. ૪૮ તરફ જતાં ટ્રાફિક માટે ખૂબ જ ટૂંકો સમય લાગશે. આ બ્રિજ એક બાજુ વાપી શહેર અને બીજી બાજુ વટાર અને દમણ ઈન્ડસ્ટ્રીયલ એરિયાને જોડે છે. જેથી લોકોને સરળતા રહેશે. આ પ્રસંગે મોરાઈ ઈન્ડસ્ટ્રીઝ એસો. મુકેશસિંહ ઠાકુર નવલભાઈ, યોગેશભાઈ જમશેદજી હેમંતભાઈ પટેલ, ભરતભાઈ પટેલ દ્વારા મંત્રી અને સાંસદ નું પુષ્પગુચ્છથી ભવ્ય સ્વાગત કરાયુ હતું.

આ લોકાર્પણ પ્રસંગે વાપીના મેયર દક્ષાબેન પટેલ, ડે.મેયર મિતેશ દેસાઈ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન સતિષ પટેલ, વાપી મનપા કમિશ્નર એન.એફ. ચૌધરી અને ઉદ્યોગપતિઓ ઉપસ્થિત રહ્યા છે.

## સાદડવેલની ગ્રામસભાની પ્રદૂષિત એકમોને નો એન્ટ્રી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલીતા.૨૧ :** ચીખલી તાલુકાના સાદડવેલ ગામે ગ્રામ પંચાયત દ્વારા એક ખાસ ગ્રામસભા ગામના મહિલા સરપંચના અધ્યક્ષ પદે રાખવામાં આવી હતી. જેનો મુખ્ય એજન્ડા કોઈપણ પ્રકારના ઔદ્યોગિક કે વ્યવસાયિક ઉદ્યોગો પર્યાવરણને નુકસાન પહોંચાડે અથવા પ્રદૂષણ ફેલાવે તેવા ઉદ્યોગોને કોઈપણ જાતની પરવાનગી અપાશે નહીં.

ચીખલી તાલુકાના સાદડવેલ ગામે કાવેરી સુગરનો પ્રોજેક્ટ રદ થતા તેના સ્થાને અન્ય પ્રોજેક્ટને પ્રોત્સાહિત કરાતાં આ વિસ્તારના રહીશોમાં ભારે રોષ ઘણા લાંબા સમયથી ચાલતો હોય દરમિયાન આજરોજ બુધવારે સાદડવેલ રામજી મંદિરના પટાંગણમાં તાતી ખાડી પાસે મહિલા સરપંચ વૈશાલીબેન પટેલના અધ્યક્ષ પદે એક ખાસ ગ્રામસભા યોજવામાં આવી હતી. આ ગ્રામ સભામાં વિશાળ સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતાં. ગ્રામસભામાં સર્વાનુંમતે સાદડવેલ વિભાગમાં આવેલ કોઈપણ ખાનગી, સરકારી કે ગૌચરણની જમીનોમાં પર્યાવરણને નુકસાન પહોંચાડે અથવા પ્રદૂષણ ફેલાવે તેવી કોઈપણ પ્રકારની ઔદ્યોગિક કે વ્યવસાયિક કામગીરી ન કરવા દેવા બાબતે સર્વાનુમતે નક્કી કરાયું હતું.



વાંસદા તાલુકાના ઢોલુમબર ગામમાં જય અંબા માતાના મંદિરે નવરાત્રી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. તથા દશેરાના દિવસે રાવણ દહનનું ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. તેમા રામ, લક્ષ્મણ, સીતા, હનુમાનજી બનાવીને ભવ્ય ડીજે નાતાલે ભવ્ય વરઘોડો કાઢવામાં આવ્યા હતો. જેમાં આજુબાજુના ગામના ભાવિક ભક્તો રાવણ દહન જોવા માટે આવ્યા હતાં. તથા તથા વાંસદા પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

## ધરમપુર રાજપૂત પંચ દ્વારા શસ્ત્રપૂજન કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા.૨૧ :** દશેરાના પાવન પર્વ નિમિત્તે ધરમપુરની રામવાડી ખાતે રાજપૂત પંચની સમાજની જગ્યામાં પરંપરાગત રીતે શસ્ત્રપૂજન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સમાજના પ્રમુખ ગજેન્દ્રસિંહ રાવ રાણા, મંત્રી ધીરજસિંહ રાઠોડ, રાજવી પરિવારના ધર્મેન્દ્રસિંહ પરિહાર, ઉપપ્રમુખ અભેસિંહ સોલંકી સહિત સમાજના ટ્રસ્ટીઓ, અગ્રણીઓ, ભાઈઓ-બહેનો અને યુવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી વિધિપૂર્વક શસ્ત્રપૂજન કર્યું હતું.

કાર્યક્રમમાં હરૂભાઈ રાણા, જયદીપસિંહ સોલંકી અને ધીરુભાઈ દેસાઈએ પ્રસંગોચિત પ્રવચનો આપ્યાં હતાં. આ ઉપરાંત સમાજ મંડળ દ્વારા આગામી કાર્યક્રમોની માહિતી આપવામાં આવી હતી. દાનવીર વિજયસિંહ ગુલાબસિંહ સોલંકી (USA)ની ઈચ્છા અનુસાર સમાજ માટે ભવ્ય વાડીનું નિર્માણ થાય તે અંગે વડીલો દ્વારા સૂચન કરવામાં આવ્યું હતું.

## છીરીની જ્ઞાનગંગા સ્કૂલમાં ઈન્સ્ટન્ટ ફૂડ મેકિંગ સ્પર્ધા યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૧ :** વાપી છીરીમાં આવેલ જ્ઞાનગંગા શાળામાં ઈન્સ્ટન્ટ વેરાઈટી ફૂડ મેકિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળામાં ભણતા ધોરણ ૮થી ૧૧ના ૫૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સૌપ્રથમ શાળાના ચેરમેન સંદિપભાઈ આર પટેલ દ્વારા માં સરસ્વતી આગળ દીપ પ્રાગટ્ય કરી સ્પર્ધાની શરૂઆત કરવામાં આવી હતી. આ સ્પર્ધા અલગ અલગ ચાર વિભાગ (હોઉસ)ની વચ્ચે યોજવામાં આવી હતી. જેમાં શાળાના બાળકો દ્વારા દૂધની વાનગીઓ, ફરસાણ, જ્યુસ, સલાડ અને મુખવાસ જેવી અલગ અલગ વાનગીઓ બનાવવાની હતી.

આ અવસરે શાળાના ચેરમેન સંદીપભાઈ પટેલે જણાવ્યું હતું કે, આજની પેઢીને પૌષ્ટિક આહાર વિશે ધ્યાન દોરવા માટે તેમજ જંકફૂડથી થતા નુકસાન અંગે માહિતી આપવા માટે તેમજ બાળકો પોતે પોતાની જાતે કઈ કઈ નાસ્તાની વસ્તુઓ ખૂબ જ ઓછા સમયમાં બનાવી શકે જેથી તેઓને આકસ્મિક સંજોગોમાં તેમને કામ લાગી શકે તેનું પણ તેઓને જ્ઞાન આપવામાં આવે છે સાથે સાથે સતત ઘરના તમામ લોકો માટે દિવસ રાત રસોઈ બનાવતી માતાને કેવા પ્રકારની મુશ્કેલીઓ આવે છે તેનો પણ અનુભવ કરી શકાય તેમજ આપણે આ મુશ્કેલી દુર કરવા રસોઈઘરમાં આપણે માતાને કેવી રીતે સહાય કરી શકાય એ અંગે પણ જાણકારી આપવામાં આવી હતી.

સ્પર્ધા ઈન્સ્ટન્ટ ફૂડ મેકિંગ કોમ્પિટિશનમાં હોઉસ પમાણે વિજેતા બનેલ વિદ્યાર્થીઓને રોકડ ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. જેમાં હિન્દુસ્તાન હોઉસે પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો. જેમને ૩૦૦૦નું રોકડ ઈનામ આપવામાં આવ્યું હતું. જયારે ભારત હોઉસે દ્વિતીય ક્રમાંક પ્રાપ્ત કરતા તેમને રૂ. ૨૫૦૦નું ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. માતૃભૂમિ અને ઈન્ડિયા હોઉસે તૃતીય ક્રમાંક પ્રાપ્ત કરતા તેમને ૨૨૦૦નું રોકડ ઈનામ આપવામાં આવ્યું હતું. સાથે સાથે તેમને માર્ગદર્શક શિક્ષિકા શ્રીમતી જિજ્ઞાસુ મેડમ, યુવરાજ સર, વૈશાલીમૅડમને પણ સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે શાળાના આચાર્ય સુનિલ નાયરે જણાવ્યું હતું કે, વિધ્યાર્થીઓને શાળામાં ફક્ત પાઠ્યપુસ્તકનું જ નહીં પરંતુ સહ અધ્યાય પ્રવૃત્તિનું જ્ઞાન આપવાથી વિધ્યાર્થીનો સપૂર્ણ વિકાસ થાય અને આ પ્રકારની પ્રવૃત્તિથી વિધ્યાર્થીઓમાં રહેલી સુષુપ્ત શક્તિને ઉજાગર કરી શકાય છે.

આ સમગ્ર આયોજન કરવા બદલ શાળાના ચેરમેન સંદીપભાઈ પટેલે શાળાના આચાર્ય સુનિલ નાયર, શાળાના ઈન્ચાર્જ ફુલચંદ દિવાકર, ઈન્ચાર્જ ઝરામેડમ, ઈન્ચાર્જ નેહલ વોરા મેડમ સહીત માર્ગદર્શક શિક્ષિકાઓ સાથે અન્ય શિક્ષિકાઓનો આભાર વ્યકત કર્યો હતો. શાળાના ચેરમેન સંદીપભાઈ પટેલે વિજેતા બનેલા વિધ્યાર્થીઓ સહિત ભાગ લેનારા વિધ્યાર્થીઓને પણ પ્રોત્સાહિત કર્યા હતાં.

## ધરમપુરમાં રૂા. ૬૬.૬૭ કરોડનાં રસ્તા અને બ્રિજનાં કામોનું ખાતમુહૂર્ત કરાયું

### ઓઝરપાડા, સિદુંબર ભટાડી, ચીચોઝર, કેળવણી, માકડબન વિસ્તારમાં મેજર બ્રિજ બનવાને લઈ ગ્રામજનોની કાયમી સમસ્યાનો ઉકેલ આવશે



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૨૧ :** ધરમપુર તાલુકા સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં ચોમાસા દરમિયાન માર્ગો અને નદી-નાળાંને કારણે ઊભી થતી અવરજવરની સમસ્યાઓ દૂર કરવા માટે મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૪-૨૫નાં વિવિધ વિકાસકાર્યોનું આજે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. અંદાજે રૂા. ૬૬.૬૭ કરોડના ખર્ચે વિવિધ ગામોમાં મેજર બ્રિજ, માઈનોર બ્રિજ અને પાકા રસ્તાઓનું નિર્માણ કરવામાં આવશે. આ અંતર્ગત ધરમપુરના કૈલાશધામ પાસેથી ઓઝરપાડા તરફ જતા માર્ગ પર રૂા.૩.૫૭ કરોડના ખર્ચે માઈનોર બ્રિજ, સીદુંબરના ભટાડી ફળિયા રોડ પર માન નદી ઉપર રૂા.૧૨.૫૦ કરોડના ખર્ચે મેજર બ્રિજ, ચિચોઝર ખાતે રૂા. ૮.૨૦ કરોડના ખર્ચે મેજર બ્રિજ, કેળવણી વિસ્તારમાં રૂા.૮.૨૦ કરોડના ખર્ચે મેજર બ્રિજ તેમજ માકડબન વિસ્તારમાં રૂા.૪ કરોડના ખર્ચે મેજર બ્રિજના કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત બારોલિયા, કાકડકુવા, તીસકરી, તલાટ, કુરગામ, શેરીમાળ, બરૂમાળ, સીદુંબર, ઉગતા, પાનવા, ચિચોઝર, કેળવણી, ભેંસધરા, માકડબન, આસુરા, બામટી, નાની ઢોલડુંગરી, વીરવલ અને મોટી ઢોલડુંગરી સહિતના વિસ્તારોમાં વિવિધ મેજર બ્રિજ, માઈનોર બ્રિજ તેમજ પાકા રસ્તાઓનાં કામો હાથ ધરવામાં આવશે. આ તમામ વિકાસકાર્યો માટે અંદાજે રૂા. ૬૬.૬૭ કરોડનો ખર્ચ કરવામાં આવનાર છે.

ધરમપુરના કૈલાશધામ પાસેથી ઓઝરપાડા તરફ જતા માર્ગ પર બનનારા બ્રિજ અંગે ધારાસભ્ય અરવિંદભાઈ પટેલે જણાવ્યું હતું કે આ વિસ્તારમાં લાંબા સમયથી ચોમાસા દરમિયાન અવરજવરની મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. ભારે વરસાદને કારણે રહેણાકનાં ઘરોમાં પાણી ઘૂસી જવાની સમસ્યા પણ ઊભી થતી હતી. આ બ્રિજનું નિર્માણ થવાથી સ્થાનિક લોકોની મુશ્કેલીઓ હળવી થશે. સાથે જ કોસમકુવા અને તીસકરી સહિતના વિસ્તારોને જોડતા સતત અવરજવરવાળા માર્ગ પરથી પસાર થતા લોકોને પણ સુવિધા મળશે.

આ પ્રસંગે ગુજરાત પ્રદેશ આદિજાતિ વિભાગના મંત્રી મહેન્દ્રભાઈ ચૌધરી, જિલ્લા પંચાયતની બાંધકામ સમિતિનાં ચેરમેન ઉર્મિલાબેન બિરારી, તાલુકા સંગઠનના પ્રમુખ કેતનભાઈ વાઢુ, ધરમપુર તાલુકા સંગઠનના મહામંત્રી હિતેન્દ્રભાઈ પટેલ, ભાજપના અગ્રણી ગણેશભાઈ બિરારી, વલસાડ જિલ્લા આદિજાતિ મોરચાના પ્રમુખ ધનેશભાઈ ચૌધરી, તાલુકા પંચાયતનાં પ્રમુખ શકુંતલાબેન ચૌધરી, ધરમપુર નગરપાલિકાના પ્રમુખ મયંક મોદી, બાંધકામ સમિતિના ચેરમેન સમીપ રાંચ, ધરમપુર તાલુકા યુવા મોરચા સંગઠનના પ્રમુખ સૌરભભાઈ માહલા, આર. એન્ડ બી. વિભાગના ડી.ઈ. એમ. એમ. પટેલ, એ. સો. નીતિનભાઈ, વિપુલભાઈ, કર્મચારીઓ સહિત વિવિધ હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતાં.

## વાપીમાં દશેરા પર્વેએ ૭૨૦ પરિવારોમાં નાસ્તાનું વિતરણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૨૧ :** વાપી સોશિયલ ગ્રુપ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા દશેરાના પાવન પર્વ નિમિત્તે વાપી તથા આસપાસના વિસ્તારોમાં અંદાજે ૭૨૦ પરિવારોને ૨૭૫ કિલો ફાફડા, જલેબી અને સમોસાનું વિતરણ કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી અને સમાજસેવક કિરણ રાવલ તથા અન્ય સભ્યોએ દશેરાના ત્રણ દિવસ અગાઉથી જ આયોજન શરૂ કરી મધ્યમવર્ગીય અને જરૂરિયાતમંદ પરિવારો સુધી નાસ્તાનાં પેકેટ પહોંચાડ્યાં હતાં. આ સેવાકીય પ્રવૃત્તિથી પરિવારોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. ઉલ્લેખનીય છે કે કિરણ રાવલ છેલ્લા આઠ વર્ષથી વલસાડ જિલ્લા અને આસપાસના વિસ્તારોમાં જરૂરિયાતમંદ પરિવારો તથા બાળકો સાથે વિવિધ તહેવારોની ઉજવણી કરી સમાજસેવાનું કાર્ય કરી રહ્યા છે.

## વાપી રજ્જુ શ્રોફ રોફેલ યુનિ.ના ટીચિંગ આસિસ્ટન્ટ અંજલિ પટેલ પીએચ.ડી. થયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૧ :** રાજ્જુ શ્રોફ રોફેલ યુનિવર્સિટી ખાતે ટીચિંગ આસિસ્ટન્ટ તરીકે કાર્યરત અંજલિ કાલિદાસ પટેલને ગુજરાત ટેક્નોલોજિકલ યુનિવર્સિટી અમદાવાદ દ્વારા મેનેજમેન્ટ વિષયમાં પીએચ.ડી. પદવી માટે પાત્ર જાહેર કરવામાં આવ્યાં છે. GTU દ્વારા તા.૧૫ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ જાહેર કરવામાં આવેલી નોટિફિકેશન અનુસાર, તેમણે તા. ૯ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ પીએચ.ડી.ની મૌખિક પરીક્ષા સફળતાપૂર્વક પૂર્ણ કરી હતી.

ડૉ. અંજલિ પટેલે "Financial Inclusion through Insurance and Pension Schemes: Awareness and Perception towards Social Security Schemes with Reference to Gujarat State" વિષય પર સંશોધન કાર્ય પૂર્ણ કર્યું છે. આ સંશોધન કાર્ય પ્રો. ડૉ. કેદાર શુક્લાના માર્ગદર્શન હેઠળ પૂર્ણ કરવામાં આવ્યું હતું. સંશોધન દરમિયાન ડોક્ટરલ પ્રોગ્રામ કમિટીના સભ્યો ડૉ. કૌશલ ભટ્ટ અને ડૉ. હેતલ ટંડેલનું પણ માર્ગદર્શન અને સહયોગ પ્રાપ્ત થયો હતો. પીએચ.ડી. પદવી માટે પાત્ર જાહેર થવાની આ શૈક્ષણિક સિદ્ધિ બદલ ડૉ. અંજલિ પટેલે રાજ્જુ શ્રોફ રોફેલ યુનિવર્સિટીના પ્રોવોસ્ટ



ડૉ. વિકાસ દેસાઈ તથા ઇન્ચાર્જ રજિસ્ટ્રાર અને રોફેલ કોલેજના પ્રિન્સિપાલ ડૉ. પ્રિયકાંત વેદનો સતત પ્રોત્સાહન, માર્ગદર્શન અને સહયોગ બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. ડૉ. અંજલિ પટેલની આ સિદ્ધિ બદલ યુનિવર્સિટીના પદાધિકારીઓ, અધ્યાપકો અને સહકર્મીઓએ તેમને અભિનંદન પાઠવી ઉજ્જવળ શૈક્ષણિક કારકિર્દી માટે શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી.

## નવસારી ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસો. દ્વારા પ્રીમીયર લીગ યોજાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા.૨૧ :** નવસારી જિલ્લામાં ઉભરતા યુવા ક્રિકેટરોને મજબૂત પ્લેટફોર્મ પૂરું પાડવા નવસારી ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિએશન (NDCA) દ્વારા કમર કસવામાં આવી છે. નવસારી સર્કિટ હાઉસ ખાતે ઉપપ્રમુખ અશોક ગજેરાના અધ્યક્ષસ્થાને મળેલી કારોબારી બેઠકમાં અંડર-૧૪, અંડર-૧૬ અને અંડર-૧૯ ટૂર્નામેન્ટ્સ તેમજ લોકપ્રિય નવસારી પ્રીમિયર લીગની પાંચમી સિઝન (NPL-૫) યોજવા અંગે મહત્વપૂર્ણ રોડમેપ તૈયાર કરાયો હતો.

આ આયોજનથી ગ્રાસરૂટ સ્તરની સ્થાનિક પ્રતિભાઓને પોતાની રમત નિખારવાની ઉત્તમ તક મળશે.

દમણગંગા ટાઇમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES
Thursday 22, October 2026

## લદ્દાખ સુવાંગ અમારું જ :ભારત

કેન્દ્રશાસિત પ્રદેશ લદ્દાખને પોતાનો ભૂભાગ ગણાવવા સતત કૂદી રહેલા ચીનને ભારતના વિદેશ મંત્રાલયે ચોખ્ખું કહી દીધું છે કે, લદ્દાખ અમારું જ છે અને અમારું રહેશે. ઈતિહાસમાં એ પ્રકરણ દર્જ છે કે ચીને આપણી જમીન ઉપર કબજો કરી લીધો અને આપણે તે સ્વીકારી લેવું પડયું. હજી ચીન આવા દાવા કરી રહ્યું છે. વિદેશ મંત્રાલયના અધિકૃત પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું કે, અમે પુનરોચ્ચાર કરીએ છીએ કે લદ્દાખ કેન્દ્રશાસિત પ્રદેશ ભારતનું અભિન્ન અંગ છે. ચીન ના પાડે એટલે આ તથ્ય બદલાતું નથી. આનો અર્થ એ થયો કે આજનું ભારત કહે છે કે અમે ઈતિહાસનું પુનરાવર્તન થવા નહીં દઈએ, ભૂગોળને બદલવા નહીં દઈએ. ભારત સરકારના ગૃહ મંત્રાલયે લદ્દાખ સ્થિત ૨૮ જેટલાં સ્થળની વિશેષ ઓળખ સાથે તેના નામ આપ્યાં છે. આ જાહેર કરતાં પૂર્વે સ્થાનિક હિત ધરાવતા તમામ લોકો સાથે પણ સરકારે વાત કરી છે. સર્વે ઓફ ઈન્ડિયામાં લદ્દાખના નકશાની ઓળખ કરવાનો હેતુ જ એ હતો કે, સામાન્ય પ્રજામાં આ સ્થળો વિશે જાગૃતિ ફેલાય. ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા માઓ નિંગે બિજિંગમાં એક સંવાદદાતા સંમેલનમાં કહ્યું હતું કે, આખું લદ્દાખ અમારું છે, ભારત જેને કેન્દ્રશાસિત પ્રદેશ કહે છે તે લદ્દાખને ચીને ક્યારેય માન્યતા આપી નથી. ચીનના વિદેશ મંત્રાલયે પત્રકારોના પ્રશ્નનો જવાબ આપતાં આ વાત કરી હતી. કારણ કે, ૨ ઓક્ટોબરે ભારતે લદ્દાખના ૨૮ વ્યૂહાત્મક સ્થળની વિગત જાહેર કરી હતી. ચીનની કાર્ટોગ્રાફિક આક્રમકતાનો આ સજ્જડ જવાબ છે. ચીનને આનાથી પેટમાં બળતરા ઉપડે તે સ્વાભાવિક છે. આમ પણ ચીનનું વલણ બેવડું છે. પોતે તિબેટ અને અક્સાઈ ચીન ઉપર કબજો જમાવીને બેઠું છે અને અન્યના સાર્વભૌમત્વ ઉપર તે પ્રશ્નો ઊભા કરે છે. ભારતની કૂટનીતિક કુનેહ અહીં એ રીતે છે કે ફક્ત પ્રતિક્રિયા આપવાને બદલે તેણે ૨૮ સ્થળનું સત્તાવાર નકશીકરણ કરીને ચીનને તેની જ ભાષામાં જવાબ આપી દીધો છે. ચીન જો કે, ઐતિહાસિક તથ્યોની પણ અહીં અવગણના કરે છે. સમયાંતરે લદ્દાખ કે અરુણાચલ પ્રદેશ પર પોતાનો દાવો કરીને બીજિંગ પરોક્ષ લડાઈ લડી રહ્યું છે. તેનો હેતુ ભારતને બેચેન રાખવાનો હોય તેમ સમજાય છે. લદ્દાખ અને તિબેટ વચ્ચે છેક ૧૬૮૪માં થયેલી તિંગમોસગંગની સંધિમાં બંને ક્ષેત્રની સીમા નક્કી થઈ હતી. તે સંધિમાં પણ સ્પષ્ટ છે કે, લદ્દાખ હંમેશાં એક અલગ સ્વતંત્ર અસ્તિત્વ ધરાવતું હતું. ૧૮૪૨ની ચુશુલ સંધિ પણ મહત્ત્વની છે, તેમાં સ્વીકારાયેલી સીમાઓમાં પણ ક્યારેય લદ્દાખ ચીનના સાર્વભૌમત્વમાં નહોતું. ૧૯૫૦માં ચીને ભારતના અક્સાઈ ચીન વિસ્તારમાં શિનજિયાંગ તિબેટ હાઈવે બનાવ્યો હતો. યુદ્ધ પછી ચીને ૩૮૦૦૦ ચોરસ કિલોમીટર વિસ્તારમાં કબજો કર્યો છે. ગોગરા અને દોટ સ્પ્રિંગ સહિતના વિસ્તારના નામ બદલવામાં આવ્યાં છે એ માત્ર ભૌગોલિક જગ્યા જ નથી, પરંતુ લશ્કરી જાપ્તો રાખવાના વ્યૂહાત્મક મથક છે. ચીન પોતે ગેરકાયદે કબજો કરનાર છે અને હવે તે લદ્દાખ ઉપર દાવા કરે છે. જો કે, કેન્દ્ર સરકાર આ મુદ્દે અત્યંત મક્કમ છે. વિદેશ મંત્રાલયે આપેલો પ્રત્યુત્તર તેનો તાજો પુરાવો છે.




## ફિલિપ્સ હોમ એપ્લાયન્સિસે 'સોને પે ડબલ સુહાગા' સાથે પુનરાગમન કર્યું

**સુરત, તા. ૨૧ :** ફિલિપ્સ હોમ એપ્લાયન્સિસે તહેવારની એક મોટી ઓફર 'સોને પે ડબલ સુહાગા' સાથે પુનરાગમન કર્યું છે. આ અભિયાન ગ્રાહકોને ફિલિપ્સ હોમ એપ્લાયન્સિસની પસંદગીની ખરીદી પર સુનિશ્ચિત ભેટ આપે છે. સાથે સાથે, ગ્રાહકો પાસે દર કલાકે ૯,૯૯૯ની કિંમતનું ગોલ્ડ અને દરરોજ ૫૦,૦૦૦ની કિંમતનો ડાયમન્ડ જીતવાની શાનદાર તક પણ છે, જે તહેવારની ખરીદીના ઉત્સાહને વધારે છે.

૧૧ ઓક્ટોબરથી ૧૧ નવેમ્બર, ૨૦૨૬ સુધી ચાલનારું આ અભિયાન ૧૧૨ શહેરોમાં ૨૦૦ મિલિયનથી વધારે ગ્રાહકો સુધી પહોંચશે એવી અપેક્ષા છે. અભિયાનના ગાળામાં ઓછામાં ઓછા ૧,૫૦૦ની MRP ધરાવતા ફિલિપ્સ હોમ એપ્લાયન્સિસ ખરીદતા ગ્રાહકોને ખરીદી પર એક સુનિશ્ચિત ભેટ મળશે. સાથે સાથે, દર કલાકે ૯,૯૯૯ની કિંમતનું ગા

ેલ્ડ અને દરરોજ ૫૦,૦૦૦ની કિંમતનો ડાયમન્ડ જીતવાની તક પણ મળશે. ભારતના તહેવારો સાથે જોડાયેલી પરંપરાઓમાં ગોલ્ડ અને ડાયમન્ડ વિશેષ સ્થાન ધરાવે છે.આજકાલ ગ્રાહકો ખરીદી સમયે સમજીવિચારીને નિર્ણયો લે છે એટલે 'સોને પે ડબલ સુહાગા' અભિયાન તહેવારની ખરીદીના અનુભવમાં એક ખાસ આકર્ષણ અને ખુશી ઉમેરવાનો પ્રયાસ કરે છે.

# સૌરવ દાસ અને આશુતોષ રાંકાને દિલ્હી હાઈકોર્ટે લગાવી ફટકાર



(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૨૧ : કોકરોચ જનતા પાર્ટી (CJP)ના નેતાઓ સૌરવ દાસ અને આશુતોષ રાંકાની અરજી પર બુધવારે દિલ્હી હાઈકોર્ટમાં સુનાવણી હાથ ધરાઈ હતી. જસ્ટિસ સુબ્રમણ્યમ પ્રસાદની બેન્ચે બંને નેતાઓની ન્યાયિક કસ્ટડી સામેની અરજી પર સુનાવણી કરી હતી. બંનેએ જંતર-મંતર પર કથિત ગેરકાયદેસર પ્રવેશના કેસમાં તેમની કસ્ટડી વધારવાના સ્પેશિયલ એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ (SEM)ના આદેશને પડકાર્યો છે. દિલ્હી પોલીસ તરફથી ASG ચેતન શર્મા અને વકીલ આશિષ દીક્ષિત અદાલતમાં હાજર રહ્યા હતા, જ્યારે સૌરવ દાસ અને અન્ય લોકો તરફથી વકીલ અભિક ચિમનીએ દલીલો રજૂ કરી હતી. ચાલો જાણીએ કે સુનાવણી દરમિયાન બંને પક્ષોએ શું દલીલો કરી અને અદાલતે શું કહ્યું.

સૌપ્રથમ સમગ્ર મામલો સમજી લઈએ. CJPના નેતાઓ સૌરવ દાસ અને આશુતોષ રાંકાએ સ્પેશિયલ એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટના આદેશને પડકાર્યો છે. તાજેતરમાં SEMએ બંને નેતાઓની ન્યાયિક કસ્ટડી વધારી હતી. બુધવારે તેમની કસ્ટડીની મુદત પૂરી થઈ રહી હતી. આથી બંનેએ કસ્ટડી વધારવાના આદેશ સામે દિલ્હી હાઈકોર્ટમાં અરજી દાખલ કરી હતી. સુનાવણી દરમિયાન બંને નેતાઓએ કસ્ટડી વધારવાના આદેશ સામે સવાલો ઉઠાવ્યા હતા. આ મામલે સુનાવણી દરમિયાન દિલ્હી હાઈકોર્ટે મહત્ત્વપૂર્ણ ટિપ્પણી કરી હતી. અદાલતે CJPના પ્રદર્શન દરમિયાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ બગડવાની શક્યતા તથા બેરિકેડ તોડવા જેવી પ્રવૃત્તિઓનાં સંભવિત પરિણામો અંગે ચિંતા વ્યક્ત કરી હતી. કોર્ટે કહ્યું કે હાલમાં બંને અરજદારો પ્રદર્શનના અગ્રભાગમાં છે. જ્યારે તમે ત્યાં જઈને બેરિકેડ તોડો છો, ત્યારે એવી આશંકા રહે છે કે અન્ય ૧૦થી ૨૦ લોકો પણ આવું કરવા લાગે, જેમના પર તમારું નિયંત્રણ નહીં હોય. હાઈકોર્ટે આશુતોષ રાંકા અને સૌરવ દાસને સવાલ કર્યો કે, જ્યારે જંતર-મંતર પર જવાની પરવાનગી જ નહોતી, તો તેઓ ત્યાં ગયા જ શા માટે? આ ઉપરાંત કોર્ટે કહ્યું, અમે બીજા દેશોમાં પણ જોયું છે કે શરૂઆત શાંતિપૂર્ણ રીતે થઈ હતી, પરંતુ પછી પરિસ્થિતિ ક્યાં પહોંચી ગઈ. આ દરમિયાન હાઈકોર્ટે બંનેને મેજિસ્ટ્રેટ સમક્ષની સુનાવણીના પરિણામની રાહ જોવાનું પણ જણાવ્યું હતું. જે પછી તેમણે હાઈકોર્ટમાંથી પોતાની અરજી પાછી ખેંચી લીધી હતી.

# SBI ના ગ્રાહકોનો ડેટા ડાર્ક વેબ પર લીક થવાની આશંકા

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૨૧ : ભારતની સૌથી મોટી સરકારી બેંક સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI) સાથે જોડાયેલા ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. એસબીઆઈના ગ્રાહકોનો મહત્વનો ડેટા ડાર્ક વેબ પર લીક થવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. બેંક દ્વારા ૨૧ ઓક્ટોબરે શેર બજારને આ મામલાની જાણ કરવામાં આવી છે. આ સમાચાર સામે આવ્યા બાદ બેન્કિંગ સેક્ટરમાં હલચલ વધી ગઈ છે. પરંતુ બેંકએ મામલાની ગંભીરતા સમજતા તત્કાલ તપાસ શરૂ કરી છે. સાયબર સુરક્ષા મજબૂત કરવા માટે બેંક તરફથી તમામ જરૂરી પગલાં ભરવામાં આવી રહ્યાં છે.એસબીઆઈને આ સંભવિત ડેટા લીક વિશે ૧૬ ઓક્ટોબર ૨૦૨૬ના સૌથી પહેલા જાણકારી મળી હતી. બેંકને પોતાની થ્રેટ ઈન્ટેલિજન્સ સેવા પ્રદાતા, રક્ષાસાયબર એજન્સીની સાથે-સાથે સીઈઆરટી-ઈન (CERT-In) પાસેથી આ સંબંધમાં ખાસ એલર્ટ મળ્યા હતા. આ એલર્ટ મળ્યા બાદ બેંકે તત્કાલ પોતાની શરૂઆતી તપાસ શરૂ કરી. પ્રાથમિક તપાસમાં બેંક ટીમે લગભગ ૩.૭૫ લાખ રેકોર્ડની તપાસ કરી. આ સઘન વિશ્લેષણમાં એક પરેશાન કરનારી વાત સામે આવી. તપાસમાં જાણવા મળ્યું કે ૩૮૭૯ ગ્રાહકોના રેકોર્ડમાં વ્યક્તિગત ઓળખ સંબંધિત જાણકારી ઉપલબ્ધ હતી. આ તે અંગત જાણકારી હોય છે, જેનાથી કોઈપણ વ્યક્તિની ઓળખ સરળતાથી ઉજાગર થઈ શકે છે.

આ સંભવિત લીક ડેટામાં ગ્રાહકોના રજીસ્ટર્ડ મોબાઈલ નંબર, જન્મતારીખ, નામ, જેન્ડર, ઈમેલ આઈડીથી લઈને તેના ઘરનું સરનામું પણ સામેલ છે.

# બાંગ્લાદેશમાં ઓરીનો પ્રકોપ: અત્યાર સુધીમાં ૧,૧૪૭ લોકોના મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૨૧
બાંગ્લાદેશમાં ઓરીનો પ્રકોપ સતત વધી રહ્યો છે, જેના કારણે અત્યાર સુધીમાં 1,147 લોકોના મોત નીપજ્યા છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના ડેટા અનુસાર, માર્ચ 2026 થી 9 ઓક્ટોબર 2026 વચ્ચે બાંગ્લાદેશમાં ઓરીના 2,02,000 શંકાસ્પદ કેસ નોંધાયા છે, જેમાંથી 22,000 કેસની પુષ્ટિ લેબ ટેસ્ટિંગ દ્વારા થઈ છે. મૃત્યુ પામેલા લોકોમાંથી 94 ટકા પાંચ વર્ષથી ઓછી વયના બાળકો હતા. આ સ્થિતિને પહોંચી વળવા માટે આરોગ્ય અધિકારીઓએ UNICEF અને WHO સાથે મળીને બાળકો માટે મોટા પાયે ઈમરજન્સી વેક્સિનેશન કેમ્પેઈન શરૂ કર્યું છે.WHOના જણાવ્યા મુજબ, આ રોગચાળાને રોકવા માટે 95 ટકા વેક્સિનેશન કવરેજ હોવું જરૂરી છે. જોકે, 2025 માં રાજકીય અસ્થિરતા અને વહીવટી અવરોધોના કારણે બાંગ્લાદેશમાં રસીકરણ કવરેજમાં નોંધપાત્ર ઘટાડો થયો હતો. WHO ના રસી સલાહકાર પ્રોફેસર માર્ક જીતે ચેતવણી આપી છે કે, આ સ્થિતિ માત્ર એક દેશ પૂરતી મર્યાદિત નથી, પરંતુ નબળી આરોગ્ય પ્રણાલી ધરાવતા તમામ દેશો માટે મોટો ખતરો છે.આ પરિસ્થિતિ માત્ર બાંગ્લાદેશ પૂરતી સીમિત નથી. સંયુક્ત રાજ્ય અમેરિકામાં પણ 2026 માં ઓરીના કેસો પાછલા ત્રણ દાયકાના ઉચ્ચતમ સ્તરે પહોંચી ગયા છે. ઓક્ટોબર 2026 સુધીના ડેટા મુજબ, યુએસએમાં ઓરીના 4,410 થી વધુ કેસોની પુષ્ટિ થઈ છે. સૌથી વધુ પ્રકોપ પેન્સિલવેનિયા રાજ્યમાં જોવા મળ્યો છે, જ્યાં 1,200 થી વધુ કેસો સામે આવ્યા છે. ચેપગ્રસ્ત લોકોમાંથી અંદાજે 96 ટકા એવા લોકો હતા, જેમણે MMR રસી નહોતી લીધી.

# મહિલા ટી૨૦ વર્લ્ડ કપના શેડ્યૂલનું એલાન

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૨૧ : અંડર-૧૯ મહિલા ટી૨૦ વર્લ્ડ કપની ત્રીજી આવૃત્તિ આવતા વર્ષે ૨૧ જાન્યુઆરીથી ૬ ફેબ્રુઆરી વચ્ચે રમાશે. તેમાં કુલ ૧૬ ટીમો ભાગ લેશે. બાંગ્લાદેશ અને નેપાળ સંયુક્ત

**કુલ ૧૬ ટીમો રમશે**

રીતે યજમાની કરશે. આજે આઈસીસીએ આનું ફુલ શેડ્યૂલ જાહેર કરી દીધું છે. ટીમ ઈન્ડિયા અને પાકિસ્તાન અલગ-અલગ ગ્રુપમાં છે.

ભારતીય અંડર-૧૯ મહિલા ટીમ પોતાના ખિતાબને બચાવવા ઉતરશે, જેની પ્રથમ મેચ ૨૨ જાન્યુઆરીએ વેસ્ટઈન્ડિઝ સાથે છે.

ટીમ ઈન્ડિયા ગ્રુપ એ માં સામેલ છે, જેમાં અન્ય ૩ ટીમ આયર્લેન્ડ, વેસ્ટઈન્ડિઝ અને નેપાળ છે. પાકિસ્તાન ગ્રુપ બીમાં છે, જેમાં સાઉથ આફ્રિકા, ન્યૂઝીલેન્ડ અને સામોઆ છે. ગ્રુપ સીમાં ઓસ્ટ્રેલિયા, બાંગ્લાદેશ, નાઈજીરિયા અને યુએઈ છે. ગ્રુપ ડીમાં ઈંગ્લેન્ડ, શ્રીલંકા, અમેરિકા અને સ્કોટલેન્ડ છે. ૨૧ જાન્યુઆરીએ પહેલા દિવસે ૮ ટીમો (૪ મેચ) રમશે.

૨૧ જાન્યુઆરી, ૨૦૨૭
બાંગ્લાદેશ વિરૂદ્ધ યુએઈ
ઓસ્ટ્રેલિયા વિરૂદ્ધ નાઈજીરિયા
શ્રીલંકા વિરૂદ્ધ સ્કોટલેન્ડ
ઈંગ્લેન્ડ વિરૂદ્ધ અમેરિકા

૨૨ જાન્યુઆરી
ન્યૂઝીલેન્ડ વિરૂદ્ધ સામોઆ
નેપાળ વિરૂદ્ધ આયર્લેન્ડ
સાઉથ આફ્રિકા વિરૂદ્ધ પાકિસ્તાન
ભારત વિરૂદ્ધ વેસ્ટઈન્ડિઝ

૨૩ જાન્યુઆરી
યુએઈ વિરૂદ્ધ નાઈજીરિયા
અમેરિકા વિરૂદ્ધ સ્કોટલેન્ડ
બાંગ્લાદેશ વિરૂદ્ધ ઓસ્ટ્રેલિયા
શ્રીલંકા વિરૂદ્ધ ઈંગ્લેન્ડ

૨૪ જાન્યુઆરી
નેપાળ વિરૂદ્ધ ભારત
પાકિસ્તાન વિરૂદ્ધ ન્યૂઝીલેન્ડ
આયર્લેન્ડ વિરૂદ્ધ વેસ્ટઈન્ડિઝ

૨૫ જાન્યુઆરી
ઓસ્ટ્રેલિયા વિરૂદ્ધ યુએઈ
ઈંગ્લેન્ડ વિરૂદ્ધ સ્કોટલેન્ડ
બાંગ્લાદેશ વિરૂદ્ધ નાઈજીરિયા
અમેરિકા વિરૂદ્ધ શ્રીલંકા

૨૬ જાન્યુઆરી
પાકિસ્તાન વિરૂદ્ધ સામોઆ
વેસ્ટઈન્ડિઝ વિરૂદ્ધ નેપાળ
ન્યૂઝીલેન્ડ વિરૂદ્ધ સાઉથ આફ્રિકા
ભારત વિરૂદ્ધ આયર્લેન્ડ

આઈસીસી દ્વારા જારી સ્ટેટમેન્ટમાં સીઈઓ સંજોગ ગુપ્તાએ કહ્યું, આઈસીસી અંડર-૧૯ ટી૨૦ વિશ્વ કપ મહિલા ક્રિકેટના વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

આ યુવા ખેલાડીઓને પોતાના વય જૂથમાં સૌથી ઊંચા સ્તરે રમવાની અને વૈશ્વિક મંચ પર અનુભવ મેળવવાની તક આપે છે. બાંગ્લાદેશ અને નેપાળમાં ૧૬ ટીમોને એકસાથે લાવીને, આ ટૂર્નામેન્ટ મહિલા ક્રિકેટમાં પ્રતિભાની વધતી ઊંડાણને દર્શાવશે. આ સ્થાપિત અને ઉભરતા

# ટ્રમ્પ-જિનપિંગની સંમતિ છતાં ડીપ સીક પર અમેરિકાના પ્રતિબંધથી ચીન ભડક્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૨૧
અમેરિકાની સરકારી આઈટી સિસ્ટમ માંથી ચીની એઆઇ મોડેલ 'DeepSeek' પર પ્રતિબંધ મૂકવાના નિર્ણયથી ચીન ભારે નારાજ થયું છે. ચીને અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ચીનના રાષ્ટ્ર પ્રમુખ શી જિનપિંગ વચ્ચે તાજેતરમાં બનેલી સંમતિનો હવાલો આપતા અમેરિકાને આ પ્રતિબંધને તાત્કાલિક હટાવવા માંગ કરી છે. ચીનના વાણિજ્ય મંત્રાલયે મંગળવારે આ નિર્ણય પર કડક પ્રતિક્રિયા આપતા અમેરિકાથી ભેદભાવપૂર્ણ પ્રતિબંધો દૂર કરવા અપીલ કરી છે. ચીનનું કહેવું છે

**પ્રતિબંધ બંને દેશોના ટોચના નેતાઓ વચ્ચે થયેલી મહત્ત્વપૂર્ણ સમજૂતીની ભાવનાથી વિપરીત : ચીન**

કે, આ પ્રકારના પગલાંથી સામાન્ય વ્યાપારી સહયોગ પ્રભાવિત થશે અને ચીની કંપનીઓના હિતોને નુકસાન પહોંચશે.ચીને સ્પષ્ટ કર્યું છે કે, આ પ્રતિબંધ બંને દેશોના ટોચના નેતાઓ વચ્ચે થયેલી મહત્ત્વપૂર્ણ સમજૂતીની ભાવનાથી વિપરીત છે. જ્યારે બંને દેશો પોતાના સંબંધો સુધારવા અને વ્યાપારી સહયોગ સામાન્ય બનાવવાની દિશામાં આગળ વધી રહ્યા છે,

ત્યારે આવા નિર્ણયોથી વૈશ્વિક ટેકનોલોજી બજારમાં તણાવ વધવાની શક્યતા છે.DeepSeek એ ચીનનું એક અદ્યતન AI એટલે કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ મોડેલ છે, જે હાલમાં વૈશ્વિક ટેકનોલોજી ક્ષેત્રે ખૂબ ચર્ચામાં છે. તેનો ઉપયોગ પ્રશ્નોના જવાબો મેળવવા, ડેટાનું વિશ્લેષણ કરવા અને વિવિધ ડિજિટલ કામગીરી માટે કરવામાં આવે છે.

# વિરોધ પ્રદર્શનો ભારતનો આંતરિક મામલો છે: માર્કો રૂબિયો

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૨૧
અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રૂબિયો ભારતની મુલાકાતે છે. તેમણે વિદેશ મંત્રી એસ. જયશંકર સાથે મુલાકાત કરી અને બંને દેશોના હિત સાથે જોડાયેલા મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. રૂબિયોની આ મુલાકાતને ભારત-અમેરિકાના સંબંધો મજબૂત કરવાની દિશામાં મહત્ત્વપૂર્ણ પગલું માનવામાં આવે છે. માર્કો રૂબિયોએ એક મહત્ત્વના મુદ્દે અમેરિકાનું વલણ સ્પષ્ટ કર્યું છે. તેમને પૂછવામાં આવ્યું કે ભારતમાં તાજેતરના દિવસોમાં કેટલાક વિરોધ પ્રદર્શનો થયાં છે, તો આ અંગે તેમનો શું અભિપ્રાય છે. તેના જવાબમાં રૂબિયોએ સ્પષ્ટપણે કહ્યું કે આ ભારતનો આંતરિક મામલો છે અને તેઓ તેમાં દખલ નહીં કરે.ભારતમાં થઈ રહેલા વિરોધ પ્રદર્શનો અંગે અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રૂબિયોએ કહ્યું કે આ ભારતનો



આંતરિક રાજકીય મામલો છે અને અમેરિકા તેમાં દખલ કરવા નથી માગતું. રૂબિયોએ કહ્યું કે ભારત એક લોકશાહી દેશ છે, જ્યાં ચૂંટણીઓ યોજાય છે. તેમણે સ્પષ્ટ કર્યું કે તેઓ ભારતીય રાજકારણમાં દખલ કરવા માગતા નથી. ભારતમાં ચાલી રહેલા વિરોધ પ્રદર્શનો વચ્ચે રૂબિયોની આ ટિપ્પણી સામે આવી છે. તેમણે આ મુદ્દાને ભારતનો આંતરિક મામલો ગણાવી તેમાં કોઈ પણ પ્રકારની દખલગીરીથી દૂર રહેવાના સંકેત આપ્યા હતા. ઉલ્લેખનીય છે કે NEET-UG પેપરલીક અને ત્યારબાદ જ્ઞાનેશ કુમારને હટાવવાની માગને લઈને દિલ્હીમાં વિરોધ પ્રદર્શનો થયાં હતાં.

ભારતની મુલાકાતે આવેલા અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રૂબિયોએ UNના નિષ્ણાતો પર કટાક્ષ કર્યો હતો અને ભારતની લોકશાહી વ્યવસ્થાનાં વખાણ કર્યાં હતાં. ભારતમાં ચાલી રહેલા વિરોધ પ્રદર્શનો અને તેની ટીકા કરતા UNના નિષ્ણાતો અંગે પૂછાયેલા સવાલના જવાબમાં રૂબિયોએ હસતાં-હસતાં કહ્યું કે, 'UNના નિષ્ણાતો... મારા સૌથી પ્રિય છે. UNના નિષ્ણાતો પોતે જ એક વિરોધાભાસ છે.' ભારતમાં ચાલી રહેલા આંદોલનને આંતરિક મામલો ગણાવતાં તેમણે આગળ કહ્યું કે, 'આ એક સ્થાનિક રાજકીય મામલો છે.

હું તેમના રાજકારણમાં સામેલ થવાનો નથી. અહીં લોકશાહી છે અને ચૂંટણીઓ યોજાય છે. હું તેમના આંતરિક રાજકીય મામલાઓ પર ટિપ્પણી નહીં કરું. આ રીતે જોઈએ તો અમેરિકામાં પણ દરરોજ વિરોધ પ્રદર્શનો થાય છે.

# પાકિસ્તાન પાસે પરમાણુ હથિયાર છે, અમે સંબંધ તોડી ન શકીએ :માર્કો રુબિયો

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૨૧
ભારતના ૩ દિવસના પ્રવાસે આવેલા અમેરિકી વિદેશ મંત્રી માર્કો રુબિયોએ પાકિસ્તાન સાથેના સંબંધો અંગે મહત્વનું નિવેદન આપ્યું છે. તેમણે સ્પષ્ટ કર્યું છે કે, પાકિસ્તાન પાસે પરમાણુ હથિયાર હોવાથી અને તેની ભૌગોલિક સ્થિતિને કારણે અમેરિકા તેની સાથેના રાજદ્વારી સંબંધો પૂરા કરી શકે નહીં. જોકે, તેમણે ભારતને ખાતરી આપતા જણાવ્યું હતું કે, અમેરિકા આતંકવાદ અને તેને આશરો આપનારા દેશોની સખત વિરુદ્ધ છે અને પાકિસ્તાન સાથેની વાતચીતનો ઉપયોગ ભારતની સુરક્ષા ચિંતાઓને દૂર કરવા માટે કરવામાં આવશે. માર્કો રુબિયોએ જણાવ્યું કે, 'હવે હું માત્ર એક સેનેટર નથી. વિદેશ મંત્રી તરીકે મારે સમગ્ર અમેરિકાની વિદેશ નીતિ સંભાળવાની છે. આ માટે અમારે એવા દેશો સાથે પણ સંબંધો જાળવવા પડે છે જેની સાથે અમારા ગંભીર મતભેદો હોય. પાકિસ્તાન એક એવો દેશ છે જેની પાસે પરમાણુ હથિયારો છે અને ભૌગોલિક દ્રષ્ટિએ પણ તેની સાથે સંવાદ જાળવી રાખવો અમારી જરૂરિયાત છે.' રુબિયોએ અમેરિકાના આ વલણની સરખામણી ભારતના ઈરાન સાથેના સંબંધો સાથે કરતાં કહ્યું કે, દરેક દેશે પોતાના હિતો માટે મતભેદ ધરાવતા દેશો સાથે પણ વાત કરવી પડે છે. અમેરિકી વિદેશ મંત્રીએ વધુમાં કહ્યું કે, 'અમેરિકાના પાકિસ્તાન સાથે સીધા સંપર્ક રહેવાથી ભારતની સુરક્ષા સંબંધિત સમસ્યાઓ સીધી રીતે રજૂ કરવાની તક મળે છે. અમે દુનિયામાં કોઈપણ જગ્યાએ થતા આતંકવાદની વિરુદ્ધ છીએ. જે કોઈ દેશ આતંકવાદને પ્રોત્સાહન આપે છે અમે તેનો વિરોધ કરીએ છીએ. આ વલણમાં અમેરિકા તરફથી કોઈ નરમાઈ આવી નથી. જો અમારા પાકિસ્તાન સાથે સંબંધો ચાલુ રહેશે અને અમે તેમની સાથે સીધી વાત કરી શકીશું,

તો અમે એવી સ્થિતિમાં હોઈશું કે ભારતને જે બાબતો અંગે ચિંતા છે, જેમ કે આતંકવાદ અને સરહદ પારની ઘૂસણખોરી, તેને રોકવા માટે પાકિસ્તાન પર દબાણ બનાવી શકીએ.' વિદેશ મંત્રીના આ વલણથી સ્પષ્ટ થાય છે કે, અમેરિકા એક તરફ ભારત સાથેની પોતાની વ્યૂહાત્મક ભાગીદારી મજબૂત કરી રહ્યું છે, તો બીજી તરફ પાકિસ્તાનમાં પરમાણુ સુરક્ષા અને આતંકવાદ પર નિયંત્રણ રાખવા માટે સંતુલન સાધી રહ્યું છે. રુબિયોના જણાવ્યા અનુસાર ઈસ્લામાબાદ સાથેનો અમેરિકાનો સંપર્ક માત્ર વૈશ્વિક વિદેશ નીતિની મજબૂરી છે, પાકિસ્તાનની આતંકવાદ-સમર્થક નીતિઓને કોઈ પણ પ્રકારનું સમર્થન નથી.

# હા, ભારત સાથે અમે ખૂબ નજીક છીએ :ટ્રમ્પ

(સંપૂર્ણ સમાચાર સેવા)
વોશિંગ્ટન, તા.૨૧
ભારત અને અમેરિકા વચ્ચે એક વર્ષ કરતા વધુ સમયથી ચાલી રહેલી વ્યાપાર ડીલની વાતચીત હવે અંતિમ તબક્કામાં પહોંચતી જોવા મળી રહી છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યુ કે બંને દેશ સમજુતિને અંતિમ રૂપ આપવાની નજીક છે. તો અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રૂબિયોએ આશા વ્યક્ત કરી છે કે આ સમજુતિ થોડા સપ્તાહમાં પૂર્ણ થઈ શકે છે.તેમના જણાવ્યા અનુસાર વાતચીત હવે તકનીકી બારીકિઓ પર કેન્દ્રીત છે અને સમજુતિની દરેક શરતની ભાષા પર બંને પક્ષોની સહમતિ જરૂરી છે. બંને દેશોના અધિકારીઓના તાજેતરોના નિવેદનથી લાંબા સમયથી જારી વ્યાપાર ગતિરોધ દૂર થવાની આશા વધી છે.બ્લૂમબર્ગના રિપોર્ટ



પ્રમાણે મંગળવારે વ્હાઈટ હાઉસમાં પત્રકારો સાથે વાતચીત દરમિયાન ટ્રમ્પને ભારતની સાથે વ્યાપાર સમજુતિની સંભાવનાઓ વિશે પૂછવામાં આવ્યું. તેના પર તેમણે કહ્યું 'તેઓ સમજુતિ કરવા ઈચ્છે છે. અમે સમજુતિ કરીશું, હાં, અમે નજીક છીએ.' ટ્રમ્પે તે પણ કહ્યુ કે આ સમજુતિ પહેલાની અપેક્ષામાં અલગ પ્રકારની હોઈ શકે છે. પરંતુ તેમણે તેના સ્વરૂપ કે સંભવિત ફેરફારો વિશે વિસ્તારથી જાણકારી ન આપી.ભારતમાં અમેરિકાના રાજદૂત સર્જિયો ગોરએ તાજેતરમાં નવી દિલ્હીમાં આયોજીત બ્લૂમબર્ગ ન્યૂ ઇકોનોમી ફોરમમાં કહ્યું કે સમજુતિના મહત્વના મુદ્દા પર કામ પૂર્ણ થઈ ગયું છે. તેમણે સંકેત આપ્યો કે બંને દેશ સમજુતિને અંતિમ રૂપ આપવાની ખુબ નજીક છે.ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકરે પણ વાતચીતમાં થયેલી પ્રગતિ પર સંતોષ વ્યક્ત કર્યો છે. તેમણે કહ્યુ કે બંને દેશ સમજુતિને અંતિમ રૂપ આપવાની દિશામાં આગળ વધી રહ્યાં છે.આ નિવેદનોથી સંકેત મળે છે કે બંને પક્ષ લાંબા સમયથી અટવાયેલા વ્યાપારિક મુદ્દા પર સહમતિ બનાવવા માટે સતત પ્રયાસ કરી રહ્યાં છે.

# સુદાનમાં ગૃહ યુદ્ધ ભયાનક સ્તરે

(સંપૂર્ણ સમાચાર સેવા)
અબ્યેઈ, તા.૨૧
સુદાનના વિવાદિત અબ્યેઈ વિસ્તારમાં આવેલા એક વ્યસ્ત બજારમાં સોમવારે બપોરના સમયે અચાનક ડ્રોન હુમલો થયો હતો. આ હુમલાને કારણે સમગ્ર વિસ્તારમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. ત્રણ રાજદ્વારી સૂત્રોના જણાવ્યા અનુસાર, ડ્રોન હુમલો બજારમાં આવેલા એક ઈંધણ ડેપો પર કરવામાં આવ્યો હતો, જેના કારણે મોટી હોનારત સર્જાી હતી.અબ્યેઈમાં કાર્યવાહક માહિતી મંત્રી યોહાના અકોલ નગોરે જણાવ્યું હતું કે, આ હુમલામાં માર્યા ગયેલા લોકોની સંખ્યા પહેલા 73 નોંધાઈ હતી, જે હવે વધીને 153 થઈ ગઈ છે. તેમણે કોઈપણ પુરાવા આપ્યા વિના દાવો કર્યો હતો કે આ ડ્રોન હુમલા માટે સુદાનની સેના જવાબદાર છે. જોકે, આ બાબતે જ્યારે સુદાની સશસ્ત્ર દળોના પ્રવક્તાનો સંપર્ક કરવામાં આવ્યો ત્યારે તેમણે તાત્કાલિક કોઈ પ્રતિક્રિયા આપી નહોતી.

બીજી તરફ, મીડિયા રિપોર્ટ્સ અનુસાર, મંગળવારે એક સાંસદે માહિતી આપી હતી કે વીકેન્ડ દરમિયાન પૂર્વ માલીના મેનાકા વિસ્તારમાં ISIS સાથે જોડાયેલા આતંકવાદીઓએ હુમલો કર્યો હતો. આ હુમલામાં માસૂમ બાળકો અને વૃદ્ધો સહિત 48 લોકોના મોત થયા છે. આતંકવાદી સમૂહે સામાન્ય નાગરિકોને નિશાન બનાવ્યા હતા. આતંકવાદીઓનો આરોપ હતો કે આ લોકોએ માલીની સેનાને ISISના ઠેકાણાઓ વિશે માહિતી આપી હતી, જેના આધારે સેનાએ તે આતંકી ઠેકાણાઓ પર ડ્રોન હુમલા કર્યા હતા.

# ઈટાલીમાં 'દેખાવોમાં લૂંટફાટ કરશે તો માતા-પિતા ભરશે દંડ, પાંચ વર્ષની જેલ'

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૨૧
ઈટાલીની સરકારે પ્રદર્શનો દરમિયાન થતી હિંસા અને લૂંટફાટ પર અંકુશ મેળવવા માટે સુરક્ષાને લગતા કેટલાક કડક નિર્ણયોને મંજૂરી આપી દીધી છે. તાજેતરમાં ઉત્તરી ઈટાલીના કેટલાક શહેરોમાં થયેલી હિંસા બાદ આ પગલું લેવામાં આવ્યું છે, જેમાં મિલાન જેવા મોટા શહેરો પણ સામેલ છે. અહીં યુવાનોના જૂથોએ દુકાનોના કાચ તોડીને લૂંટફાટ ચલાવી હતી અને પોલીસ પર હુમલો કર્યો હતો. આ નવા કાયદાઓ તાત્કાલિક અસરથી લાગુ કરી દેવામાં આવ્યા છે.આ નવા કાયદા હેઠળ જો કોઈ સગીર તોડફોડ કે લૂંટફાટમાં સામેલ હશે,

તો તેના માતા-પિતાને આર્થિક નુકસાનની ભરપાઈ કરવા માટે જવાબદાર ઠેરવવામાં આવશે. આ ઉપરાંત, ૧૪થી ૧૭ વર્ષની વયના એવા યુવાનો કે જેમણે કોઈ ગુનો કર્યો નથી પરંતુ તેમના તરફથી જોખમ હોવાના પુરાવા છે,

તેમને પણ પોલીસ કસ્ટડીમાં લઈ શકાશે. અગાઉ આ નિયમ માત્ર પુખ્ત વયના લોકો માટે જ લાગુ પડતો હતો. પ્રદર્શન દરમિયાન જાહેર સુરક્ષા માટે જોખમ ઊભું કરનારને ૫ વર્ષ સુધીની જેલ અને ૨૦ હજાર યુરો સુધીનો દંડ થઈ શકે છે.પીએમ જ્યોર્જિયા મેલોનીએ સોશિયલ મીડિયા પર સ્પષ્ટ કર્યું છે કે તોડફોડ અને ચોરી એ કોઈ ક્રાંતિકારી કાર્ય નથી,

પરંતુ તે એક ગંભીર અપરાધ છે. આગામી સમયમાં થનારા પ્રદર્શનોમાં હિંસાની આશંકાને ધ્યાનમાં રાખીને, સરકાર દ્વારા મિલાન શહેરમાં વર્ષ ૨૦૨૬ના અંત સુધીમાં પોલીસની સાથે ૫૦૦ સૈનિકોને તૈનાત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. સૈન્ય દ્વારા મહત્ત્વપૂર્ણ સ્થળોની સુરક્ષા અને સંવેદનશીલ વિસ્તારો પર વિશેષ નજર રાખવામાં આવશે.

## ‘ગુજરાત દીપોત્સવી અંક વિક્રમ સંવત-૨૦૮૨’નું મુખ્યમંત્રીના હસ્તે વિમોચન કરાયું



અમારા પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. ૨૧: ગુજરાતના સાહિત્ય, કલા અને સંસ્કારના વારસાને ઉજાગર કરતા ગુજરાત દીપોત્સવી અંક વિક્રમ સંવત ૨૦૮૨નું મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિમોચન કર્યુ હતું. રાજ્યના માહિતી ખાતા દ્વારા પ્રતિ વર્ષ પોતાની આગવી પરંપરા અનુસાર ‘ગુજરાત દીપોત્સવી અંક’ પ્રસિદ્ધ કરવામાં આવે છે. આ વર્ષે ગુજરાત દીપોત્સવી પ્ર ૨૦૮૨માં ગુજરાતના મુર્ધન્ય સાહિત્યકારોની સર્જનશીલ કલમે રજૂ થયેલા સાહિત્યની સૌરભથી વાચક મિત્રોનું મન પ્રફુલ્લિત બને તેવા ચિંતનાત્મક લેખો, કાવ્યો, નવલિકાઓ, વિનોદિકાઓ, નાટિકાઓ સાથેનો સાહિત્ય રસથાળ પીરસવામાં આવ્યો છે.

જેમાં ગુણવંતભાઈ શાહ, વિષ્ણુભાઈ પંડયા, ડૉ. કુમારપાળ દેસાઈ, રઘુવીરભાઈ ચૌધરી, શાહબુદ્દીન રાઠોડ, રતિલાલ બોરીસાગર, માધવ રામાનુજ, રાજેન્દ્ર શુક્લ જેવા લબ્ધ પ્રતિષ્ઠિત સાહિત્યકારોની સર્જનશીલ કલમે લખાયેલી સાહિત્યકૃતિઓ દીપોત્સવી અંકમાં પ્રસિદ્ધ કરવામાં આવી છે.આ દળદાર અંક ૨૮ અભ્યાસલેખો, ૨૮ નવલિકાઓ, ૧૬ વિનોદિકાઓ, ૯ નાટિકા અને ૮૯ જેટલી કાવ્ય રચનાઓથી સંપન્ન છે. સાથેસાથે પ્રકૃતિ, લોકજીવન અને માનવીય સંવેદનાઓને અભિવ્યક્ત કરતી ૫૨ જેટલી રંગીન તસવીરો અને મનમોહક ચિત્રો આ અંકને વધુ નયનરમ્ય બનાવે છે.

## ટોક્યોમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીનું જાપાની ઉદ્યોગોને ગુજરાતમાં રોકાણ માટે આહ્વાન

અમારા પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. ૨૧ : વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૭માં ગુજરાતમાં રોકાણ આકર્ષવા હાલમાં જાપાનની મુલાકાતે ગયેલા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના નેતૃત્વ હેઠળના ગુજરાત પ્રતિનિધિમંડળે આજે ટોક્યોમાં જાપાનના સરકારી અગ્રણીઓ અને અગ્રણી ઉદ્યોગગૃહો સાથે શ્રેણીબદ્ધ બેઠકો યોજીને ગુજરાતમાં રોકાણ માટે આહ્વાન કર્યું હતું. આ દરમિયાન ૨૦ મહત્વપૂર્ણ બેઠકો અને ૨ રાઉન્ડટેબલ સંવાદો યોજ્યા હતા. તેમજ જાપાનના વિદેશ રાજ્ય મંત્રી, ઈવાતે પ્રીફેક્ચરના ગવર્નર અને એમઈટીઆઈના ડાયરેક્ટર જનરલ સાથે ચર્ચા કરી હતી. તદુપરાંત સુઝુકી, જેરા, ટોક્યો ઈલેક્ટ્રોન, સુમિતોમો કેમિકલ, ફુરુકાવા ઈલેક્ટ્રિક, મારુબેની અને લાઈવ નેશન સહિતની કંપનીઓ સાથે બેઠકો યોજી હતી. આજના દિવસની મુખ્ય ચર્ચાઓમાં ગુજરાત-જાપાન સંબંધો, વેપાર, રોકાણ અને ક્ષમતા નિર્માણ, ઓટોમોબાઈલ ક્ષેત્રનું વિસ્તરણ, ઈલેક્ટ્રિક વાહનો અને વેન્ડર પાર્ક્સ માટે સુઝુકી સાથે ચર્ચા,



જેરા સાથે સ્વચ્છ ઊર્જા, વીજ ઉત્પાદન અને ગ્રીન ટ્રાન્ઝિશન, ટોક્યો ઈલેક્ટ્રોન સાથે સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ, ઈક્વિપમેન્ટ સપ્લાય ચેઈન અને સંભવિત રોકાણ અને લાઈવ નેશન વિશ્વની સૌથી મોટી લાઈવ એન્ટરટેઈનમેન્ટ કંપનીના પ્રતિનિધિઓ સાથે બેઠકનો સમાવેશ થાય છે. તેમણે જાપાનના વિદેશ મંત્રાલય ખાતે વિદેશ રાજ્ય મંત્રી નાકાસોને યાસુતાકા સાથે બેઠક યોજી હતી. બંને પક્ષોએ ભારત-જાપાન અને ખાસ કરીને ગુજરાત-જાપાન વચ્ચેના ઐતિહાસિક સંબંધોને વધુ મજબૂત બનાવવા તથા વ્યૂહાત્મક ભાગીદારીને આગળ વધારવા અંગે વિચારવિમર્શ કર્યો હતો. ઈવાતે પ્રીફેક્ચરના ગવર્નર તાકુયા તાસો સાથેની બેઠકમાં પ્રાદેશિક વિકાસ, ઔદ્યોગિક નીતિઓ અને પરસ્પર ક્ષમતા નિર્માણ ક્ષેત્રે સહયોગ અંગે ચર્ચા કરવામાં આવી હતી. તેમજ પાનના અર્થતંત્ર, વ્યાપાર અને ઉદ્યોગ મંત્રાલય–એમઈટીઆઈના ડાયરેક્ટર જનરલ તનાકા કાઝુશિગે સાથે દ્વિપક્ષીય વેપાર વધારવા, રોકાણને પ્રોત્સાહન આપવા અને નીતિગત સહયોગ મજબૂત કરવા અંગે ચર્ચા થઈ હતી.

નાયબ મુખ્યમંત્રીએ સુઝુકી મોટર કોર્પોરેશનના રિપ્રેઝન્ટેટિવ ડિરેક્ટર અને પ્રેસિડેન્ટ તોશિહિરો સુઝુકી સાથે બેઠક યોજી હતી. તેમાં ગુજરાતમાં ઓટોમોબાઈલ ક્ષેત્રના વિસ્તરણ, ઈલેક્ટ્રિક વ્હીકલ ઈકોસિસ્ટમ અને વેન્ડર પાર્ક્સના વિકાસ અંગે ચર્ચા કરવામાં આવી હતી. સુઝુકીના વેન્ડર્સ સાથે વિશેષ રાઉન્ડટેબલ સંવાદ પણ યોજાયો હતો. જાપાનની અગ્રણી ઊર્જા કંપની જેરાના સીઈઓ ઈઝુમી કાઈ સાથે ગુજરાતમાં સ્વચ્છ ઊર્જા, વીજ ઉત્પાદન અને ગ્રીન ટ્રાન્ઝિશન સંબંધિત સંભવિત પ્રોજેક્ટ્સ અંગે વિચારવિમર્શ કરવામાં આવ્યો હતો. ટોક્યો ઈલેક્ટ્રોન લિમિટેડના ચેરમેન તાકેશી ઓકુબો સાથે સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ, ઈક્વિપમેન્ટ સપ્લાય ચેઈન અને ગુજરાતના સેમિકન્ડક્ટર હબમાં સંભવિત રોકાણ અંગે ચર્ચા થઈ હતી. વૈશ્વિક અગ્રણી કંપનીઓ સાથેના સંવાદના ભાગરૂપે પ્રતિનિધિમંડળે વિશ્વની સૌથી મોટી લાઈવ એન્ટરટેઈનમેન્ટ કંપની લાઈવ નેશનના પ્રતિનિધિઓ સાથે પણ બેઠક યોજી હતી. તેમજ કેમિકલ્સ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, વેપાર અને ટેક્સટાઈલ ક્ષેત્રે સંવાદ કર્યો હતો.

આ ઉપરાંત પ્રતિનિધિમંડળે અન્ય અગ્રણી કંપનીઓ સાથે પણ બેઠકો યોજી હતી જેમ કે સુમિતોમો કેમિકલના પ્રેસિડેન્ટ નોબુઆકી મીતો સાથે સ્પેશિયાલિટી કેમિકલ્સ અને પેટ્રોકેમિકલ્સ ક્ષેત્રે સહયોગ, ફુરુકાવા ઈલેક્ટ્રિક સાથે ફાઈબર ઓપ્ટિક્સ, ટેલિકોમ્યુનિકેશન અને એડવાન્સ મટિરિયલ્સ આધારિત આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં સંભવિત રોકાણ, મારુબેની કોર્પોરેશન સાથે ગ્લોબલ પ્લાનિંગ એન્ડ કોઓર્ડિનેશન ડિપાર્ટમેન્ટના જનરલ મેનેજર કેન્સુકે તાત્સુકાવા સાથે વૈશ્વિક સપ્લાય ચેઈન અને ગુજરાતમાં ટ્રેડિંગ પ્રોજેક્ટ્સ અને મોરીરીન લિમિટેડ સાથે ટેક્સટાઈલ ક્ષેત્રે નવીન ટેક્નોલોજી અને ઉત્પાદન એકમોની સ્થાપનાનો સમાવેશ થાય છે. તેમજ હોન્ડા મોટર, ક્યોવા લેધર, સનરિયો, મેઈરાકુ કોર્પોરેશન, નિસ્સેઈ પ્લાસ્ટિક ઈન્ડસ્ટ્રિયલ, જેએફઈ સ્ટીલ, ઓત્સુકા ફાર્માસ્યુટિકલ્સ, એમયુએફજી બેંક અને એસએમબીસી સહિતના જૂથો સાથે પણ બેઠકો યોજી હતી.

## આજે મુખ્યમંત્રી સમક્ષ નાગરિકોની રજૂઆતો-ફરિયાદોના ઓનલાઈન નિવારણનો રાજ્ય સ્વાગત યોજાશે

અમારા પ્રતિનિધિ તરફથી,

અમદાવાદ,તા.૨૧ : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં દર મહિને યોજવામાં આવતાં રાજ્ય સ્વાગત ઓનલાઇન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ અંતર્ગત ઓક્ટોબર-૨૦૨૬નો રાજ્ય સ્વાગત આવતીકાલે ગુરૂવારે, તા.૨૨મી ઓક્ટોબરે યોજવામાં આવશે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણાથી વર્ષ ૨૦૦૩થી શરૂ થયેલા સ્વાગત ઓનલાઇન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ અન્વયે દર મહિનાના ચોથા ગુરુવારે રાજ્ય સ્વાગત યોજવામાં આવે છે.નાગરિકો આ રાજ્ય સ્વાગત કાર્યક્રમ માટેની રજૂઆતો આવતીકાલે ગુરૂવારે, તા. ૨૨મી ઓક્ટોબરના રોજ સવારે ૮-૦૦ થી ૧૧-૦૦ દરમિયાન મુખ્યમંત્રીના જનસંપર્ક એકમ, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર ખાતે રૂબરૂ આવીને કરી શકશે. મુખ્યમંત્રી ગુરૂવારે બપોર બાદ રાજ્ય સ્વાગતમાં પ્રત્યક્ષ ઉપસ્થિત રહીને નાગરિકોની આવેલી રજૂઆતો સાંભળશે.

## અમદાવાદમાં પોલીસ સંભારણા દિવસની ઉજવણી

અમારા પ્રતિનિધિ તરફથી,

અમદાવાદ,તા.૨૧ : અમદાવાદમાં ૨૧ ઓક્ટોબરના રોજ પોલીસ શહીદ સ્મૃતિ દિવસ નિમિત્તે શાહીબાગ સ્થિત પોલીસ મુખ્ય મથક ખાતે શહીદ પોલીસકર્મીઓને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિત પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારીઓ અને મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. દેશની સુરક્ષા, નાગરિકોની સલામતી અને કાયદો-વ્યવસ્થા જાળવવાની ફરજ દરમિયાન પોતાના પ્રાણનું બલિદાન આપનારા પોલીસકર્મીઓને યાદ કરી શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોલીસકર્મીઓના બલિદાનને સન્માન આપવા માટે દિલ્હીમાં પોલીસ મેમોરિયલનું નિર્માણ કરાવ્યું છે.

પોલીસ જવાનો નાગરિકોની સુરક્ષા માટે પોતાની ફરજ નિભાવતાં અનેક વખત પોતાનો જીવ ગુમાવે છે. તેમના બલિદાનને યાદ રાખવા અને નવી પેઢીને પોલીસની કામગીરી તથા તેમના યોગદાન વિશે જાણકારી મળે તે હેતુથી પોલીસ મેમોરિયલની સાથે પોલીસ મ્યુઝિયમની પણ શરૂઆત કરવામાં આવી છે.

DGP જી.એસ. મલિકે પોલીસની કામગીરી અંગે જણાવ્યું હતું કે, કેટલીક વખત લોકો સુધી પોલીસની ફરજનું મહત્ત્વ પહોંચાડવું પણ જરૂરી બને છે.

તાજેતરમાં નવરાત્રિ દરમિયાન ગરબા સહિતના કાર્યક્રમો શાંતિપૂર્ણ અને સુચારુ રીતે પૂર્ણ થયા હતા. આ ઉપરાંત ગુનાખોરીને નિયંત્રણમાં રાખવામાં પણ પોલીસને સફળતા મળી છે. આ કામગીરીનો શ્રેય તેમણે પોલીસના તમામ જવાનો અને અધિકારીઓને આપ્યો હતો.

અમદાવાદ પોલીસ કમિશનર અનુપમ સિંહ ગેહલોત દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન ફરજ બજાવતાં શહીદ થયેલા પોલીસકર્મીઓનાં નામનું સ્મરણ કરી તેમના બલિદાનને યાદ કરવામાં આવ્યું હતું. વિવિધ રાજ્યોના પોલીસ દળોમાં ફરજ દરમિયાન શહીદ થયેલા જવાનોને શ્રદ્ધાંજલિ આપીને તેમની દેશસેવા અને સમર્પણને નમન કરવામાં આવ્યું હતું.

પોલીસ શહીદ સ્મૃતિ દિવસ નિમિત્તે યોજાયેલા આ કાર્યક્રમ દ્વારા દેશની સુરક્ષા અને નાગરિકોની સલામતી માટે પોતાના પ્રાણની આહુતિ આપનારા પોલીસકર્મીઓના યોગદાનને ફરી એકવાર યાદ કરવામાં આવ્યું હતું.


**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**

જ.મ.પ.અ.નં.૨૮/૨૦૨૬

અરજદાર : ગણેશભાઈ મકનભાઈ ધોડી, ઉ.વ.૫૭, ધંધો - ખેતી
રહે. સંજાણ
તા.ઉમરગામ, જી.વલસાડ, (વ.શ્રી. ડી.એસ. ધોડી)

વિરુધ્ધ

સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી,
ગ્રામ પંચાયત કચેરી, સંજાણ
તા.ઉમરગામ, જી.વલસાડ

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **ગણેશભાઈ મકનભાઈ ધોડી** રહે. સંજાણ, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના પિતા **રણછોડબાઈ શુક્કરભાઈ ધોડીનું** મરણ તા.૧૩-૦૯-૧૯૮૩ના રોજ મોજે - સંજાણ, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના જન્મ/મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મ/મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૬/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

નં.એમએજી/મરણ/ર.જી.નં.૨૮/૨૦૨૬
કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,
તા.ઉમરગામ, જી.વલસાડ

મામલતદાર
અને
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
ઉમરગામ



**CHANGE OF NAME**

OLD NAME
MANOJKUMAR
NARANBHAI PATEL
NEW NAME
MANOJBHAI
NARANBHAI PATEL
AD.H.NO-41 , PATEL
FALIA , MARWAD, NANI
DAMAN 396210 DAMAN


## સોલાર સિસ્ટમના બેન્ચમાર્ક કોસ્ટ સામે

## સામાન્ય વીજ ગ્રાહકે ૧૦ ટકા, SC-ST કેટેગરીના વીજ ગ્રાહકે ૫ ટકા ફાળો આપવો

**ભારત સરકારની આ સબસિડી ઉપરાંત રાજ્ય સરકાર તરફથી પણ સબસિડી આપવાનો નિર્ણય**

અમારા પ્રતિનિધિ તરફથી,

અમદાવાદ,તા.૨૧ : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં મંત્રીમંડળની બેઠક યોજાઈ હતી. જેમાં, રાજ્યમાં સર્જાયેલી વીજતંગીની સ્થિતિની ચર્ચાની સાથોસાથ હવે, રાજ્યભરમાં સોલાર વીજ-વપરાશમાં વધારો કરવાનો નિર્ણય લેવાયો હતો. જેના અનુસંધાને, સોલાર રૂફટોપ સિસ્ટમ લગાવવા ઈચ્છતા નાના તથા મધ્યમ વર્ગીય, ગરીબ અને વંચિત પરિવારો માટે વધારાની સ્ટેટ સબસિડી સહાય આપવાનો નિર્ણય કરાયો હતો. આ યોજના હેઠળ ભારત સરકાર દ્વારા રહેણાંકના હેતુના વીજ ગ્રાહકોને પ્રથમ ૨ કિલોવોટની ક્ષમતા સુધીના સોલાર રૂફટોપ સ્થાપન માટે રૂ. ૩૦,૦૦૦ -તિ કિલોવોટ અને ૩ કિલોવોટની ક્ષમતા સુધી કુલ રૂ. ૭૮,૦૦૦ રકમની સહાય ચૂકવવામાં આવે છે પરંતુ હવે, સોલાર રુફટોપના સ્થાપન માટેની ભારત સરકારની આ સબસિડી ઉપરાંત રાજ્ય સરકાર તરફથી પણ સબસિડી આપવાનો નિર્ણય લેવાયો છે.

આ નિર્ણય મુજબ સોલાર સિસ્ટમના બેન્ચમાર્ક કોસ્ટ સામે સામાન્ય વીજ ગ્રાહકે માત્ર ૧૦ ટકા ફાળો જ ભોગવવાનો રહેશે. જ્યારે, અનુસૂચિત જાતિ- અનુસૂચિત જન જાતિ (SC-ST) કેટેગરીના વીજ ગ્રાહકે માત્ર ૫ ટકા ફાળો જ આપવાનો રહેશે. બાકીનો તમામ ખર્ચ કેન્દ્ર સરકારની સહાય ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા સબસિડી રૂપે ચૂકવવામાં આવશે. આ નવા નિર્ણયથી રાજ્યના ૩ લાખથી વધારે પરિવારોને સીધો લાભ થશે અને આ માટે રાજ્ય સરકાર અંદાજે રૂ. ૧૦૦૦ કરોડનો ખર્ચ કરશે. રાજ્ય સરકારે એવો દાવો કર્યો છે કે, ભ્ર્ સૂર્ય ઘર-મુફ્ત બિજલી યોજના હેઠળ સોલાર રૂફટોપ લગાવવામાં ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે છે. આ યોજના હેઠળ રાજ્યના ૮.૫ લાખથી વધુ ઘરો પર સોલાર રૂફટોપ લાગી ચૂકી છે પરંતુ હવે, રાજ્ય સરકારનો સ્પષ્ટ ધ્યેય છે કે, આ યોજનાનો લાભ વધુમાં વધુ લોકો સુધી પહોંચે અને ખાસ કરીને સામાન્ય તથા ગરીબ પરિવારોને પણ નજીવા દરે વીજળી મળી શકે તે માટે ગુજરાત સરકાર હવે કેન્દ્ર સરકારની સબસીડી ઉપરાંત વધારાની સબસીડી આપશે.


**આયુર્વેદિક વિજ્ઞાન અનુસંધાન માટેની કેન્દ્રીય પરિષદ**

ભારત સરકારના આયુષ મંત્રાલય હેઠળની એક સ્વાયત્ત સંસ્થા,
જવાહરલાલ નેહરુ ભારતીય ચિકિત્સા એવમ્ હોમિયોપેથી અનુસંધાન ભવન,
નં. ૬૧-૬૫, ઈન્સ્ટિટ્યૂશનલ એરિયા, ‘ડી’ બ્લોકની સામે, જનકપુરી, નવી દિલ્હી - ૧૧૦૦૫૮
ઈ-મેલ : dg-ccras@nic.in, વેબસાઇટ: www.ccras.nic.in, ફોન : ૦૧૧-૨૮૫૨૫૮૫૨, ફેક્સ : ૨૮૫૨૦૭૪૮

**જાહેરાત ક્રમાંક ૦૫/૨૦૨૬/પીએચ.ડી.**

**આયુર્વેદ, યોગ અને નિસર્ગોપચાર (Naturopathy) માં Ph.D. ફેલોશિપ - NET (નેશનલ એલિજિબિલિટી ટેસ્ટ) પાસ કરનાર નોન - AYUSH (નોન-મેડિકલ) ઉમેદવારો માટે ‘જુનિયર રિસર્ચ ફેલોશિપ’ (JRF).**

ભારત સરકારના AYUSH મંત્રાલય હેઠળ કાર્યરત પાંચ કેન્દ્રીય સંશોધન પરિષદો (જેમાં CCRAS અને ‘સેન્ટ્રલ કાઉન્સિલ ફોર રિસર્ચ ઈન યોગ એન્ડ નેચરોપેથી’ - CCRYN નો સમાવેશ થાય છે) વતી, ‘સેન્ટ્રલ કાઉન્સિલ ફોર રિસર્ચ ઈન આયુર્વેદિક સાયન્સીસ’ (CCRAS) દ્વારા નોન - AYUSH (નોન-મેડિકલ) ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે. જે ઉમેદવારોએ સંબંધિત નેશનલ એલિજિબિલિટી ટેસ્ટ–જેમ કે Joint CSIR-UGC LS (NET), બાયોટેકનોલોજીમાં DBT-JRF, બાયોટેકનોલોજી એલિજિબિલિટી ટેસ્ટ (BET), ICAR ની AICE-SRF (PGS), અથવા ICMR-JRF–પાસ કરી હોય અને જેઓ AYUSH ક્ષેત્ર સંબંધિત પ્રોજેક્ટ્સ પર સંશોધન કરીને પોતાની પસંદગીની યુનિવર્સિટી કે સંસ્થામાં Ph.D. પ્રોગ્રામ કરવા ઈચ્છતા હોય, તેઓ આ માટે પાત્ર છે.

રસ ધરાવતા અને પાત્ર ઉમેદવારોએ તેમની અરજીઓ માત્ર ઓનલાઈન માધ્યમથી જ સબમિટ કરવાની રહેશે. ઉમેદવારોએ CCRAS Ph.D. પોર્ટલ (https://phd.ccras.org.in/) પર નોંધણી (register) કરાવવી પડશે અને ત્યારબાદ તેમના સંબંધિત ક્ષેત્ર (આયુર્વેદ, યોગ અથવા નિસર્ગોપચાર) માટે અરજી ફોર્મ, સંશોધન પ્રસ્તાવ (research proposal) અને તમામ જરૂરી દસ્તાવેજો ઓનલાઈન સબમિટ કરવાના રહેશે.

AYUSH Ph.D. ફેલોશિપ યોજના અંગેની વિગતવાર જાહેરાત–જેમાં સંશોધન ક્ષેત્રો, આવશ્યક લાયકાત, વય મર્યાદા, ફેલોશિપની સંખ્યા, પસંદગી પ્રક્રિયા, અગ્રતા ધરાવતા ક્ષેત્રો અને સંશોધન વિષયોની માહિતી છે–તે CCRAS Ph.D. પોર્ટલ પર ઉપલબ્ધ છે.

માત્ર પસંદગી પામેલા ઉમેદવારોને જ સંબંધિત પરિષદો દ્વારા જાણ કરવામાં આવશે અને મુલાકાત (ઈન્ટરવ્યુ) માટે આમંત્રિત કરવામાં આવશે. ઉમેદવારોને સલાહ આપવામાં આવે છે કે તેઓ અપડેટ્સ માટે નિયમિતપણે ઉપરોક્ત વેબસાઈટ તપાસતા રહે. અરજી ફોર્મ સબમિટ કરવાની અંતિમ તારીખ ‘રોજગાર સમાચાર’ (Employment News) માં જાહેરાત પ્રકાશિત થયાની તારીખથી બે મહિના (૬૦ દિવસ) સુધીની રહેશે.

*વિગતવાર જાહેરાત ‘રોજગાર સમાચાર’માં ઉપલબ્ધ છે.*

વહીવટી અધિકારી (સ્થાપના)

CBC 17216/11/0014/2627



**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**

જ.મ.પ.અ.નં./૨૦૨૪

અરજદાર : ગણેશભાઈ મકનભાઈ ધોડી, ઉ.વ.૫૭, ધંધો - ખેતી
રહે. સંજાણ
તા.ઉમરગામ, જી.વલસાડ, (વ.શ્રી. ડી.એસ. ધોડી)

વિરુધ્ધ

સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી,
ગ્રામ પંચાયત કચેરી, સંજાણ
તા.ઉમરગામ, જી.વલસાડ

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **ગણેશભાઈ મકનભાઈ ધોડી** રહે. સંજાણ, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના ફુઈ **જમખુબેન શુક્કરભાઈ ધોડીનું** મરણ તા.૧૧-૦૨-૧૯૯૮ના રોજ મોજે - સંજાણ, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના જન્મ/મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મ/મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૬/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

નં.એમએજી/મરણ/ર.જી.નં./૨૦૨૬
કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,
તા.ઉમરગામ, જી.વલસાડ

મામલતદાર
અને
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
ઉમરગામ



**ટેરેસ ગળે છે ??**

વરસાદ માં ગળતા ટેરેસ તથા દિવાલમાં થી આવતા ભેજને ક્રેકફીલીંગ કરી કેમીકલ્સ વળે વોટર પ્રુફીંગ કરી આપનાર

**એડવાન્સ વોટરપ્રૂફીંગ ટ્રીટમેન્ટ**

- અંડરગ્રાઉન્ડ બેઝમેન્ટ ને સીમેન્ટીંગ એન્ડ પીયુ ગ્રાઉટીંગ કરી આપનાર
- સંડાસ, બાથરૂમ, બાલ્કનીમાં ટાઈલ્સ લગાવતા પહેલા
- સ્લોપિંગ સ્લેપમાં નળિયા નંખાવતા પહેલા
- ચાઈના ટુકડી કરાવતા પહેલા
- અંડરગ્રાઉન્ડ બેઝમેન્ટ, પાણીની ટાંકી
- ઈંટની દિવાલ, ઓપન સ્લેબ ને કેમિકલ વોટરપ્રૂફીંગ કરી આપનાર

અરવિંદ પટેલ - વલસાડ 81402 20205



**ડિસ્કાઉન્ટ ધમાકા**

તાં. 1-8-26.થિ. ચાલુ

ફેન્સી વેરાયટીનો અખુટ ખજાનો

પાર્ટી શુઝ
લોફર શુઝ
સ્પોર્ટ શુઝ

MAYUR FOOTWEAR

5% ડીસ્કાઉન્ટ
પેરાગોન, VKC, ફ્લાયપર, ઈબ્લુ ચપલ,સેન્ડલ

કેમ્પસ, લખાની, સ્પાર્ક, 10% ડીસ્કાઉન્ટ ફક્ત શુઝ પર

Paragon Bata Lakhani campus

શાકભાજી માર્કેટ, જ્યોતિ હોલ નીચે, વલસાડ. મો. 9824254361



સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ

કોઈપણ જેન્ટસ સ્પોર્ટસ શુઝ ફક્ત રૂ.300/-

દિવાળી ધમાકા

કોઈપણ જેન્ટસ સ્પોર્ટસ શુઝ ફક્ત રૂ.300/-

Rs.300/- Rs.300/- Rs.300/- Rs.300/-

દરેક બ્રાન્ડેડ કંપનીઓમાં મેળવો ધમાકેદાર ડિસ્કાઉન્ટ

પરમાર શુ કલેક્શન

કાપડીયા કોમ્પ્લેક્ષ, મ્યુનિસીપલ હાઈસ્કુલ સામે, બેચર રોડ, વલસાડ. Mo.:8690820403



દરેક બ્રાન્ડેડ કંપનીના શુટીંગ, શર્ટીંગ તથા લેટેસ્ટ ડીઝાઈનમાં ટેલરીંગ

શુટ સિવડાવો કાપડ તથા સીલાઈ સાથે રૂ.5000/-

The Complete Man Raymond, dinesh Suiting, Siyaram's, DONEAR, DIGJAM, NIRVĀN SHIRTINGS, ICON ashima LUXURY FABRICS, Kriplon

LORD'S MEN'S WEAR

એમ. જી. રોડ, વલસાડ. ફોન : ૨૪૮૧૭૬



Jai Jalaram Bapa

Septic Tank Cleaner

ખાળ કુવાની સફાઈ

खार कुवे की सफाई



TANKER CAPACITY 8000 LITER

WATER JETTING, AIR BLOWING, VACUUMING

પાણીના પ્રેશરથી હવા મારીને ટાંકી સાફ કરી આપવામાં આવશે.

આધુનીક મશિનરી થી કામ કરી આપવામાં આવશે.

Contact: 99046 44348, 98247 28200

# વાપી મહાનગર વિશેષ

સમસ્યા - સમાધાન, વેપાર-ધંધો, સમાજ, સંસ્થા, શિક્ષણ, સિદ્ધિ, સંસ્કૃતિ

● સલવાવ ● બલીઠા ● છરવાડા ● છીરી ●મોરાઈ ●કુંતા ● વટાર ● નામધા ● ચંડોર, ● કરવડ ● ચણોદ

## વાપીમાં હંગામી ફટાકડા બજાર ઊભું કરવાની તૈયારીઓ શરૂ

**વાપી કુમાર શાળાના મેદાનમાં ૨૩ દુકાનો અને જીઆઈડીસીના રામલીલા મેદાનમાં ૬૦ દુકાનો ને મંજૂરી; રહેણાક વિસ્તારોમાં પરવાનગી વિના ફટાકડાના વેચાણ જોખમી બની શકે**



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૧ :** સમગ્ર રાજ્યમાં અને વલસાડ જિલ્લામાં દિવાળીના તહેવારને ધ્યાનમાં રાખીને હંગામી ફટાકડાનું વેચાણ માટે પરમિશન આપવામાં આવે છે જે અંતર્ગત વાપી મહાનગરપાલિકાની બાજુમાં આવેલા કુમાર શાળાના મેદાનમાં તેમજ વાપી જીઆઈડીસીના અંબે માતા મંદિરની બાજુમાં આવેલા રામલીલા મેદાનમાં હંગામી ફટાકડા બજાર શરૂ કરવાની પરમિશન દર વર્ષે આપવામાં આવે છે જે અંતર્ગત હાલમાં ફટાકડા બજાર બનાવવા માટેની તડામાર તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. વલસાડ જિલ્લા કલેક્ટર કચેરી દ્વારા જાહેર કરવામાં આવેલા જાહેરનામા અને નિયમો અનુસાર, દિવાળી નિમિત્તે આ કુમારશાળાના મેદાનમાં ૨૩ અને વાપી જીઆઈડીસીના રામલીલા મેદાનમાં ૬૦ મળી કુલ ૮૩ જેટલી દુકાનોનું હંગામી ફટાકડા બજાર ઊભું કરવા માટે સરકારી નિયમો અને ગાઈડલાઈન મુજબ મંજૂરી આપવાનું નક્કી કરવામાં આવ્યું છે.

આ ફટાકડાનાબજારમાં હંગામી પરવાનગી મેળવનારા વેપારી પોતાની દુકાન બનાવી ફટાકડાનું વેચાણ કરી શકશે. જ્યારે કાયમી ફટાકડા વેચાણનું લાયસન્સ ધરાવનાર વેપારીઓ પોતાની પરમિશન નક્કી કરેલ દુકાનમાં ફટાકડાનું વેચાણ કરશે. જ્યારે બીજી તરફ વાપીના મુખ્ય બજાર, ચલા, ડુંગરા જીઆઈડીસીના ગુંજન સહિતના વિવિધ વિસ્તારોમાં પરવાનગી વિના રહેણાક વિસ્તારોમાં ફટાકડાનું વેચાણ થતું હોવાની ચર્ચા છે. રહેણાંક વિસ્તારોમાં સુરક્ષાનાં પૂરતાં પગલાં વિના ફટાકડાનું વેચાણ કરવામાં આવે તો આગ જેવી ગંભીર દુર્ઘટના સર્જાવાની શક્યતા નકારી શકાય તેમ નથી.

જોકે, હંગામી ફટાકડા બજારમાં આ નિયમોનું કેટલા અંશે પાલન કરવામાં આવશે અને રહેણાંક વિસ્તારોમાં પરવાનગી વિના ફટાકડાનું વેચાણ કરતા વેપારીઓ સામે તંત્ર દ્વારા કેવા પગલાં લેવામાં આવશે, તેવા પ્રશ્નો હાલ ચર્ચાઈ રહ્યા છે.

## વાપીમાં દિવાળી પૂર્વે આંગડિયા પેઢી, જ્વેલર્સો, બેંક અધિકારીઓ સાથે તકેદારી અંગે બેઠક યોજાઈ

**દુકાનોની અંદર જ નહીં બહાર પણ એચડી કેમેરા ગોઠવો : એસપી**





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૨૧ :** દિવાળીના તહેવારને અનુસંધાને વલસાડ જિલ્લા પોલીસ દ્વારા મહત્વની તકેદારી મીટિંગ ડુંગરા રાજસ્થાન ભવન ખાતે યોજવામાં આવી હતી.

પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજા, IPSના અધ્યક્ષ સ્થાને યોજાયેલી આ બેઠકમાં વાપી, ભીલાડ, સરીગામ તથા ઉમરગામ વિસ્તરના આંગડિયા પેઢી, જ્વેલર્સ એસોસિએશન, બેંક તેમજ અન્ય નાણાકીય સંસ્થાઓના સંચાલકો, મેનેજરો અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

દિવાળીના સમયમાં રોકડની હેરફેર વધી જતી હોય છે, સોના-ચાંદીની ખરીદી અને આંગડિયા મારફતે મોટી રકમની લેવડ-દેવડ થતી હોય છે, ત્યારે લૂંટ, ચોરી અને છેતરપિંડી જેવા બનાવો ન બને તે માટે પોલીસે ખાસ સૂચનાઓ આપી હતી. વેપારીઓને CCTV, સિક્યુરિટી ગાર્ડ, રોકડ લઈ જતી વખતે પોલીસને જાણ કરવા અને કોઈ શંકાસ્પદ હિલચાલ જણાય તો તાત્કાલિક ૧૧૨નંબર અથવા નજીકના પોલીસ સ્ટેશનને જાણ કરવા અપીલ કરાઈ હતી.

SP જાડેજાએ જણાવ્યું હતું કે તહેવારો દરમિયાન પોલીસ દ્વારા સઘન પેટ્રોલિંગ વધારવામાં આવશે અને તમામ સંસ્થાઓની સુરક્ષા માટે પૂરતા પગલાં લેવામાં આવશે. કોઈ પણ વ્યક્તિ પોલીસની ઓળખ આપી વાહન કે ચેકીંગની વાત કરે તો સીધા પોલીસ સ્ટેશનમાં આવવા જણાવ્યું હતું. કાર્યક્રમના આરંભમાં એલસીબી પીઆઈ અર્જુન સિંહ રોઝએ સૌવને આવકારતા કાર્યક્રમની રૂપરેખા આપી આંગણિયા પેઠી, બેંકો,જ્વેલર્સ શોપ સંચાલકોને સિક્યુરિટી ગાર્ડ કે કર્મચારી રાખતા પહેલાં તેઓના બાયોડેટા રાખવા, પોલીસ સ્ટેશનમાંથી પીસીસીસી લેવા,હથિયારધારી મજબૂત બંધના ગાર્ડ રાખવા અપીલ કરી હતી.

વાપી વિભાગના નાયબ પોલીસ અધિક્ષક બીએન દવે એ જણાવ્યું હતું કે, પ્રીકોસન ઈઝ ધ બેટર ધેન ક્યોર આ કહેવત ને અનુસરી સૌએ ગુનો ન બને તેની તકેદારી રાખવાની અપીલ કરી હતી.વધુમાં તેમણે જણાવ્યું હતું કે અહીં દરેક પ્રાંતમાંથી આવી હજારો લોકો સ્થાઈ થયા છે. જેમાં ગુનેગારો પણ સામેલ હોય છે. ત્યારે સાવચેતી રાખવી જરૂરી છે. મોટાભાગની ભૂતકાળમાં થયેલી આંગણિયા પેઠી કે અન્ય લૂંટમાં અગાઉ કામ કરી ગયેલાં માણસો ગુનેગાર કે બાતમીદાર હોય છે તો એ બાબતે કાળજી લેવા જણાવ્યું હતું સાથેજ તેમણે બેંકોને તાકીદ કરી હતી કે તેઓના એટીએમ સ્ટેનેટર પર સિક્યુરિટી ગાર્ડ હોતા નથી જે બાબતને ગંભીરતાથી લેવા જણાવ્યું હતું. આ પ્રસંગે જ્વેલર્સ એસો.ના પ્રમુખ અમૃતભાઈ સોની એ વેપારીઓને ગ્રાહકોની હિલચાલ ઉપર નજર રાખવા તેમજ શોપમાં એકલાં ન રહી બે ત્રણ જણાં રહેવા જણાવ્યું હતું. બેઠકમાં આંગડિયા પેઢીના સંચાલકો, જ્વેલર્સ એસો.ના સેક્રેટરી શ્રીપાદ સોની, વેપારીઓ, બેંકના મેનેજરો તેમજ વાપી જીઆઈડીસી પીઆઈ ગોહિલ સહિત વિવિધ પોલીસ મથકના અધિકારીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યાં હતાં. કાર્યક્રમની આભાર વિધિ કરતાં વાપી ટાઉન પીઆઈ કે.બી. ઝાલાએ એસપી સાહેબ સહિત અધિકારીઓએ આપેલી સૂચનાનું ગંભીરતાથી પાલન કરવા અપીલ કરી હતી.



વાપીના એડવોકેટ રશ્મિકાબેનના નિવાસસ્થાન 'પ્રભુ ઉપવન' ખાતે બુક અનલીમીટેડ ગ્રુપના નેજા હેઠળ "A Joint Celebration of Baul Music" કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પ્રસિદ્ધ બાઉલ કલાકાર મધુસુદન બાઉલ અને સંતન બાઉલે પોતાની સંગીતમય પ્રસ્તુતિ દ્વારા ઉપસ્થિત સૌને મંત્રમુગ્ધ કર્યા હતાં. કાર્યક્રમમાં આધ્યાત્મિકતા, પ્રેમ અને આંતરિક શાંતિનો સુંદર સંદેશ પ્રસર્યો હતો. કાર્યક્રમના આયોજન બદલ નિકુંજ શુકલ, ડો. આશાબેન ગાંધી અને હિતેનભાઈ ભટ તથા આતિથ્ય બદલ એડવોકેટ રશ્મિકાબેનનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## વાપીમાં 'વલાપ પોસ્ટ નવરાત્રી' ગરબા ઈવેન્ટ યોજાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૦ :** નવરાત્રી પર્વ પૂર્ણ થયા બાદ પણ ગરબાનો ઉત્સાહ અને ઉમંગ જળવાઈ રહે તેવા હેતુથી વાપીમાં એક દિવસીય 'વલાપ પોસ્ટ નવરાત્રી' ગરબા ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. વાપી જીઆઈડીસી સ્થિત વીઆઈએ ગ્રાઉન્ડ ખાતે ગુરુવાર તા.૨૨ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ રાત્રે ૯:૩૦ કલાકે આ ગરબા ઈવેન્ટ યોજાશે. જેમાં ગુજરાતના જાણીતા લોકગાયક રાજ ગઢવી પોતાના સુરીલા અવાજ અને લોકપ્રિય ગરબાની રમઝટથી ખેલૈયાઓને ઝૂમતા કરશે. આ કાર્યક્રમના મુખ્ય આયોજક તરીકે મલય ગજેરા અને તેમની ટીમ દ્વારા તૈયારીઓ કરવામાં આવી રહી છે. નવરાત્રી પૂર્ણ થયા બાદ પણ ગરબાપ્રેમીઓ અને ખેલૈયાઓને ગરબાની મોજ માણવાની તક મળી રહે તેવા આશયથી આ વિશેષ આયોજન કરવામાં આવ્યું છે.

કાર્યક્રમમાં ભાગ લેવા ઈચ્છુક ગરબાપ્રેમીઓએ વહેલા તે પહેલાના ધોરણે પોતાના જરૂરી પાસ મેળવી લેવાના રહેશે, તેમ આયોજકો દ્વારા જણાવાયું છે. વાપીમાં યોજાનારી આ એક દિવસીય પોસ્ટ નવરાત્રી ઈવેન્ટમાં જાણીતા ગાયક રાજ ગઢવી મુખ્ય આકર્ષણ બની રહેશે. તેમના આગમનને લઈને ગરબાના શોખીનો અને ખેલૈયાઓમાં અત્યારથી જ ભારે ઉત્સાહ અને ઉમંગ જોવા મળી રહ્યો છે. ગરબાપ્રેમીઓ માટે આ કાર્યક્રમ સંગીત, લોકસંસ્કૃતિ અને ગરબાની મસ્તી માણવાનો વિશેષ અવસર બની રહેશે.

## વાપી પંથકમાં કુમારિકા પૂજન સાથે નવરાત્રી પર્વ સંપન્ન





**નવરાત્રિના નવ દિવસ સુધી ઘરમાં ગરબી સ્થાપી માતાજીની આરાધના કર્યા બાદ ગરબીઓનું જળમાં વિસર્જન કરાયું**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૧ :** વાપી પંથકમાં નવરાત્રી પર્વ દરમિયાન અનેક મહિલાઓએ પોતાના ઘરમાં ગરબીની સ્થાપના કરી સતત નવ દિવસ સુધી માતાજીની પૂજા-અર્ચના કરી હતી. નવરાત્રીના પવિત્ર દિવસોમાં મહિલાઓએ શ્રદ્ધા અને ભક્તિભાવ સાથે માતાજીની આરાધના કરી સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી. નવરાત્રીના અષ્ટમી પર્વ નિમિત્તે કેટલીક મહિલાઓએ પોતાના ઘરે વિશેષ ધાર્મિક વિધિઓનું આયોજન કર્યું હતું. આ પ્રસંગે ૭, ૯ અથવા ૧૧ કુમારિકાઓને આમંત્રિત કરી તેમનું પૂજન કરવામાં આવ્યું હતું. સાથે એક બાળ કિશોરનું પણ પૂજન કરી ધાર્મિક પરંપરા નિભાવવામાં આવી હતી. પૂજન બાદ કુમારિકાઓ અને બાળકને પ્રસાદરૂપે ભોજન કરાવી ભેટ-સોગાદ આપીને અષ્ટમી પર્વની ઉજવણી કરવામાં આવી હતી.

બીજી તરફ નવ દિવસ સુધી ઘરમાં સ્થાપિત કરવામાં આવેલી ગરબીઓનું આજે પવિત્ર જળમાં વિસર્જન કરવામાં આવ્યું હતું.

**મનપા દ્વારા સરકારી યોજનાઓ થકી ગરીબ-મધ્યમવર્ગને આવાસ તેમજ રોજગારની તક લાભદાઈ નીવડી રહી છે**

## વાપીમાં PMAY (શહેરી) ૨.૦ હેઠળ ૧૦૩૬ ઘર મંજૂર

**૧૧ ગામો અને શહેરમાં અત્યાર સુધીમાં ૪૩૪ આવાસનું કામ પ્રગતિમાં છે : પીએમ સ્વનિધિ યોજના હેઠળ શહેરી ફેરિયાઓને રૂા. ૧૫ હજારથી ૫૦ હજાર સુધીની ત્રણ તબક્કામાં લોન પણ મળી રહી છે જેમાં ૨૭૭ ફેરિયાઓની લોન મંજૂર કરાઈ છે**



(મુકુંદ સોની દ્વારા)

**વાપી, તા. ૨૧ :** ઘરનું ઘર સ્વપ્ન સાકાર કરવા માટે કેન્દ્ર સરકારની પ્રધાનમંત્રી આવાસ યોજના ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારો માટે આશીર્વાદરૂપ બની છે. આ યોજના હેઠળ લાભાર્થીને પોતાની માલિકીની જમીન પર ઓછામા ઓછુ ૩૫૦ સ્ક્વેર ફુટનું પાકું મકાન બાંધવા માટે સરકાર દ્વારા ૪ લાખ રૂપિયાની સહાય આપવામાં આવે છે. આ યોજનાનો લાભ લેવા માટે લાભાર્થી પાસે પોતાની જમીન હોવી ફરજિયાત છે અને તેના નામે અન્ય કોઈ પાકું મકાન ન હોવું જોઈએ. જેને લઈ અત્યાર સુધીમાં આ યોજના હેઠળ વાપી શહેર તેમજ મહાનગર પાલિકામાં ભળેલા ૧૧ ગામો જેમાં નામધા, ચંડોર, કુંતા, વટાર, મોરાઈ, બલીઠા, સલવાવ, છીરી, છરવાડા, ચણોદ, ડુંગરા, કરવડમાં અત્યાર સુધીમાં ૧૦૩૬ આવાસ મંજૂર થઈ ગઈ ગયા છે જે પૈકી ૪૩૪ આવાસનું કામ પ્રગતિમાં છે.

વાપી મહાનગરપાલિકાના એફોર્ડેબલ હાઉસિંગ વિભાગ દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬માં આ યોજનાને લઈને મોટી કામગીરી કરવામાં આવી છે. વિભાગ દ્વારા વાપી મહાનગરપાલિકા વિસ્તારના વિવિધ ગામોમાં સર્વે કરી અંતર્ગત પાત્રતા ધરાવતા લાભાર્થીઓની યાદી તૈયાર કરવામાં આવી હતી. આ સર્વેના આધારે ડિટેલ પ્રોજેક્ટ રિપોર્ટ ૧૧ થકી કુલ ૧૦૩૬ આવાસો સરકાર દ્વારા મંજૂર કરવામાં આવ્યા છે. આ પૈકી ૪૩૪ આવાસોનું બાંધકામ હાલ વિવિધ સ્ટેજ પર કાર્યરત છે. જ્યારે બાકીના આવાસોની કામગીરી પણ ઝડપથી શરૂ થશે. મંજૂર થયેલા આવાસોની વિગત જોઈએ તો ડિટેલપ્રોજેક્ટ રિપોર્ટ-૧માં ૧૧૬, ૨ માં ૧૦૯, ૩ માં ૧૨૮, ૪ માં ૮૧, ૫ અને ૭ આમ માર્ચમાં કુલ ૨૧૫, ડીટેલપ્રોજેક્ટરિપોર્ટ -૬ માં ૪૪, ૮ માં ૧૦૬, ૯ માં ૧૨૯ અને ડીટેલપ્રોજેક્ટરિપોર્ટ-૧૦ માં ૧૦૮ અને ૧૧ ડિટેલપ્રોજેક્ટ રિપોટમાં ૯૪ આવાસોને મંજૂર કરવામાં આવ્યા છે. આમ કુલ ૧૦૩૬ ઘર મંજૂર થયા છે.

આ ઉપરાંત વાપી મહાનગરપાલિકા દ્વારા વધુ ૨ ડિટેલ પ્રોજેક્ટ રિપોર્ટ થકી ૨૦૦ આવાસોની મંજૂરી માટેની દરખાસ્ત ટૂંક સમયમાં સરકારમાં રજૂ કરવામાં આવશે. વાપી મહાનગરપાલિકાના નગરજનોને જણાવવાનું કે જે લોકો પાસે કોઈ પણ મિલકત નથી તથા પોતાના માલિકીની જગ્યા ઉપર કાચા ઘરમાં રહે છે તેવા લોકો આ યોજના અંતર્ગત પાકું ઘર મેળવવા માટે ચલા વાપી મહાનગરપાલિકા, ચલા પ્રથમ માળે સંપર્ક કરવા જણાવવામાં આવ્યું છે. લોકોને આ સરકારી યોજનાનો લાભ મળે તે માટે મનપાના કમિશ્નર એન.એફ. ચૌધરી, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન સતીષભાઈ પટેલ દ્વારા તમામ કોર્પોરેટરો થકી લોકો સુધી આ યોજનાની જાણકારી પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

### શેરી ફેરિયાઓ માટે પીએમ સ્વનિધિ યોજના, રૂ. ૫૦ હજાર સુધીની લોન

વાપી મહાનગરપાલિકા દ્વારા શહેર અને આસપાસના વિસ્તારમાં શેરી ફેરી કરતા ફેરિયાઓ માટે પ્રધાનમંત્રી સ્ટ્રીટ વેન્ડર્સ આત્મનિર્ભર નિધિ (PM SVANidhi) યોજના અમલમાં મૂકાઈ છે.

આ યોજનાનો લાભ શાકભાજી-ફળ, કલાત્મક-શુશોભનની વસ્તુઓ વેચનારા, ખાણીપીણી-ચાની લારીવાળા, ધોબી, વાળંદ (નાઈ), મોચીકામ તથા જીવન જરૂરિયાતની અન્ય વસ્તુઓ ફૂટપાથ કે ખુલ્લી જગ્યામાં વેચાણ કરનાર તમામ શેરી ફેરિયાઓ લઈ શકશે.

શેરી ફેરિયાઓને જામીનગીરી મુક્ત વર્કિંગ કેપિટલ લોન મળશે. ડિજિટલ ટ્રાન્ઝેક્શન પર વાર્ષિક રૂા. ૧૬૦૦ સુધી કેશબેક ઈન્સેન્ટિવ, રૂા. ૩૦ હજારની મર્યાદા સાથે ક્રેડિટ કાર્ડ અને કેન્દ્ર સરકારની કલ્યાણ યોજનાઓ સાથે જોડાણનો લાભ મળશે.

લોનના તબક્કા જોઈએ તો પ્રથમ લોન રૂા. ૧૫,૦૦૦, દ્વિતીય લોન રૂા. ૨૫,૦૦૦ અને તૃતીય લોન રૂા. ૫૦,૦૦૦. આ લોન કોલેટરલ ફ્રી રહેશે, ૭ ટકા વાર્ષિક વ્યાજ સબસિડી ત્રિમાસિક જમા થશે, પૂર્વ ચુકવણી પર કોઈ દંડ નહીં અને સીજીટીએમએસઈ દ્વારા ગેરંટી કવર મળશે.

એટલુ જ નહીં યુપીઆઈ કેશબેક પ્રોત્સાહન પણ આપવામાં આવશે જેમાં ડિજિટલ ટ્રાન્ઝેક્શન પર વાર્ષિક રૂા. ૧૨૦૦ સુધી પ્રતિ ટ્રાન્ઝેક્શન મહિને દીઠ રૂા.૧૦૦ સુધી, હોલસેલ ખરીદી પર વાર્ષિક રૂા. ૪૦૦ સુધી, મળી કુલ વાર્ષિક રૂ. ૧૬૦૦ સુધી કેશબેક મળશે. લાભ લેવા વાપી મહાનગરપાલિકાનો સંપર્ક કરવા અનુરોધ કરાયો છે. અત્યાર સુધીમાં લોનની ૨૯૭ અરજીઓ માંથી ૨૭૭ અરજી મંજૂર કરવામાં આવી છે. આ ૫૦ હજાર લોન મેળવવા અરજદાર વેન્ડરીએ રાષ્ટ્રીયકૃત બેંકમાં ખાતાની પાસ બુક, આધાર કાર્ડ, ભાડુઆત હોય તો ભાડા કરાર, લાઈટ બિલ ઝેરોક્ષ જોઈશે.

## વાપી સોનારસ સામે બેરેજ અને ઓવરબ્રિજના કામથી ટ્રાફિક જામ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૧ :** વાપીમાં સોનારસ સામે બેરેજની કામગીરી અને દોઢ અબજના ખર્ચે બની રહેલા ઓવરબ્રિજના કામના કારણે શહેરમાં ટ્રાફિકની સમસ્યા વકરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ ઈમરાન નગરથી ગાંધી સર્કલ સુધીના માર્ગની હાલત ઓવરબ્રિજના કામને કારણે અત્યંત બદતર બની ગઈ છે. ખાડા અને ધૂળના કારણે વાહનચાલકોને ભારે હાલાકી પડી રહી હતી. આ પરિસ્થિતિને ધ્યાને લઈ હાલ બંને તરફ હંગામી રોડ બનાવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. હંગામી રોડના કામ દરમિયાન સોનારસ વિસ્તારમાં ભારે ટ્રાફિક જામ સર્જાઈ રહ્યો છે. સવાર-સાંજ પીક અવર્સમાં વાહનોની લાંબી કતારો લાગી રહી છે. જોકે પ્રશાસનના સૂત્રોના જણાવ્યા અનુસાર દિવાળીના તહેવારમાં વાહનચાલકોને વધુ હાલાકી ન પડે તે માટે તાત્કાલિક ધોરણે આ કામગીરી હાથ ધરવામાં આવી છે. તહેવાર પહેલા રોડ સમારકામ પૂર્ણ કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે, જેથી ટ્રાફિક હળવો થઈ શકે.




**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**